
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું
નવેમ્બર : ૨૦૧૬ ● અંક : ૫
પાના નં. ૧ ● કુલ પેજ : ૪૮

૧૫ નવેમ્બર, ૨૦૧૬ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧૧-૨૦૧૬ કિંમત : રૂા. ૧૮/-



તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૭૦૫, સ્વાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૮૬૧૮૪, ૪૦૦૩૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



# HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

કચ્છની સંચાલિત ૮૦ પાંજરાપોળોમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારસી માલશી બેઠા-બોખા (બાલા)
કાર્યાલય શ્રી અક્ષાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦ ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી પારસી માલશી બેઠા-બોખા (બાલા)
૩૦૩ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૨૯૧ ૧૩૦૯૪

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદને તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....

### શ્રી મૂકેશભાઈ એમ. સાવલા
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai
M. : 92272 11715

SGI

Parag Kataria
M. : 99247 19527

## SWASTIK GUM INDUSTRIES (INDIA)

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

## SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

## INDOTEX PAINTS

• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

જીવદયા કરુણા અહિંસા ભુજી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(ભુજી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું | એક થી દસ વર્ષ બાળકો માટે પીંગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - ભુજી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company
www.comfortinstapower.com

DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Transformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB


## COMFORT INSTA-POWER LTD.

| Corp. & Regd. Office | Works 1 (Anjar - Kutch) | Works 2 |
|---|---|---|
| Vadodara. Mo. : 9825374323 | Mo. : 9925293489 | (Waghodia - Vadodara) |


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


# 'નવનીત'નાં
# જનરલ નૉલેજ માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો


શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોળીય, બ્રહ્માંડીય / વૈશ્વિક – તમામ વિષયો માટે 'ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે !


















NAVNEET®

દરેક બુકસેલરને ત્યાં મળે છે.

વર્ષ-૩૩ ● અંક - ૫
૧૫ નવેમ્બર, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

**તંત્રી લેખ**
- દૂધાળા પશુઓના ઘાસચારાના પ્રશ્ને કચ્છ સ્વાવલંબીત બની શકે ............ **અશોક મહેતા**....૭

**કચ્છ**
- કચ્છની વીરાંગનાઓ ........ **પારૂલ આર. પટેલ**...૯
- કચ્છના આર્થિક વિકાસમાં કચ્છની ખનિજ સંપત્તિનો ફાળો ............. **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**...૧૧
- કચ્છના ભકત કવિશ્રી ચંદુભા જાડેજા સાથેના કંટલાક સંસ્મરણો ............ **વી. જે. ઠાકર**...૧૩

**સંશોધન**
- લોકસાહિત્ય અને સિનેમા માધ્યમો વચ્ચેના સંશોધનની આવશ્યક્તા હોવાનું જરૂરી છે ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૫

**સ્વાસ્થ્ય**
- ''મારા દીકરાને ભણવાનું મન થતું નથી''– (૩) .. **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ**....૧૭

**ગુજરાતી કથાગીતો**
- જેસલ-તોરલનું સુપ્રસિદ્ધ લોકગીત : પાપ તારું પરકાશ .... **સંકલન : જીના વીરેન શેઠ**....૧૯

**ઐતિહાસિક વાર્તા શ્રેણી**
- અદશ્ય પાત્રો - ૧ : આરંભ ........ **હરેશ ધોળકિયા**...૨૩

**જાણકારી**
- માનવ શરીરની અજાયબી ........ ૨૬

**ઇતિહાસ**
- બોમ્બે સ્ટોક એક્ષચેન્જનો ઇતિહાસ ........ ૨૮

**જબાન**
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૪) ........ **તુલસીદાસ કંસારા**...૨૯

**હાસ્ય લેખ**
- શું આજે ન્યુઝપેપર નહીં આવે? ........ **ચિત્રસેન શાહ**...૩૦

**લઘુકથા**
- સ્વીકાર ........ **રમીલા મહેતા**...૩૨
- હસુબહેન ........ **ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ**...૩૨

**વિવિધતા**
- પ્રકૃતિના પલાખાં ........ **તરલાબા આર. ચૌહાણ**....૩૪
- શબ્દ શોધ : ક્રમાંક-૮૯ ........ **પ્રદીપ જોષી - આદિપુર**....૩૫
- સિનિયર સિટીઝન સ્પેશિયલ : મનમોજી ખુરશી રમત ........... **ભાવનાબેન એ. ઝવેરી**....૩૬

**કાવ્યો**
- કાવ્યો ........ ૩૮

**પ્રતિભાવ**
- પ્રતિભાવ ........ ....૩૯

**અન્ય સંસ્થાઓના સમાચાર**
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ........ ૪૦
- શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળના નૂતન વર્ષ સ્નેહ મિલનનો અહેવાલ ........ ૪૦
- બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત ગુજરાતી ગૌરવ અને ગીરનાર ઍવોર્ડ-૨૦૧૯.......... ૪૧
- ઉમા યોગ કેન્દ્ર - ભુજ ........ ૪૧

**સમાજ સમાચાર**
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ ........ ...૪૨
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વિદ્યાર્થી દત્તક યોજના ........ ૪૩
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ...૪૩
- અવસાન નોંધ ........ ...૪૪

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





## આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

# ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

**એન્જીનીયરીંગ ક્ષેત્રે**

**કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...**

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

તંત્રીલેખ

# દૂધાળા પશુઓના ઘાસચારાના પ્રશ્ને કચ્છ સ્વાવલંબીત બની શકે



અશોક મહેતા

*કચ્છમાં લાખો દૂધાળા કે અન્ય ઢોરોનો વસવાટ છે કે જેનો ખોરાક મુખ્યત્વે ખેતી આધારિત ઘાસ રહેવા પામે છે. જ્યારે કચ્છમાં ચોમાસું અનુકૂળ હોય ત્યારે શિયાળાની મોસમ સુધી કુદરતી ઘાસ મળી રહે પરંતુ ઉનાળાની સીઝન દરમિયાન ગ્રામ્ય ઢોરોને તથા પાંજરાપોળોને પશુઓ નિભાવવા કચ્છ બહારથી ઘાસ લાવવું પડે છે કે જેના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ખૂબ જ વધુ પ્રમાણમાં આવે છે. અન્ય તરફ જ્યારે દુષ્કાળ જેવી પરીસ્થિતિ હોય ત્યારે પશુઓના માલીકો તથા પાંજરાપોળોના ટ્રસ્ટીગણ ઘાસ મેળવીને ઢોરોને જીવંત રાખવાની વિટંબણામાં પડી જાય છે. તેથી અન્યત્ર વસવાટ કરતા કચ્છીઓ પાસેથી ઘાસની ટ્રકો કચ્છમાં મંગાવવાના ખર્ચને પહોંચી વળવા આજીજી કરવી પડે છે, છતાં પરીસ્થિતિ તો કાબૂ બહાર નીકળી જાય છે. પરિણામે એક તરફ જીવદયા ક્ષેત્રે અનુકૂળ પરીસ્થિતિ રહેતી નથી અને અન્ય તરફ દૂધનું ઉત્પાદન એકદમ ઘટી જાય છે. ઘાસચારાના અભાવે ભૂખમરાથી પશુઓના મૃત્યુ પણ થાય છે.*

*સરકારશ્રી આ પરીસ્થિતિથી વાકેફ છે. તેના આધારે અંદરોઅંદર ગહન ચર્ચા કરેલ છે અને આ મુશ્કેલ પરીસ્થિતિને હલ કરવા કાંઈક યોજના ઘડી કાઢેલ છે.*

*કચ્છ, એ વિસ્તારમાં ગુજરાતનો મોટામાં મોટો જિલ્લો હોવાથી અને પ્રમાણમાં માનવ વસવાટ ખૂબ જ ઓછો હોવાથી અહીં ખેતીલાયક પુષ્કળ જમીન ઉજ્જડ રહેવા પામેલ છે અને ખેતી થયા વગરની પડી રહે છે. સરકારશ્રી હસ્તક પણ લાખો હેક્ટર જમીન બિનખેડાણ પડી રહે છે. સરકારશ્રીની યોજના અનુસાર કોઈ ખમતીધર ઉદ્યોગપતિ અથવા સક્ષમ નાગરિક પોતાની ક્ષમતા પ્રમાણે આ જમીનને દત્તક લઈ, તેને નવપલ્લવિત બનાવે કે જેથી તેનો યોગ્ય ઉપયોગ થઈ શકે. આ જમીનને નવપલ્લવિત બનાવવાનો મતલબ એ થાય છે કે તેમાં ઉગી નીકળેલ ગાંડા બાવળ તેની જડ સહિત કાઢી નાંખવામાં આવે. આ બાવળોનો જે તે જમીનની ચારે બાજુ વાડ તરીકે ઉપયોગ થઈ શકે કે જેથી તેમાં નીલગાય કે અન્ય પશુઓ દાખલ થઈ નુકસાન ના કરી શકે. ત્યારબાદ આ જમીન પર પાઈપ લાઈન, જે-તે ગામની ગટરના પાણી, કૂવા કે બોરવેલ મારફત પાણીની વ્યવસ્થા કરવામાં આવે કે જે માટે આજુબાજુના ગામોની ગ્રામ પંચાયત સહકાર આપે. ત્યારબાદ આ જમીનની વાડના અંદરના ભાગે ચારે તરફ વૃક્ષારોપણ કરવામાં આવે અને અંદરની બાજુ ઘાસ ઉગાડવામાં આવે. આ પાણીથી વર્ષમાં એક વખત નહીં પરંતુ ૪-૬ વખત ઘાસ ઉગાડી શકાય. આ ઘાસનું ત્યાં સ્થાનિકે વેચાણ કરવામાં આવે કે જેની આવક થકી આ બધા ખર્ચ પાર પાડી શકાય અને ઘાસ ઉગાડનાર ગ્રામ પંચાયત અથવા જે તે ગામની પાણી મંડળી અથવા જે તે ખેડૂતની કાયમી આવક થઈ શકે.*

*આ યોજના ખૂબ જ વિશાળ છે અને કચ્છ માટે લાંબી દૃષ્ટિએ ખૂબ જ ફાયદાકારક છે. વૃક્ષારોપણ થકી એક તરફ અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરી શકાય છે અને ઘાસ થકી કચ્છનો આ મોટો પ્રશ્ન હલ થઈ શકે છે.*

*આ અંગે નખત્રાણાના નાયબ કલેક્ટરશ્રીએ પહેલ કરેલ છે. કદાચ અન્ય તાલુકાઓના નાયબ કલેક્ટરશ્રીઓએ પણ પહેલ કરેલ હશે.*

*કચ્છની સક્ષમ ગ્રામ પંચાયતો, ધરતીકંપ પછી કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓ, અન્યત્ર વસવાટ કરતા કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ, કચ્છના સક્ષમ નાગરિકો વગેરે પોતાની ક્ષમતા પ્રમાણે આ ગામોને દત્તક લઈ આ યોજનાને હાર્દિક તેમજ આર્થિક સહકાર આપે તો આ યોજના જરૂરથી લાભદાયી નીવડે અને આ ક્ષેત્રે કચ્છ સ્વાવલંબી બની શકે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

---

*અંજારની ખબર તો કર્ણને પણ હતી, છતાં વાત સંબંધ નિભાવવાની હતી.*




**sharpex**®

forest & garden solutions

# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !


**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



TRITON

ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ, અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

# કચ્છની વીરાંગનાઓ



પારુલ આર. પટેલ

કચ્છ વતન હોવાને કારણે અને ત્યાં પણ કોર્ટનું બહોળું કામ હોવાને કારણે વારંવાર જવાનું બનતું હોય છે. કેટલીક વખત કેટલાક દૃશ્યો આંખ આગળથી પસાર થાય, તેના પર નજર અવશ્ય પડે પરંતુ ઊભા રહીને તેને જોવાનો પ્રયત્ન આપણે ભાગ્યે જ કરતા હોઈએ છીએ. પરંતુ મને પુરાતત્ત્વ અને પૌરાણિક વસ્તુઓમાં ખૂબ જ રસ હોવાને કારણે કેટલીક વખત મારે મારા પરિવારના સભ્યોને પૌરાણિક વસ્તુઓ જોવા માટે ઊભા રહેવા દબાણ પણ કરવું પડે છે.

ખાસ તો જ્યારે હું માધાપર પાસેથી પસાર થતી, ત્યારે તેનો ગેટ કે જેની આગળ ગ્રેનાઇટનો એક ઓટલો બનાવેલો છે અને તેના પર કડિયા કામ કરતી સ્ત્રી - પુરુષોના સ્ટેચ્યુ તેમજ વિમાનોનાં સિમ્બોલ ધ્યાન ખેંચે તેવા છે. ભુજમાં દાખલ થતી વખતે માધાપર ગામના નાકે ઘણા બધાએ આ જોયું હશે પણ તેના વિશે કદાચ તેમને પૂરી માહિતી ન પણ હોય અને વિચાર્યું પણ ન હોય. ખૂબ જ વિશાળ અને કલાત્મક ગેટ પરના વિમાનોને ઉડતા બતાવીને એક ઐતિહાસિક પ્રમાણને દર્શાવેલ છે. કચ્છ પોતાનું વતન હોવાને નાતે થોડો ઘણો ખ્યાલ તો હતો કે ૧૯૭૧માં ભારત પાકિસ્તાન વચ્ચેના યુધ્ધ દરમિયાન પાકિસ્તાને ભારતમાં કચ્છ પર બોમ્બ ફેંકેલો અને ઍરફોર્સનો એરબેઝ તોડી નાખેલ. આપણી ઍરફોર્સને સામે વળતો જવાબ આપવા માટે એરબેઝની જરૂર પડે જ. તેના પર એટલે કે રન-વે પર લગભગ ૧૫૦થી વધુ બોમ્બ ફેંકીને રન-વે પર બે માથોડા એટલે કે ૧૫થી ૨૦ ફૂટ ઊંડા ખાડા પાડી નાંખેલ. ખૂબ જ ગંભીર પરિસ્થિતિ ઊભી થયેલ.

વિંગ કમાન્ડર વિજય કર્ણિક સાહેબે રન-વે ને રીપેર કરવા માટે કેટલાક કોન્ટ્રાક્ટર બોલાવ્યા. કોન્ટ્રાક્ટરોએ સ્થળની પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા પછી જણાવ્યું કે આવી કપરી પરિસ્થિતિમાં કામ કરવું ખૂબ જ અઘરું છે અને જે રીતે રન-વે તૂટી ગયેલ છે તે જોતાં તેને રીપેર કરવામાં ઓછામાં ઓછા છ મહિના લાગશે. વિંગ કમાન્ડર સાહેબ ખૂબ જ ચિંતિત થઈ ગયા. ત્યારબાદ વિંગ કમાન્ડર સાહેબ માધાપરના સરપંચ અને આગેવાનોને મળ્યા.

તે વખતના ઍરફોર્સ વિંગ કમાન્ડર સાહેબે ગામના સરપંચ શ્રી જાદવજી શિવજી હીરાણી તથા ઉપ સરપંચ જાદવજી વેલજી વરસાણી અને સ્થાનિક આગેવાન વી.કે. પટેલ પાસે સમગ્ર પરિસ્થિતિનો ચિતાર રજૂ કર્યો અને રાષ્ટ્રની સલામતી માટે ભુજ એરપોર્ટ હવાઈ પટ્ટી તુરંત રીપેર થાય અને ભારતીય વિમાનો તાત્કાલિક ઉપયોગ કરી શકે તે માટે મદદરૂપ થવા વિનંતી કરી.

રાષ્ટ્રસેવાના કાર્યની ગંભીરતા સમજી સ્થાનિક આગેવાનોએ મહેનત મજૂરી કરતી માધાપરની લેઉઆ પટેલ બહેનો સમક્ષ વાત મૂકી અને તાત્કાલિક હવાઇ પટ્ટી રીપેર કરવાની છે તે જણાવ્યું બીજા દિવસની સવારે માધાપરની ૧૫૦ જેટલી વીરાંગનાઓ પુરુષ વર્ગ સાથે ભુજ ઍરપોર્ટ પર પહોંચી ગઇ અને હવાઇ પટ્ટીની સાફસુફી ચાલુ કરી. પરંતુ કામ ઘણું મોટું હતું અને સમય ઓછો હોવાથી બીજા દિવસે સુખપર અને માનકુવા ગામની અન્ય બહેનો કામમાં જોડાતાં આશરે ૩૦૦ જેટલી બહેનોએ સાથે મળી ભગીરથ કાર્ય પૂરું કરવાના દ્રઢ નિર્ધાર સાથે કામ ચાલુ કર્યું. પાકિસ્તાન દ્વારા આ વિસ્તારમાં સતત બોમ્બ ફેંકવામાં આવતા હોવા છતાં અને તેના માટેની સાયરનો દ્વારા ચેતવણી મળતી હોવા છતાં આ નીડર બહેનો અને પુરુષોએ પોતાના જીવના જોખમે પણ આ કાર્ય ચાલુ રાખ્યું. રાત - દિવસ પોતાના ખર્ચે કોઈ પણ જાતના મહેનતાણાની અપેક્ષા વગર સતત કાર્ય ચાલુ રાખી બે માથોડા ઊંડા ખાડાઓને પૂરીને સતત ૭૪ કલાક કામ કરીને રન-વે ને તૈયાર કર્યો. કેટલી બધી રાષ્ટ્રભક્તિ અને શૂરવીરતા, કે સહેજ પણ ડર્યા વગર અવિરત શ્રમ દ્વારા ભારતના વિમાનોને વળતો જવાબ આપવા માટે સહયોગી થયા.

તે વખતના વડાપ્રધાન ઈંદીરા ગાંધીને આ વાતની જાણ થતાં તેમણે નાગપુરની જનસભાને સંબોધતી વખતે કચ્છની માધાપરની બહેનો અને ભાઈઓના સહયોગને બિરદાવ્યો હતો.

કચ્છ સરહદ પર યુધ્ધ પૂરું થયા પછી માધાપરના આ ભાઈઓ અને બહેનોની વીરગાથા આખા દેશમાં પ્રસરી

*સમયની સાથે દરેક વસ્તુ બદલાઈ જાય છે; સારું પણ અને ખરાબ પણ, રસ્તા પણ અને સંબંધ પણ.*

અને ગુજરાતના તત્કાલ ગવર્નર શ્રી શ્રીમન્ન નારાયણ માધાપર પધાર્યા અને ભવ્ય સમારંભ યોજ્યો. તેમાં વીરાંગના બહેનોને મળીને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા. ભારતના ઍરચીફ માર્શલ પી.સી. લાલ કચ્છ કલેક્ટર સાથે માધાપર આવ્યા અને સમારંભમાં સરપંચ શ્રી જાદવજી શિવજી હીરાણી, સ્થાનિક આગેવાન વી.કે. પટેલ તેમજ વીરાંગનાઓને બિરદાવી અને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

આ એક એવી વિરલ ઘટના બની કે આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છમાં આવી, આ રાષ્ટ્ર ભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા પ્રસંગની કાયમી યાદગીરી બની રહે તે માટે સ્મારક બનાવવાની જાહેરાત કરી અને માનવ સંશાધન મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાનીએ આ વીરાંગના બહેનોનું સન્માન કર્યું હતું અને વીરાંગના સ્મારક બનાવવા માટે સહયોગ કરવાની જાહેરાત કરી હતી.

આ રાષ્ટ્રભક્તિનું આ સ્મારક આજે માધાપરના ગેટ પર ભુજ જતાં જોઈ શકાય છે. તે વીરાંગનાઓના કાર્ય અને નીડરતાની સ્મૃતિ તરીકે આજે પણ અમર રહ્યું છે.

મેં આ કાર્યમાં સહભાગી થયેલ ભાઈ-બહેનોને માધાપરમાં મળવા માટે પ્રયત્ન કર્યો, તો માધાપરના ઓટલે બેસતા વડીલોમાંથી એવા કેટલાક જણ મને મળ્યા કે જેમણે તેમાં યોગદાન આપેલ. તેઓના મુખેથી મેં કેટલીયે સાહસપૂર્ણ વાતો સાંભળી. તે વખતનો બિહામણો માહોલ હતો અને મિલીટરીના ૧૧૦ જવાનો સતત ત્યાં હાજર રહેતા અને જેવી સાયરન વાગે કે બાજુમાં સુરક્ષા માટે બનાવવામાં આવેલ ઊંડા ખાડાઓમાં ઉતરી જવા આદેશ આપે. તે લોકોએ મને જણાવ્યું કે ફક્ત માધાપરની મહિલાઓથી ટૂંક સમયમાં કામ પૂરું થાય તેમ ન હોવાથી ત્યારબાદ તરત જ માનકુવા અને સુખપરથી પણ ઘણી મહિલાઓ આ સેવાયજ્ઞમાં જોડાયેલ અને અન્ય અનેક લોકો પણ જોડાયેલ. પછી તો બધાને ના પાડવી પડતી. લોકોમાં એટલું બધું ઝનુન હતું કે દેશ માટે કંઈ પણ કરવા તમામ લોકો તૈયાર થઈ જતા હતા. ફક્ત ત્રણ જ દિવસમાં ભુજમાં ઍરપોર્ટની હવાઈ પટ્ટી રીપેર કરીને આપણા ફાઈટરોને વિમાન ઉડાડવા માટે અને દુશ્મનોના દાંત ખાટા કરવા માટે તૈયાર કરી દીધેલ. આ કાર્ય પૂર્ણ કર્યા પછી ભુજથી સરહદ પર જવાનોને પાણી પૂરું પાડવા માટે ફક્ત ૧૫ દિવસમાં જ ખાડા ખોદી પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડીને ઉમદા કાર્યને પૂર્ણ કરેલા. આ વિગત આપનાર તે વખતે જેમણે સહયોગ આપ્યો તેવા ભાઈઓના નામ નીચે પ્રમાણે છે : બેચરભાઈ શિવજીભાઈ વોરા, અરજણભાઈ શિવજીભાઈ વોરા.

ત્યારે આ બંને ભાઈઓની ઉંમર ૨૫ અને ૨૭ વર્ષની હતી. અત્યારે તેઓ ૭૫થી વધારે ઉંમરના છે. આ ઉપરાંત : વિશ્રામભાઈ નારણભાઈ ડળાશિયા, શામજી ભીમજી વાઘડિયા, નારણ કરશન વગેરેએ પણ નાનો મોટો સહયોગ આપેલ. તે વખતે એન્જિનિયર શ્રી પી.વી. સોરઠિયા સાહેબ હતા.

મને મળેલ માહિતી પ્રમાણે ૩૦૦ બહેનોમાંથી ફક્ત એક જ બહેન હયાત છે અને તેણે પણ પોતાની ઉંમરના કારણે યાદશક્તિ ગુમાવી દીધેલ છે. આવી કચ્છની વીરાંગનાઓ અને પુરુષોએ એક યોધ્ધાની જેમ આ કાર્યમાં જોડાઈ દેશ ભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી, દેશ માટે ગૌરવરૂપ કાર્ય કરેલ છે. તેમને શત શત વંદન. ■

## કચ્છના આર્થિક વિકાસમાં કચ્છની ખનીજ સંપત્તિનો ફાળો

(અનુસંધાન : પાના નં.-૧૧ ઉપરથી ચાલુ)

આવે છે : (૧) મરીન જીપ્સમ, (૨) ઓઇલ અથવા રોક જીપ્સમ, (૩) સોલ્ટ વર્કસની બાય પ્રોડક્ટ. બાંધકામમાં સીલીંગ ડેકોરેશનમાં તે વપરાય છે. મેડિકેટેડ પ્લાસ્ટર માટે, રમકડાં બનાવવા માટે ઉપયોગી છે. રોક જીપ્સમ ભુજ તાલુકા તથા રાપર તાલુકાના વિસ્તારોમાંથી મળી આવે છે જ્યારે મરીન જીપ્સમ દરિયાની ખાડીમાંથી મોટી પાટોના સ્વરૂપમાં મળી આવે છે. જ્યારે સોલ્ટ વર્કસમાં સોલ્ટ ફાર્મિંગ કર્યા બાદ દર ત્રીજા વર્ષે અણીદાર ક્રિસ્ટલના ફોર્મમાં મળી આવે છે. સોઇલ જીપ્સમ જમીનમાં કે ટેકરાના ખોદકામ દરમિયાન ૨" કે ૬"ના પટ્ટા સ્વરૂપે મળી આવે છે.

સાદી રેતી, બ્લેક ટ્રેપ તથા સેન્ડ સ્ટોનનો ઉપયોગ બાંધકામ માટે થઈ રહ્યો છે. હાઈવે તૈયાર કરવામાં પણ આ મટીરીયલનો ઉપયોગ થાય છે. નર્મદા કેનાલના બાંધકામ માટે પણ આ મટીરીયલ ઉપયોગી બની રહ્યું છે.

કચ્છના ખનીજો ઔદ્યોગિક ક્ષેત્રે અતિ ઉપયોગી બની રહ્યા છે. પરિણામે દેશ વિદેશમાં ઉપર્યુક્ત ખનીજોની માંગ અવિરત વધતી રહી છે. આ ખનીજોનો કચ્છની આર્થિક પ્રગતિમાં મોટો ફાળો છે.

*લીમડા લેન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## સમાજને આગળ લાવવા શું કરવું જોઈએ?

કોઈએ પૂછ્યું સમાજને આગળ લાવવા શું કરવું જોઈએ?

એક વડીલે ખૂબ સરસ જવાબ આપ્યો : 'પગની જગ્યાએ હાથ ખેંચો.'

કચ્છ

# કચ્છના આર્થિક વિકાસમાં કચ્છની ખનીજ સંપત્તિનો ફાળો



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

કચ્છ પ્રદેશને ભાતીગળ ભોમકા તરીકે બિરદાવાય છે. ખાસ કારણ તો એ છે કે એક તરફ રણ, ડુંગરા અને મહેરામણનો ત્રિવેણી સંગમ, તો બીજી તરફ કચ્છની ધરતીના પેટાળમાં રહેલા વિવિધ પ્રકારના મહત્ત્વના ઉદ્યોગોને સહાયભૂત એવા ખનીજો કે જેમાં લાઈમ સ્ટોન, જીપ્સમ, બેન્ટોનાઈટ, ચાઈના ક્લે, બોક્સાઈટ, ફાયર ક્લે - બોબ ક્લે આદિ સમાવિષ્ટ છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભીષણ ભૂકંપ બાદ કચ્છના આર્થિક વિકાસને વેગ આપવા, પ્રારંભમાં પાંચ વર્ષ માટે ટેક્સ હોલી-ડે આપ્યા. પરિણામે દેશ વિદેશના સાહસિકો, ઔદ્યોગિક સાહસિકો તથા એન્ટરપ્રિન્યોરોએ આ બીડું ઝડપી લીધું. આજે તો બે દાયકા થવા આવ્યા છે ત્યારે સરકારશ્રીને કરોડો રૂપિયાની રોયલ્ટીની આવક પ્રાપ્ત થવા પામી છે.

ખાણ - ખનીજ ખાતાના અહેવાલો મુજબ ઈ.સ. ૨૦૦૧-૨૦૦૨માં તમામ ખનીજો સહિતની ૩૯૦ લીઝ હતી, જે વધીને ઈ.સ. ૨૦૧૨-૧૩માં ૧૦૬૬ જેટલી થઈ. ઈ.સ. ૨૦૦૧-૦૨માં રોયલ્ટીની આવક જે રૂા. ૧૦.૦૩ કરોડ હતી, તે વધીને ઈ.સ. ૨૦૧૨-૧૩માં ૧૭૩.૭૨ કરોડની થઈ. આમ, કચ્છમાં ઔદ્યોગિક વિકાસ હરણફાળ ભરી રહ્યો છે.

- **લાઈમ સ્ટોન :**

વત્તાઓછા પ્રમાણમાં કચ્છમાં તમામ ક્ષેત્રોમાં આ ખનીજ પ્રાપ્ત થાય છે. લખપત અને અબડાસાના વિસ્તારોમાં પ્રતિદિન હજારો ટન ખનીજ મળે છે. જે સિમેન્ટ ઉદ્યોગમાં વપરાય છે. ઉપરોક્ત વિસ્તારોમાં લગભગ ૬૦ માઈન્સ આવેલી છે. સાંઘી સિમેન્ટ, જે.પી. સિમેન્ટ, એબીજી સિમેન્ટ મોટા ગ્રાહકો છે.

- **લીગ્નાઈટ :**

કચ્છમાં લખપત તાલુકામાં આવેલ પાનન્ધ્રો, માતાના મઢ, ઉંમરસર તથા તેની આજુબાજુના વિસ્તારોમાંથી આ ખનીજ પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થઈ રહ્યું છે. એક સર્વે મુજબ કચ્છમાં ૩૨૪ મિલિયન મેટ્રિક ટનનો જથ્થો અત્રે ધરબાયેલો છે. જી.એમ.ડી.સી.ના ત્રણ લીઝ મંજૂર કરાયા છે. બોઈલરો અને ભઠ્ઠાઓમાં તેનો ઉપયોગ થાય છે.

- **બોક્સાઈટ :**

એલ્યુમિનિયમ બનાવવા માટે ઉપયોગી છે. સિમેન્ટ ઉદ્યોગને પણ ઉપયોગી છે. કચ્છમાં લગભગ ૧૧ લીઝ બોક્સાઈટના છે. બોક્સાઈટની ઉત્પાદન ક્ષમતા વધી છે. ગુજરાત સરકારે કેટલોક જથ્થો રીઝર્વ રાખેલો છે. માંડવી તાલુકામાં વાંઢ, ગોણિયાસર, સેરડી, પુનડી, નાના આસંબિયા, હમલા વગેરે સ્થળોએથી તથા મુંદ્રા તાલુકામાં તુંબડી, ફરાદી; નખત્રાણા તાલુકામાં રોહા-કોટડા, નરેડી, નાન્દ્રા લીફરી, સાણોસરામાંથી તથા અબડાસા તાલુકામાં બાલાચોંડ, મોટી વમોટી જ્યારે લખપત તાલુકામાં ડેણમા, કાણી તલાવડી, વડકોટલા, મોરચબાણ, ભુજાય, ડેડરાણીમાંથી આ બોક્સાઈટ પ્રાપ્ત થાય છે.

- **બેન્ટોનાઈટ :**

આપણે જેને મગમારી તરીકે ઓળખીએ છીએ તે ખાસ ગ્રામીણ પ્રજા કપડાં ધોવા, વાળને ધોવા વગેરે માટે તેને ઉપયોગી બનાવતી. છેલ્લા છ દાયકાથી બેન્ટોનાઈટનો ઉપયોગ ઉદ્યોગ ક્ષેત્રે થઈ રહ્યો છે. મુખ્ય યશ આશાપુરા ગ્રુપને જાય છે. બેન્ટોનાઈટ મુખ્યત્વે માંડવી તાલુકામાં હમલા, રતડિયા, કોટડી મહાદેવપુરી, નાના આસંબિયા આદિથી પ્રાપ્ત થાય છે.

કચ્છમાંથી દર વર્ષે લગભગ ૧૦થી ૧૨ લાખ ટન બેન્ટોનાઈટની નિકાસ થાય છે. બેન્ટોનાઈટનો ઉપયોગ ફાઉન્ડ્રી કાસ્ટિંગ, આયર્ન ઑર પેલેટાઈઝીંગ, જિયો સિન્થેટીક, કોસ્મેટીક વગેરેમાં થાય છે.

- **સિલીકા સેન્ડ :**

અનન્ય ગુણધર્મ ધરાવતી કચ્છની સિલીકા સેન્ડ પ્યોરીટીમાં ઉચ્ચ ગુણધર્મવાળી છે. આ સિલીકા સેન્ડ નાના દાણા સ્વરૂપે મળતાં તેને વૉશ કરી તે ગ્લાસ એન્ડ તરીકે ઉપયોગી બને છે. કચ્છમાં સિલીકા સેન્ડ ખાસ કરીને અંજાર તાલુકાના તથા ભચાઉ તાલુકાના વિસ્તારોમાંથી પ્રાપ્ત થાય છે. જેની લગભગ આઠ જેટલી લીઝ હાલે પ્રસ્તુત છે. કેમિકલ્સ પ્રોડક્ટ્સમાં પણ સિલીકા સેન્ડ ઉપયોગી છે.

- **જીપ્સમ (ચીરોડી) :**

કચ્છમાં જીપ્સમ ત્રણ પ્રકારે મળી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૦ ઉપર)


खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
Maha Masti
MICHI'S®
Pan Mahek
Pan
d Candy
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

કચ્છ

# કચ્છના ભક્ત કવિશ્રી ચંદુભા જાડેજા (મેરાઉ - માંડવી) સાથેના કેટલાક સંસ્મરણો



વી. જે. ઠાકર

આમ તો કચ્છના ભક્ત કવિ અને સંતશ્રી ચંદુભા જાડેજાની જીવન ઝરમર વરલીના પંડિત શ્રી પુરુષોત્તમ મહારાજ દ્વારા આલેખાયેલ છે અને પ્રકાશિત પણ થયેલ છે. પરંતુ ૧૯૫૧થી ૧૯૬૭ સુધીનાં કેટલાક પ્રસંગો અને વિગતો કચ્છ માંડવી મુકામે શ્રી છોટાલાલ શુક્લ સાથેના તેમના ઘનિષ્ટ સંબંધો વિકસ્યા અને તે દરમિયાન મારી બાળપણ - કિશોર અવસ્થા દરમિયાન યાદ રહી ગયેલ કેટલાક પ્રસંગો અને વિગતો અત્રે ઉજાગર કરવા પ્રયત્ન કરેલ છે.

શ્રી ચંદુભા દ્વારા તેની યુવાનીની શરૂઆતમાં મેરાઉ આસપાસના ગામોમાં ભજન કીર્તનનાં કાર્યક્રમો તેમની સાથેના સંગીત તથા ભક્તિમાં રસ ધરાવતા સમાન વિચારસરણીના યુવાનોનું એક ગ્રુપ તૈયાર થયેલ અને તે હંમેશાં શ્રી ચંદુભાના આવા નિઃસ્વાર્થ કાર્યક્રમોમાં સ્વખર્ચે હાજર રહેતું. જેમાં શ્રી ચંદ્રમોહન છાયા, બંસીલાલ છાયા (હાર્મોનિયમ માસ્ટર), શ્રી વલુસ મહારાજ (તબલા વાદક), શ્રી બાબુજી છાયા, શ્રી બાઘડલાલ જે રાજડા ડેમના ઈરીગેશન ખાતામાં ખેડૂતોને પાણી વિતરણ તથા ડેમની સુરક્ષા વગેરે સંભાળતા. અને આને કારણે રાજડા નજીક આવેલા ટેકરી પરના મહંતશ્રી મિશ્રીનાથ સાથે દરરોજ સાનિધ્યમાં રહેતા. આ રીતે શ્રી ચંદુભાનો રાજડા ટેકરીનો સંબંધ જોડાયો અને નાથબાવાશ્રી મિશ્રીનાથ સાથે આધ્યાત્મિક સંબંધ ખૂબ જ ઘનિષ્ટ બન્યો અને લોકોમાં પણ ટેકરીનું મહાત્મ્ય વધ્યું.

માંડવી ખાતે શ્રી છોટાલાલભાઈ એક નિવૃત્ત રેવન્યુ અધિકારી, પહેલેથી જ પ્રભુમય જીવન ભક્તિભાવમાં લીન હતા. સાથોસાથ તેમના ધર્મપત્ની અ.સૌ. મણિબેન પણ સાધુ સંતોની સેવા, તેમના પ્રવચનો સાંભળવા તથા ધૂન ભજનના કાર્યક્રમોમાં હાજરી આપી તથા નિરક્ષર બહેનોને મહિમ્ન તથા ગીતાનાં શ્લોકો કંઠસ્થ કરાવવા વગેરે ધાર્મિક સત્સંગ દરરોજ પોતાના ઘરે યોજતા. આવા ધાર્મિક કુટુંબ સાથે નાનપણથી મને રહેવાનો મોકો મળેલ તથા આ પ્રવૃત્તિઓમાં સામેલ થવાની પણ તક મળતી તેની મારા સંસ્મરણમાં જે કાંઈ રહ્યું તે અત્રે આલેખેલ છે.

ઈ.સ. ૧૯૫૧માં શ્રી છોટાલાલભાઈના ઘરે શ્રી ચંદ્રમોહન છાયાના પ્રયત્નથી ચંદુભાનાં ભજનનો કાર્યક્રમ યોજાયો અને અગાસી ઉપર આ ગ્રુપના સભ્યો દ્વારા લગભગ રાત્રિના ૨ વાગ્યા સુધી જુદા જુદા ભજનો, ગરબા તથા શ્રી ચંદુભાની કૃતિઓ, શ્રી ચંદુભાના કંઠે સાંભળવા મળી. આ કાર્યક્રમમાં આસપાસનાં ભક્તો તથા સામાન્ય માણસો પણ હાજર રહ્યા. કેટલાક વિદ્વાનો જેવા કે શ્રી વિઠ્ઠલજી ભટ્ટ, શ્રી મોહનલાલ વોરા, શ્રી ગુણવંતરાય ધોળકિયા તથા શ્રી સુશીલભાઈ પંડ્યા પણ આ કાર્યક્રમમાં હાજરી આપી શ્રી ચંદુભાના ભજનો તથા ગરબાથી પ્રભાવિત થયા. આ કાર્યક્રમના પ્રભાવથી શ્રી છોટાલાલ શુક્લનાં શ્રી ચંદુભા સાથેના સંબંધો ગાઢ થતા ગયા અને જ્યારે ચંદુભાને માંડવી આવવાનું થાય ત્યારે ઉતારો શ્રી છોટાલાલભાઈના ઘરે જ રહેતો અને રાત્રિ રોકાણ હોય તો રાત્રે ભજન - કીર્તન તથા નાની-નાની પ્રસંગ કથાઓ શ્રી ચંદુભા દ્વારા તેમના વિશાળ વાંચન, અનુભવ તથા તેના પર્યટન મુલાકાતોના પ્રસંગો કહેતા. આસપાસના રસ ધરાવતાં લોકોને ખબર પડે એટલે વગર આમંત્રણે હાજર થઈ જતા. આ સીલસીલાના પરિપાકરૂપે માંડવી ખાતે તથા આસપાસ મોટા પાયે હરિ કથા તથા આખ્યાનોનું આયોજન શરૂ થયું. શ્રી ચંદુભાના કંઠે આખ્યાન હરિકથા સાંભળવી, એ એક લહાવો હતો. તેઓશ્રી જલારામ, સંત દેવીદાસ, માધવદાસ, ચોખામેળા ચમાર, કબીર કમાલનાં આખ્યાનો હરિકથા રૂપે મૂળ કથામાં પોતાના સંગીતમય ભજનો તથા દુહા - ઉખાણા જોડીને જે રજૂઆત કરતા તેથી લોકો મંત્રમુગ્ધ થઈ જતા. અને તેમાં ખાસ શ્રી જલારામનું આખ્યાન ખૂબ જ લોકભોગ્ય બની ગયું. અને તેને કારણે શ્રી સંત જલારામનું મહાત્મ્ય કચ્છમાં તથા મુંબઈમાં વધારવામાં શ્રી ચંદુભાનો સિંહફાળો રહ્યો છે તેમ કહેવું ખોટું નથી. માંડવી ખાતે લુહાર ચકલા ગરબી મંડળ દ્વારા શરદ પૂનમના રોજ સંત જલારામનું આખ્યાન મોટાપાયે યોજવાનો શિરસ્તો પડી ગયેલ.

લુહાર ચકલાની પોઝીશન જોતાં આખ્યાન સ્થળની ઉત્તર બાજુ સમસ્ત મુસ્લિમ વિસ્તાર રહેણાંકનો છે. છતાં આ આખ્યાન સાંભળવા માટે હિંદુ - મુસ્લિમ પ્રજા શિસ્તબધ્ધ રીતે જમીન પર બેસી

શાંતિથી આખ્યાન સાંભળવા તત્પર રહેતી. શ્રી ચંદુભાના સુમધુર કંઠે તથા કર્ણપ્રિય સંગીત તથા સચોટ દૃષ્ટાંતો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા. શ્રી ચંદુભાના ભજનોની લોકપ્રિયતા વધતાં તેની ચોપડીઓ છપાવવાનું કામ શરૂ થયું. પ્રસાદી - ૧, પ્રસાદી - ૨ પ્રકાશિત થઈ. પછી વિતરણ વ્યવસ્થા પણ શ્રી છોટાલાલભાઈના ઘરેથી થતી. દિવસો જતાં શ્રી ચંદુભાના આધ્યાત્મિક જ્ઞાનનો વધારો થતો ગયો. તેમાં મેરાઉ તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં નવ નિયુક્ત આચાર્ય શ્રી પંડિત શોભાકાંત ઝા નું સાનિધ્ય. આ ઉપરાંત શ્રી ઓધવરામજી મહારાજ, હમલાના મહંતશ્રી, ધીણોધરના મહંતશ્રી, નારાયણ સરોવરના મહંતશ્રી મધુસુદન લાલજી, કબીર આશ્રમ ભુજના મહંતશ્રી તથા સિરોહી (રાજસ્થાન)ના સંતનો અવાર નવાર સત્સંગ મુખ્ય કારણભૂત હતા. આના પરિપાકરૂપે શ્રી ચંદુભાએ આધ્યાત્મિક વિદ્વતાયુક્ત ગ્રંથો ‘‘શ્રી આશ પ્રાગટ્ય’’ તથા ‘‘ઈશ્વર વિહારી વિલાસ’’ પ્રકાશિત કર્યા. આશાપુરા માતાના મઢના રાજા બાવા સાથે ગાઢ સંપર્ક હતો. મા આશાપુરાના ગરબા જેવા કે ‘વંદન વંદન આશાપુરા માતને’ આશાપુરાનાં મહાત્મ્યને ચાર ચાંદ લગાવ્યા. સિત્તેરના દસકામાં માંડવી ખાતે સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીનું સાનિધ્ય અને શાસ્ત્રોના અભ્યાસે શ્રી ચંદુભાને આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચાડ્યા. સિરોહીના રાજમાતા શ્રી તપ્તબા સાહેબ તથા જામનગરના મહારાણી શ્રી ગુલાબ કુંવરબા સાહેબ નવરાત્રીમાં શ્રી ચંદુભાના ગ્રુપ સાથે માઈ ભક્તિ તથા ગરબા માટે આમંત્રિત કરતા. ઈ.સ. ૧૯૬૭માં આ રીતે ગ્રુપ જામનગર આવેલ ત્યારે ચંદુભા મારી કોલેજ હોસ્ટેલમાં મારી ખબર કાઢવા એક કુટુંબના વડીલ તરીકે આવેલ. મારી આ તેમની સાથેની છેલ્લી મુલાકાત હતી. ત્યારબાદ મુંબઈ, વલસાડ, કલકત્તા વગેરે કચ્છી ભક્તો સાથે અવારનવાર મુલાકાત અને ધૂન ભજનના ભક્તિરસપ્રચૂર કાર્યક્રમો તેમના ભક્તોના ઘરે થતા. ઈ.સ. ૧૯૮૬માં મુંબઈ ખાતે તેમના કચ્છી ભક્તોના ઘેર હરિ કીર્તન કરતાં કરતાં તેમનું અવસાન થયું. શ્રી ચંદુભાનાં મોટાભાઈ સ્વ. શ્રી જીવુભાના પૌત્ર શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા મેરાઉ ખાતે રહે છે અને તેની પાસે વધુ વિગતો ઉપલબ્ધ છે. તેમનો મો. ૯૯૦૯૫ ૧૫૦૩૨ છે.

*નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક*
*૧૭, નટવર પાર્ક, સામાકાંઠા, મોરબી. મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

## ભારતમાં મોંઘામાં મોંઘી હોટેલ

ભારતમાં મોંઘામાં મોંઘી હોટેલ રાજસ્થાનની રાજધાની જયપુરમાં આવેલી છે. આ હોટેલમાં એક રાત રહેવાના રૂા. ૪૮ લાખ છે. ૨૪ કલાકના ૪૮ લાખ રૂપિયા એટલે દર કલાકના બે લાખ રૂપિયા થાય અને ૧ મિનિટના ૩૩૩૩ રૂપિયા થાય.

WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES
sofa wala The Sofaz Expert
WORLD link IT Rental & Sales
furniture mall
SUKHLAL MORBIA & FAMILY
112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 04-05-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

સંશોધન

# લોકસાહિત્ય અને સિનેમા માધ્યમો વચ્ચેના સંબંધોમાં સંશોધનની આવશ્યકતા હોવાનું જરૂરી છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, સિનેમા એક એવું વિશાળ સમૂહ માધ્યમ છે જેનાથી કોઈ પણ પેઢી બાકાત નથી. હા, સમય અને પેઢી અનુસાર તેને જોવાની સંખ્યામાં વધારો - ઘટાડો આવ્યો છે. સિનેમા, એ આમ તો જનજીવનનું પ્રતિબિંબ છે. સિનેમાને જીવનથી અલગ કરીને જોવું શક્ય જ નથી. એટલે સિનેમાની સાથે જે સંકળાયેલું છે એ બધું જ જીવન સાથે સંકળાયેલું છે. આપણા કવિગુરુ ઉમાશંકર જોશીએ એવું કહ્યું હતું કે નાટક એ બધી કલાઓનું પિયર છે. તેનું વિસ્તરણ કરીએ તો સિનેમામાં તો નાટક પણ સમાઈ જાય છે. એટલે અંશે સિનેમા પણ બધી જ કલાઓનું પિયર છે. એટલે કે ચિત્રકલા, સંગીત, નૃત્ય-નાટક, શિલ્પ-સ્થાપત્ય અને સાહિત્ય.

આમ, આ બધી કલાઓનો સરવાળો કરીએ છીએ તો તેનો જવાબ સિનેમામાં મળે છે અને તેના વગર સિનેમા કદાચ સિનેમા જ નથી હોતું. ચિત્રકલા અને ફોટોગ્રાફી, નૃત્ય અને નાટક કે પછી સાહિત્ય – એમ સિનેમામાં બધી જ કલાઓનો સમાવેશ થાય છે અને બધી કલાઓ કથનાત્મક છે. આ બધી કલાઓનો સમાવેશ સિનેમામાં થાય છે. તેથી સિનેમા પણ કથનાત્મક છે. લોકકલાનો પણ અહીં સમાવેશ થાય એ પણ કથનાત્મક છે અને લોકકલાના બધા ઘટકો જેવા કે લોકચિત્રકલા, લોકસંગીત, લોકનાટ્ય જેવી કે ભવાઇ વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે.

મશહૂર કોલમિસ્ટ અને સારા ફિલ્મોના જાણકાર અભિજિત વ્યાસ પોતાની નિયમિત કોલમ ગુજરાતી સાહિત્ય અને સિનેમામાં જણાવે છે કે આપણે ત્યાં સાહિત્ય અને સિનેમાને બહુ સ્નેહાર્દ સંબંધો નથી તેવું બહુધા હિંદી ફિલ્મોમાં જોઈએ છીએ ત્યારે લાગે છે. સાહિત્યકૃતિ પરથી ફિલ્મ સર્જવા કરતાં ફિલ્મને અનુરૂપ વાર્તા ઘડી કાઢવાની એક રસમ વર્ષોથી ચાલી આવે છે. એને પરિણામે એક નવા પ્રકારના સાહિત્યનો અને તેને સર્જનારનો વર્ગ ઊભો થયો છે. ગીતો પણ ખાસ ફિલ્મની કથાને અનુરૂપ લખાવવામાં આવે છે. પહેલા સંગીતની તરજ બાંધવામાં આવે છે, પછી તેને અનુરૂપ શબ્દો લખવામાં આવે છે અને પ્રજાના મોટા સમૂહને તે બધું ગમે છે. ગુજરાતી ફિલ્મો પણ મહદ્ અંશે આ જ રીતે સર્જાય છે. એવું નથી કે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓ પરથી ફિલ્મો નિર્માણ નથી પામતી, પણ મોટા ભાગની ફિલ્મ ઉપર કહ્યું તેવી રીતે સર્જાય છે. ગાડરિયા પ્રવાહની જેમ જે ફિલ્મને આર્થિક રીતે સફળતા મળી હોય તેના જેવી વાર્તાના આધારે બીજા બધા ફિલ્મો બનાવવા લાગે છે. પરિણામે તેમાં ગુણવત્તા નથી હોતી. આપણે ત્યાં સિનેમાની શરૂઆત થઈ ત્યારે શિક્ષણ ઓછું હતું. લોકો આ માધ્યમને કેટલું સમજશે તે પણ કેટલાયને પ્રશ્ન હતો. વળી મનોરંજનના માધ્યમો ઓછા હતા કે કેટલાક સંજોગોમાં બિલકુલ નહોતા. એ બધાના સામાજિક અને આર્થિક કારણો ઘણા હતા. એટલે સિનેમાને શરૂઆતથી જ મનોરંજનના એક માધ્યમ તરીકે જોવામાં અને રજૂ કરવામાં આવ્યું. ચાર્લી ચેપ્લિનની જે ફિલ્મ જોઇને આપણે ખડખડાટ હસીએ છીએ તે હકીકતમાં વેદનાથી ભરપૂર હોય છે. તેને સમાજની સામે, સત્તાધીશોની સામે કંઈક કહેવું છે. એટલે હાસ્યને ચેપ્લિને એક શસ્ત્ર તરીકે સિનેમામાં પ્રયોજ્યું. ચાર્લી ચેપ્લિનની 'ગોલ્ડરસ', 'સિટીલાઈટ' અને 'ધ ગ્રેટ ડિક્ટેટર' જેવી ફિલ્મો વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મો છે. આપણે ત્યાં સાહિત્યકૃતિ પરથી કેટલીક શ્રેષ્ઠ ફિલ્મો સર્જાઈ છે. સત્યજિત રાયની મોટાભાગની ફિલ્મો ઉત્તમ સાહિત્યકૃતિ પરથી સર્જાયેલી છે. દક્ષિણની ભાષાઓમાં પણ અનેક ફિલ્મો સાહિત્યકૃતિઓ પરથી સર્જાયેલી છે. હિંદીમાં પણ કેટલીક ફિલ્મોને યાદ કરીએ તો સાહબ, બીબી ઔર ગુલામ, ઉપહાર, સૂરજકા સાતવા ઘોડા, મકબુલ, ગાઇડ, આંધી, હાફ ગર્લફ્રેન્ડ, ટુ સ્ટેટ જેવી ફિલ્મો ભારતીય નવલકથા પરથી સર્જાઇ છે. તો ઓમકારા, મકબુલ, હૈદર જેવી ફિલ્મ શેક્સપિયરના નાટકો પરથી સર્જાઇ છે. અનેક ક્રાંતિકારીઓના જીવન પરથી બનેલી ફિલ્મો પણ ક્યાંક સાહિત્ય ઉપર આધારિત છે. આપણી સરકાર પણ ગુજરાતી સિનેમાને બચાવવાના ઘણીવાર સારા પ્રયાસો કરે છે, તે એક સારી બાબત છે. આપણા ગુજરાતી સિનેમામાં અનેક વખત ઉત્તમ સાહિત્ય કૃતિઓને કંડારવાના

પ્રયાસો થયા છે. આપણી ગુજરાતી કૃતિઓ પરથી હિંદીમાં પણ ફિલ્મો સર્જાઇ છે. રમણલાલ દેસાઇ, કનૈયાલાલ મુન્શી જેવાની કૃતિઓ પરથી હિંદીમાં ફિલ્મો સર્જાઇ છે. કોકીલા કે માલવપતિ મુંજના ઉદાહરણો છે. ચુનીલાલ મડિયાની વાર્તા 'અબુ મકરાણી' પરથી હિંદીમાં મિર્ચ મસાલા સર્જાઇ છે, તો મધુરાય કૃત નવલકથા 'કમ્બલ રેવન્સવુડ' પરથી સર્જાયેલી વોટ્સ યોર રાશિ જેવી મુખ્ય ધારાની ફિલ્મ પણ સર્જાઇ છે. પણ આ જ નવલકથા પરથી સર્જાયેલી કેતન મહેતાની ટી.વી. સિરીયલ 'મિસ્ટર યોગી' મનોરંજક હતી. તો મનુભાઈ પંચોળીની નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' પરથી એ જ નામની સર્જાયેલી ફિલ્મ, ચુનીલાલ મડિયાની નવલકથા 'લીલુડી ધરતી', ઇશ્વર પેટલીકરની 'જનમટીપ' અને 'લોહીનું ટીપું', શયદાની 'વણઝારા' પરથી સર્જાયેલી ફિલ્મ કરિયાવર, ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'જીગર અને અમી' અને વિનોદિની નીલકંઠની વાર્તા પરથી સર્જાયેલી ફિલ્મ 'કાશીનો દીકરો', ગોવર્ધનરામ ત્રિપાઠીની બૃહદ્ નવલકથા 'સરસ્વતીચંદ્ર' પરથી હિંદીમાં સર્જાયેલી 'સરસ્વતીચંદ્ર' તથા ગુજરાતીમાં 'ગુણસુંદરીનો ઘરસંસાર', પન્નાલાલ પટેલની નવલકથાઓ 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ' કે 'કંકુ' પણ ફિલ્મમાં રજૂઆત પામી છે. ફિલ્મ 'કંકુ'ને તો એક કલાત્મક ફિલ્મ તરીકે આંતરરાષ્ટ્રીય પારિતોષિકો મળેલા છે. પ્રસિદ્ધ વાર્તાકાર જયંત ખત્રીની વાર્તા 'ધાડ' પરથી 'ધાડ' ફિલ્મ સર્જાયેલ છે.

રાવજી પટેલનું 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' ઉપરાંત વેણીભાઈ પુરોહિત, રમેશ પારેખ જેવા કવિઓની કવિતાઓને પણ ફિલ્મોમાં રજૂ કરવામાં આવી છે. 'રામલીલા'માં ઝવેરચંદ મેઘાણી કૃત 'કરે મન મોર બની થનગનાટ કરે' પણ રજૂઆત પામ્યું છે. ગરબાઓ પણ તાજેતરમાં લોકપ્રિય બન્યા છે.

અભિજિત વ્યાસ જણાવે છે કે પહેલા ગામડું, ગરબો અને ગોકીરો એટલે ગુજરાતી ફિલ્મ. પણ હવે એવું નથી. હવેની ઢોલીવુડની ફિલ્મોમાં શહેરી રહેણીકરણી જોવા મળે છે. ઉપરાંત તાજેતરમાં ધ્રુવ ભટ્ટ લિખિત નવલકથા 'તત્ત્વમસી' પર આધારિત 'રેવા'નું સર્જન પણ થયું છે, જે કાબિલે દાદ છે. પણ તેને જોનારો વર્ગ કેટલો તે પણ એક પ્રશ્ન છે.

નવી ગુજરાતી ફિલ્મો ગુજ્જુભાઈ ધ ગ્રેટ, નટસમ્રાટ, વેન્ટીલેટર, લવની ભવાઈ, બે રાય, પછી શું?, ઢ, છેલ્લો દિવસ, રોંગ સાઇડ રાજુ વગેરે નવી ફિલ્મો કાબિલે દાદ છે અને નવી પેઢી તેને આરામથી મલ્ટીપ્લેક્સમાં માણે છે. તમામ ગુજરાતી કલાકારો અનેક સારું કામ કરી રહ્યા છે, જેમાંના અનેક હિંદી અને અંગ્રેજી ફિલ્મોમાં પણ કામ કરે છે. આમ, આજે ગુજરાતી પ્રેક્ષકો બદલાયા છે તેમ ગુજરાતી ફિલ્મો પણ બદલાઈ છે. નવી પેઢીના નવા દિગ્દર્શકો કંઈક નવું કરવા માંગે છે. નવી પેઢી શહેરમાં જ ઉછરી છે અને શિક્ષિત છે. તેમને દેશ અને દુનિયામાં આવતો બદલાવ જોવો છે. ટેલીવિઝન પરથી પ્રસારિત થતા મનોરંજનો ગમે છે. તેઓ ગુજરાતી ફિલ્મને નવી રીતે સર્જવા અને જોવા માંગે છે. એટલે ગુજરાતી ફિલ્મોમાં પણ શહેરીકરણ થયું છે. પણ આ શહેરીકરણ હિંદી અને અંગ્રેજી ફિલ્મો જોતાં પ્રેક્ષકોને કેટલું જોવું ગમે છે એ કહેવું મુશ્કેલ છે. અને આ બધામાં સાહિત્ય પર રચાયેલી ફિલ્મોને સર્જનારો અને જોનારો એક વિશિષ્ટ પ્રેક્ષક વર્ગ તૈયાર કરવો પડશે. અને તો જ ગુજરાતી સાહિત્ય પરથી વધુ ફિલ્મો સર્જાશે અને એને પ્રેક્ષકો પણ આવકારશે. આ બાબતે વધુ સંશોધન કરીને તમામ મીડિયા કર્મીઓએ આગળ આવવું પડશે. ઉપરાંત લોકસાહિત્ય અને માધ્યમ વચ્ચેના સંબંધોમાં સંશોધનની આવશ્યક્તા હોવાનું જરૂરી છે.

જ્યારે સમૂહ માધ્યમોનું અસ્તિત્વ ન હતું ત્યારે પણ લોક સંસ્કૃતિ અને લોક સાહિત્ય તો હતું જ. તેથી જ્યારે લોકોની વાત આવે ત્યારે સાહિત્ય અને સંસ્કૃતિ તેની સાથે આપોઆપ જોડાઈ જાય છે. માધ્યમોનું કાર્ય સંદેશો લોકો સુધી લઇ જવાનું છે. કવિ કાલીદાસના મેઘદૂતમાં આ કાર્ય વાદળોએ કર્યું હતું. જ્યારે આજે કલાકારો જે કંઈ પીરસે છે તેમાં પણ કોઈ સારો સંદેશો જાય છે. તેને અલગ તારવીને પત્રાકારત્વએ લોકો સુધી પહોંચાડવો જોઈએ. સમાચારમાં પણ કથાવસ્તુ અને વાર્તાવસ્તુ એક જ હોય છે. તે વસ્તુની રજૂઆત શૈલી સાહિત્ય અને પત્રકારત્વમાં અલગ અલગ છે. હવે ઈ-મીડિયાના વધતા જતા વ્યાપમાં સાહિત્યની અસર ઓછી થઈ એવું નથી. જરૂર છે તેને નવી પેઢી સુધી યોગ્ય રીતે પહોંચાડવાનું કે જે મીડિયા જ કરી શકે છે. લોક સાહિત્ય આજે પણ એટલું જ અસરકારક છે. આમ, સાહિત્ય અને સિનેમા બંને એકબીજાના પૂરક છે અને જનજીવનનું પ્રતિબિંબ છે, જે વિશાળ સમૂહ માધ્યમ પૂરું પાડે છે અને પાડી શકે છે. જેને કોઈ પણ રીતે નકારી શકાય તેમ નથી.

*સંદર્ભ સાહિત્ય : ગુજરાતી સાહિત્ય અને સિનેમા, અભિજિત વ્યાસ, ૧૩ એપ્રિલ, ૨૦૧૮. ગુજરાત ટાઇમ્સ, વિવિધ અખબારી કોલમોના લેખકોના મંતવ્યો*

*શબ્દો હંમેશાં વિચારીને વાપરવા, લોકો તમારો સ્વભાવ તમારા શબ્દોથી જ નક્કી કરે છે.*

*સંબંધો ચંદન જેવા હોવા જોઈએ; તેના ભલે ટુકડા થઈ જાય પરંતુ તેની સુગંધ ના જાય.*

સ્વાસ્થ્ય

# "મારા દીકરાને ભણવાનું મન થતું નથી" – (૩)

## (Adolescence Depressive Disease)






ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગલા લેખમાં "કિશોરાવસ્થામાં હતાશાની બીમારી" વિશેના લક્ષણો વિશે ઉંડાણમાં જાણકારી મેળવી. કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો મુખ્યત્વે : (૧) ભણતરને લગતા, (૨) શારીરિક લક્ષણો, (૩) ઊંઘમાં ખલેલ, (૪) વર્તણૂકને લગતા, (૫) મન તથા વ્યક્તિત્વને લગતા ક્ષેત્રોમાં જોવા મળે છે.

જો યોગ્ય સમયે નિદાન ન થાય તથા યોગ્ય સારવાર ન થાય તો કિશોરાવસ્થામાં હતાશાની બીમારીની નકારાત્મક અસરો કિશોરો / કિશોરીઓના ભણતર, વ્યક્તિત્વ, પરસ્પરના સંબંધો પર થાય છે. યોગ્ય નિદાન ન થાય તો કિશોર આત્મહત્યા તરફ ધકેલાય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડાઓ પ્રમાણે ઇ.સ. ૨૦૦૫થી ઇ.સ. ૨૦૧૫ના દાયકામાં કિશોરોમાં આત્મહત્યાનું પ્રમાણ ત્રણ ગણું વધી ગયું છે.

- **સારવાર :**

સતત થતા વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનોને પરિણામે અનેક રોગોની સારવારમાં નવીનતા આવી છે જેમ કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક વગેરેની સારવારમાં નવીન પદ્ધતિઓ તથા આધુનિક દવાઓ આવી છે. તદ્અનુસાર કિશોરાવસ્થામાં હતાશાની બીમારીની સારવારમાં પણ પ્રગતિશીલ નોંધપાત્ર ફેરફારો નોંધાયા છે.

નીચેની પદ્ધતિઓ દ્વારા કિશોરાવસ્થામાં હતાશાની બીમારીની આધુનિક સારવાર કરવામાં આવે છે :

(અ) હતાશા પ્રતિરોધક દવાઓ
(Antidepressant Medication)

(બ) કાઉન્સેલિંગ / મનોવિશ્લેષણ
(Counselling / Psychotherapy)

(ક) પૂરક સારવાર તથા પ્રવૃત્તિઓ
(Supplement treatment and Activities)

(ડ) માતા-પિતા તથા પરિવારજનોનો સાથ સહકાર
(Family Therapy)

સારવારમાં જરૂરત પ્રમાણે એકથી વધારે પદ્ધતિઓનો ક્રમવાર કે એક સાથે ઉપયોગ કરાય છે.

**(અ)દવાઓ દ્વારા સારવાર :**

હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medications) ગુણકારક દવાઓ છે. વિવિધ પ્રકારની હતાશા પ્રતિરોધક દવાઓ ઉપલબ્ધ છે જેવી કે
(૧) એસ.એસ.આર.આઈ. (S.S.R.I.),
(૨) એસ.એન.આર.આઈ. (S.N.R.I.), (૩) ટ્રાયસાઈક્લિક (Tricyclic), (૪) ટેટ્રાસાઈક્લિક (Tetracyclic),
(૫) એમ.એ.ઓ.આઈ. (M.A.O.I.),
(૬) એસ.પી.એ.આર.આઈ. (S.P.A.R.I.)

કિશોરાવસ્થામાં હતાશાની બીમારીમાં એસ.એસ.આર.આઈ. તથા એસ.એન.આર.આઈ. ગ્રુપની વિવિધ દવાઓ પ્રથમ વપરાય છે. જરૂરત પ્રમાણે બીજા ગ્રુપની દવાઓનો ઉપયોગ થાય છે. આ દવાઓ હતાશાની બીમારી દરમ્યાન મગજના જ્ઞાનતંતુઓમાં થયેલા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સના) ફેરફારોને નોર્મલ કરે છે. આ રસાયણોની (સીરોટોનિન, નોરએપીનેફ્રીન) માત્રા ન્યુરોનમાં નોર્મલ થતાં બીમારીના લક્ષણો કાબૂમાં આવે છે. કિશોર પૂર્વવત્ નોર્મલ થાય છે.

બજારમાં મળતી ઊંઘની દવાઓ કરતાં આ હતાશા પ્રતિરોધક દવાઓ તદ્દન જુદી જ છે. હકીકતમાં ઘણી વખત ઊંઘની દવાઓ હતાશા વધારવાનું કામ કરે છે તથા માનસિક અસ્વસ્થતા વધારે છે. હતાશા પ્રતિરોધક દવાઓ ઊંઘની દવાઓની જેમ વ્યક્તિને બંધાણી બનાવતી નથી.

હતાશા પ્રતિરોધક દવાઓ ઉત્સાહપ્રેરક કે ઉત્સાહ ઉદ્દીપક (Mood elevator) નથી. ફક્ત જ્યારે વ્યક્તિ હતાશાની બીમારીથી પીડાતી હોય ત્યારે જ આ દવાઓની અસર થાય છે. વ્યક્તિ હતાશાની બીમારીથી મુક્ત થાય છે. સામાન્ય વ્યક્તિ જે હતાશાની બીમારીથી પીડાતી નથી, એને આ દવાઓ

*મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે તો જીવનમાં પરીક્ષા આવી શકે પરંતુ પરાજય તો નહીં જ આવે.*

વધુ આનંદિત કરી શકતી નથી બલકે હતાશા પ્રતિરોધક દવાઓ નોર્મલ વ્યક્તિમાં અસર રહિત નીવડે છે.

હતાશા પ્રતિરોધક દવાઓ સલામત તથા સામાન્ય રીતે હાનિરહિત છે. સારવાર વધુ અસરકારક થાય એ માટે નીચેના સલાહ સૂચનો અમલમાં મૂકવા અગત્યનું છે.

૧. દવાઓ નિયમિત તથા યોગ્ય પ્રમાણમાં લેવી જરૂરી છે. મનોચિકિત્સકની સૂચનાઓ ધ્યાનપૂર્વક સાંભળો, સમજો તથા પાળો.

૨. દવાની અસર તરત જ થશે એવું નથી. દવાઓ લીધા પછી આશરે બે અઠવાડિયા પછી તેની અસરનો ખ્યાલ આવશે.

૩. પોતાની જાતે, પરિવારજનો કે સગાવહાલાંની સલાહથી દવાઓમાં ઘટાડો કે વધારો કરવો નહીં. દવાનું પ્રમાણ (ડોઝ) મનોચિકિત્સકને નક્કી કરવા દો.

૪. દવાની આડઅસર (જે નહિંવત છે તથા શરૂઆતમાં જ કોઈક દર્દીને થાય છે) તે દવા પર આધાર રાખે છે. તેમજ એક જ દવાની આડઅસર વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે. દર્દીને જણાતી દવાની આડઅસર હકીકતમાં બીમારીનું લક્ષણ છે કે દવાની આડઅસર છે, એ બાબત મનોચિકિત્સક જોડે નિખાલસ ચર્ચા કરો. જરૂરત પ્રમાણે મનોચિકિત્સક દવામાં યોગ્ય ફેરફારો જરૂરથી કરશે જેથી દવાની યોગ્ય અસર થઈ દર્દી જલ્દી નોર્મલ થાય.

૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે કોર્સ પૂરો કરવો જરૂરી છે. અધવચ્ચેથી પોતાની મરજીથી દવા છોડવી નહીં. આને લીધે બીમારીનો ઉથલો થવાના સંજોગો વધી જાય છે. ફરીથી નવેસરથી સારવાર કરવી પડે છે. દવાનું પ્રમાણ વધારવું પડે છે. પહેલાની સારવાર ભૂલી જવી પડે છે. સારવાર વધારે લાંબી ચાલે છે.

**(ક) પૂરક સારવાર તથા પ્રવૃત્તિઓ**
**(Supplement treatment and Activities)**

**(૧) શારીરિક કસરત :** સંશોધન દ્વારા પુરવાર થયેલ છે કે નિયમિત શારીરિક કસરત કરવાથી શરીરમાં ફીલ ગુડ (Feel Good) હોરમોન્સ વધે છે. આથી એ વ્યક્તિનો મુડ હકારાત્મક બને છે. શરીરમાં માનસિક ઉર્જા વધે છે, ઉત્સાહ વધે છે, જે હતાશા પ્રતિરોધક છે.

નિયમિત સવારના ચાલવાનું (Morning walk), નિયમિત કસરત કરવાની (Exercises), નિયમિત રમવાનું (ટેબલ ટેનિસ, બેડમિન્ટન વગેરે), નિયમિત તરવા જવાનું (Swimming) વગેરેની મન પર હકારાત્મક અસર થાય છે.

**(૨) નિયમિત સપ્રમાણ ઊંઘ :** નિયમિત સપ્રમાણ ઊંઘ સારવારનો મહત્ત્વનો ભાગ છે. નિયમિત સમયે સૂઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ સમયે લાઈટ બંધ, ટી.વી. બંધ, ફોન, મોબાઈલ પણ બંધ. રાત્રે ગમે તેટલા વાગે ઊંઘ આવી હોય પરંતુ સવારનો ઉઠવાનો સમય ફિક્સ હોવો જરૂરી છે. આ શિસ્તથી શરીરનું ઘડિયાળ (Body Clock) ધીમે ધીમે નિયમિત થશે. ઊંઘ સપ્રમાણ સમયસર આવવાથી કિશોર (દર્દી) નોર્મલ થાય છે.

★ **પૌષ્ટિક આહાર :** આહારમાં જો ચરબીવાળો તથા સાકરવાળા ગળ્યા પદાર્થ વધારે હોયતો આળસ આવે છે, સુસ્તી આવે છે. કામ કરવાની ઈચ્છા ઓછી થાય છે. આથી આહારમાં ચરબીવાળા તથા સાકરવાળા પદાર્થ સપ્રમાણ હોવા જોઈએ.

★ **રમતગમત તથા અન્ય શોખ કેળવવા :** ભણતર સિવાયની અન્ય પ્રવૃત્તિઓમાં રસ કેળવવો જરૂરી છે. સમવયસ્ક મિત્રો જોડે રમવા જવું જરૂરી છે. આથી વ્યક્તિત્વનો વિકાસ થાય છે. હાર પચાવવાની માનસિક શક્તિ વધે છે. પરસ્પરના સંબંધો જળવાય છે. વ્યક્તિત્વમાં પરિપક્વતા આવે છે.

સંગીત, વાંચવાનો શોખ, કેરમ, ચેસ જેવી રમતોમાં શોખ કેળવવો જરૂરી છે. આવી અન્ય પ્રવૃત્તિઓ કરવાથી મનને સંતોષ મળે છે જે માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે. આવા શોખ સારવારમાં મદદ કરે છે.

*(ક્રમશઃ)*

## કચ્છી આને કહેવાય

*પાટુ મારી પાતાળમાંથી પાણી કાઢે તે .........કચ્છી*
*હામ ભરી વ્યાપાર કરે તે.........................કચ્છી*
*સાહસ કરી સફળતા મેળવે તે ..................કચ્છી*
*સાવજ સામે બાથ ભીડે તે........................કચ્છી*
*ઘુઘવતા સાગરને ચેલેન્જ કરે તે.................કચ્છી*
***આવા કચ્છી સમાજના આપણે બાળ છીએ તેનો ગર્વ છે.***
***હા, અસીં કચ્છી અઈયું!!!***

ગુજરાતી કથાગીતો મણકો-૯

## જેસલ-તોરલનું સુપ્રસિદ્ધ લોકગીત

# 'પાપ તારું પરકાશ...'

• સંકલન : જીના વીરેન શેઠ •

પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે
તારી બેડલીને બૂડવા નહીં દઉં (૨)
એ જાડેજા રે એમ તોરલ કે'છે જી...

તોડી સરોવર પાળ, તોળી રાણી તોડી સરોવર પાળ રે
ગૌધન તરસ્યાં વાળિયાં (૨) તોળાં દે રે... એમ જેસલ કે'છે જી...

લૂંટી કુંવારી જાન તોળી રાણી લૂંટી કુંવારી જાન રે,
મેં તો સાત વીસું મોડબંધ મારિયા,
તોળાં દે રે... એમ જેસલ કે'છે જી...

હરણ હર્યાં લખ ચાર તોળી રાણી હરણ હર્યાં...
મેં તો વનના તે મોરલા મારિયા
તોળાં દે રે... એમ જેસલ કે'છે જી...

ચરતી વાળી ગાય, તોળી રાણી ચરતી વાળી...
મેં તો બેન ને ભાણેજને દુભાવિયાં
તોળાં દે રે... એમ જેસલ કે'છે જી...

જેટલા મથ્થેજા વાળ તોણી રાણી જેટલા મથ્થેજા...
એટલા કરમ તો મેં કર્યાં...
તોળાં દે રે... એમ જેસલ કે'છે જી...

- **કથાવસ્તુ :**

કચ્છમાં સંત તરીકે પ્રખ્યાત થયેલી બેલડી એટલે જેસલ-તોરલની આ કથા છે. ક્રૂર બહારવટિયા જેસલનું જીવન બદલાવી તેને તોરલે પ્રભુભક્ત કર્યો હતો. બંને અંજારમાં રહ્યા હતાં. આજે તેમની સમાધિ અંજારમાં છે. જે જોવા અને તેનાં દર્શનાર્થે લાખો શ્રદ્ધાળુઓ આજે પણ કચ્છમાં આવે છે.

- **કચ્છ વિશે :**

આમ પણ પૃથ્વી પર સમાજ અને સભ્યતાનો વિકાસ થયો ત્યારથી કચ્છનો પ્રદેશ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતો રહ્યો છે.

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ.*

આમ તો કચ્છ કહીએ એટલે રણનું જ સ્મરણ થાય. તો આ દુહો તો કહે છે – કચ્છડો બારે માસ રળિયામણો. કેવોક છે આ કચ્છ પ્રદેશ!

ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતના અન્ય જિલ્લાઓથી અલગ પડી ગયેલો લાગે તેવો કચ્છ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો, પણ વસ્તીની દૃષ્ટિએ નહીં. તેનો મોટો ભાગ રણપ્રદેશ એટલે વસ્તી ઓછી હોય એ સ્વાભાવિક છે.

કચ્છની ભૂમિ, તેનો ઇતિહાસ, તેની ભાષા અને સંસ્કૃતિ ગુજરાતનાં જ છતાં અનેક રીતે વિલક્ષણ અને આગવા છે. કચ્છને પોતાનું એક આગવું વ્યક્તિત્વ છે. સિંધ અને ગુજરાતની સીમા પરના આ પ્રદેશને જાણવો હોય તો દુલેરાય કારાણી અને રામસિંહ રાઠોડના ગ્રંથોને જરૂર વાંચવા જોઈએ. તેમાં સંગ્રહાયેલી છે કચ્છની ભાતીગળ સંસ્કૃતિ. તેની રંગભરી દાસ્તાનો, તેની લોકકથાઓ, તેનો ઇતિહાસ.

કચ્છના ઉલ્લેખો પુરાણકાળ જેટલા જૂના છે. 'કચ્છ' શબ્દ સંસ્કૃત છે. તેનો અર્થ કાચબો થાય છે. આમ તો તે તેના ભૌગોલિક આકાર (કાચબા જેવો)ના આધારે આ નામ પડેલ છે. પણ ભાગવતમાં ભગવાન વિષ્ણુનો એક અવતાર 'કચ્છપ' છે. તે ઉલ્લેખ આ નામને પવિત્રતા સાથે પ્રાચીનતા આપે છે.

કચ્છના ઇતિહાસનાં પાનાં શૂરવીરો અને દાનવીરો, રાજવીઓ અને શ્રેષ્ઠીઓ, સંતો અને સતીઓ, વીરો અને વિદ્વાનોથી ભરપૂર છે. એ સુવર્ણપૃષ્ઠોમાં જવાંમર્દી ને વફાદારી, શૌર્ય અને સમર્પણ, માતૃભૂમિનો પ્રેમ, વ્યાપારી સાહસ અને કલા-કારીગરીની કુશળતા પ્રાણવંતા અક્ષરે આલેખાયેલ છે.

કચ્છનું મુખ્ય મથક છે ભુજ. ભુજથી પૂર્વે - દક્ષિણે અંજાર છે. ભુજ પછી તે બીજું અગત્યનું અને જૂનું શહેર છે.

પાણીદાર છરી-ચપ્પાં ને સૂડીઓના ઉદ્યોગ માટે તે જાણીતું છે. અંજાર પણ ભૂકંપનું સ્થળ હોવાથી વારંવાર ભૂકંપનો ભોગ બનેલ છે. છતાં વારંવાર ફરી ઊભું થઈ જાય છે.

ત્યાંનું જળેશ્વરનું પ્રાચીન અને કોતરણીથી ભરચક શિવાલય તથા જેસલ-તોરલની સમાધિ વિખ્યાત છે. જે ઐતિહાસિક છે. તેની કથા જાણવા જેવી છે. રોમાંચક તેમજ જ્ઞાનયુક્ત અને પ્રેરક છે.

*દુનિયાનો નિયમ છે, જરૂર હોય ત્યારે ફોટો પાડે અને કામ પૂરું થયા પછી તેને ખોટો પણ પાડે.*

**● જેસલ-તોરલના ચરિત્રની કથા :**

૧૪મી સદીના મધ્ય સમયની વાત છે. જેસલ જાડેજા એક પ્રબળ, પરાક્રમી ને શક્તિશાળી લૂંટારો હતો. જે સ્વચ્છંદી અને નિરંકુશ હતો. કારણે-અકારણે લોકોને રહેંસી નાખવા એ તેને મન રમત વાત હતી. પરાક્રમના અભિમાને, શક્તિના ગર્વે, વિજયના કેફે તે ઉત્તરોત્તર બેફામ બનતો જતો હતો. લૂંટારો પણ જેની આમન્યા રાખે તેવાં ધોરણોને પણ તે અહંકારના અંધાપામાં કોરાણે મૂકી દેતો. તેની છાપ જ એવી પડી ગઈ હતી કે

જેસલ જાડેજા એટલે કચ્છનો કાળો નાગ.

જેસલ જાડેજા એટલે કાળઝાળ બહારવટિયો.

જેની હાકથી ઝાડપાન ધ્રૂજવા માંડે, જેનું નામ લેતાં સ્ત્રીઓના ગર્ભ સરી જાય. જેની એક હાકલથી છોકરાઓ મૂંગા થઈને સૂઈ જાય.

એવો જેસલ કુંવારી જાન લૂંટે છે. મોડબંધાને હણે છે, વનના મોરલા મારે છે. તેની આક્રમકતાનો કોઈ આરો-ઓવારો નથી.

એવા જેસલ જાડેજાને ભાભી એકવાર મેણું મારે છે કે, 'તમારે ગરમાગરમ રોટલા ખાવા હોય તો પરણી જાઓ ને ખરેખરા મરદ હો તો કાઠિયાવાડમાં સલડી ગામે વસતા સાસતિયા કાઠીને ત્યાં રહેલી તોળી ઘોડી, તોળી તલવાર અને તોળી રાણીને લઇ આવો તો માનું તમને!'

જેસલ તો મેણું ભાંગવા ને મર્દાનગી દાખવવા નીકળી પડે છે કાઠિયાવાડ. ત્યાં સાસતિયા કાઠીને ત્યાં જાગ હતો. તોરલ દેવી સહિત ભક્તમંડળ ભજન-પૂજનમાં મગ્ન હતું. ધૂન લગાવીને સૌ કોઈ બેઠા હતા. ત્યારે જેસલ છુપાઈને સાસતિયાજીના ઘોડારમાં પહોંચે છે. અંગ ઉપર કાળી કામળી ઓઢી હતી. અંધારા જોડે એકરસ બનતો એ લેબાસ હતો. કાળી માઝમ રાતનો એ કસબી હતો. અંદર અને બહાર, બધેય કાળાશ ધારણ કરીને એ કાળી રાતનો ગોઠિયો બન્યો હતો.

અંધારામાં અજાણ્યા આદમીના આગમનથી જાતવાન ઘોડી ચમકીને જમીનમાંથી ખીલો ખેંચીને ખીલા સહિત ભાગી ગઈ ભગત પાસે. ત્યારે સાસતિયાજીનો નોકર વ્યાકુળ ઘોડીને શાંત પાડીને પાછો ઘોડારમાં દોરી લાવ્યો ને ખીલો પાછો જમીનમાં ખોડવા લાગ્યો.

ત્યાં અચાનક અજાણતા જ ખીલો ખોડાઈ ગયો ઘાસમાં છુપાઈ રહેલા જેસલના હાથ પર, ને જેસલ જડાઈ ગયો જમીન સાથે! પણ નામર્દ દેખાવાના ડરે તેણે ન તો ચીસ પાડી, ન ચિત્કાર કર્યો. ભયંકર વેદના સહન કરતો તે ત્યાં જ પડ્યો રહ્યો.

સાસતિયાજીની પૂજા પૂરી થઈ એટલે પ્રસાદ વહેંચાયો. પણ થોડો વધ્યો. આશ્ચર્ય! કારણકે એ સ્થાનકનો પ્રભાવ જ એવો હતો કે વગર માપે કરેલો પ્રસાદ પણ સૌને બરાબર વહેંચાઈ રહેતો હતો. હાજર હોય એ સૌને પહોંચતો. ન ઘટે કે ન વધે. તો આ વધ્યો એ કોના ભાગનો?

ત્યાં ઘોડારમાં ઘોડીના ધમપછાડા સાંભળી સાસતિયાજી ઘોડારમાં ગયા. તેમણે જમીન સાથે જડાયેલા જેસલને જોયો. ઘોલર મરચાં આંજેલી જાણે આંખો હતી. કાળી ભમ્મર દાઢી હતી. માથે કાળાં જુલ્ફાં હતાં. જુવાની આંટો લઈ ગઈ હતી. બુકાની બાંધ્યા છતાં એના મુખની ભયાનકતા ડોકાઈ રહી હતી.

તેની સહનશક્તિ જોઈ સૌ છક થઈ ગયા. તેને ત્યાંથી મુક્ત કરી સાસતિયાજી અને તોરલે તેની સારવાર કરી પૂછ્યું : 'કોણ છો? અહીં કેમ આવવું થયું? શું જોઈએ છે? અહીં અલખ ધણીના ઓટલેથી કોઈ ખાલી હાથે નથી જતું.'

ત્યારે જેસલ જવાબ આપે છે. હું રાજપૂત... કચ્છધરા... ને નામ જેસલ જાડેજા. આવ્યો છું ચોરી કરવા... મારે જોઈએ ત્રણ ચીજો –

તોળી ઘોડી

તોળી રાણી અને

તોળી તલવાર. તે લઈ જવા આવ્યો છું.

વાત સાંભળી સૌ ડઘાઈ ગયા. પરંતુ સાસતિયાજી તો સાચા સંત હતા. તેમણે તોળલદેની સામે નજર કરી. નજરેનજર વચ્ચે વાત થઈ ગઈ. વાત બે જ જણાં સમજ્યાં.

"જુઓ છો સતી? ચોરની એના કસબ સાથેની તલ્લીનતા જોઈ? આવા ટેકીલા આદમી કેટલા દીઠા? હજારુંમાં એક? ના, ના, લાખુંમાંય એક ગોત્યો જડે નહીં. આ વજ્રદિલ વાળાની સૂરતા પોતાનું નિશાન બદલે તો? હરિને માર્ગે ચડે તો? તો કોઈ કમી રહે ખરી? તો આભે નિસરણી માંડે ને? જેસલનો રાહ પલટે તો લાખો માનવીની દુવા જડે."

'પણ આને કોણ પલટાવે?' તોળલ દેએ કંથને કહ્યું.

'શૂરાને બીજું કોણ પલટાવે? સતી હોય તે.'

તોરલ, પતિના બોલનો મર્મ પામી ગઈ. એક ઉચ્ચકોટિના જીવને અવળે રસ્તેથી પાછો વાળીને અલખ ધણીની ઓળખ કરાવવાનો વખત આવી ગયો છે. વાહ પ્રભુ! પરિસ્થિતિનો કેવો સ્વીકાર! આવી જ સ્ત્રી, સતી કહેવડાવાને સમર્થ હોઈ શકે.

*નસીબ જેમના મસ્ત હોય છે, કસોટી પણ તેમની જબરદસ્ત હોય છે.*

સતીએ વખત જાણી વસમી વાતને વહાલથી વધાવી લીધી. ચાલી નીકળ્યાં જેસલ જાડેજા સાથે. જેસલે સંત સાસતિયાજીની નિષ્કામ ઉદારતા તો જોઈ પણ સતીનો પરચો તો હજુ બાકી હતો.

કાઠિયાવાડથી કચ્છ આવતાં સમુદ્રની ખાડી ઓળંગવી પડે. જેસલ-તોરલ વહાણમાં ચડ્યાં. પણ મધદરિયે પ્રચંડ વંટોળ ઊઠ્યો. વિનાશક વાવાઝોડું ફૂંકાયું. વહાણ પ્રચંડ મોજાં પર ફંગોળાવા લાગ્યું અને ડૂબું ડૂબું થઈ રહ્યું. ચોપાસથી ભીંસાતું મૃત્યુ આંખ સામે દેખાતાં, ભડ જેસલ પણ ભયભીત થઈ ભાંગી પડ્યો. એની આભાસી વીરતા ઓસરી ગઈ. ભીતરની નિર્બળતા પ્રગટ થઈ ગઈ. વીર જેસલ ભયથી વ્યાકુળ થઈ ગયો. તો બીજી બાજુ સૌ ઉતારુઓના શ્વાસ ઊંચા ચડ્યા. આ મુસીબતના ઉકેલ માટે બધા ઉતારુઓ વહાણનો બોજો હળવો કરવા માટે પોતપોતાનાં પોટલાંઓ - સામાન દરિયામાં નાખવા લાગ્યા.

માત્ર તોરલદે શાંત હતા. જેસલ તેને પોતાને બચાવી લેવા વિનવે છે, કરગરે છે. સતી તોરલે આ પારખ્યું. જીવન અને મૃત્યુની વચ્ચેની નાજુક ક્ષણે સતીએ જેસલ જાડેજાને જીવનનું રહસ્ય સમજાવ્યું. સતનો મારગ ચીંધ્યો. તેણે કહ્યું, “જેસલજી! વહાણ ઊગરશે, તોફાન હેઠું બેસશે, તમારા કરમોનો બોજો ફગાવી નાખો દરિયામાં. પાપ પરકાશી નાખો, ધરમને યાદ કરો. તમારો પાપબોજ, ધણી પોતાની ઝોળીમાં ઝીલશે. જાડેજા! બીજા બધાંએ પોતાનાં પોટલાં વામી દીધાં. તમે તમારાં પોટલાં વામી દ્યો પાણીમાં!”

ને તોરલ સતીનાં આ વચનોએ જેસલ જાડેજા પર જાદુ કર્યો. તે આ ગીત દ્વારા પોતાના એક-એક પાપ સંભારી સાચા હૃદયથી પશ્ચાત્તાપ કરે છે.

“મેં સરોવરની પાળો ફોડી છે. લોકોના મોંમાંથી પાણી પડાવ્યાં છે. ગોંદરે ગોંદરેથી ગાયો લૂંટી છે. દૂઝણી અને ગાભણી ગાયોને મેં તગડી છે. મેં વનના મોરલા માર્યા, ચાર લાખ જેટલા હરણ માર્યા હશે. નિરપરાધી જીવડાંની હત્યા કરી છે. મારાં સગાં બહેન અને ભાણેજને દુઃખ દીધાં છે. કુંવારી જાનને લૂંટી અને ૨૪૦ મોડબંધા - પરણવા જતા હતા તેને માર્યા. શું-શું કબૂલું! તોળાંદે. માનવીને માથે જેટલા વાળ છે એટલા પાપ મારે માથે છે. મને બચાવો! તોળાંદે! મને બચાવો!”

*કવિ કલાપીએ પણ કહ્યું છે કે –*

***હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે***
***પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.***

જેમજેમ તે પોતાનાં પાપ વ્યક્ત કરતો ગયો તેમતેમ તોફાન શાંત થતું ગયું. પૂર્ણ રીતે પાપ વ્યક્ત થઈ ગયાં કે તરત તોફાન પણ તદ્દન શાંત થઇ ગયું.

જેસલનો હૃદયપલટો થયો. વાસના-વ્યાકુળ અને સંહારક લૂંટારો સતધર્મી ને સંત બની ગયો. આંખ આગળનાં પડળ ખસી ગયાં ને સતીના શબ્દે પ્રગટાવેલી જ્યોતના તેજમાં તેણે તલવાર મૂકી એકતારો ઉઠાવ્યો! જેસલ-તોરલ બંનેએ આધ્યાત્મિક રીતે જીવન પસાર કર્યું.

‘પાપ તારું પરકાશ જાડેજા’ અને ‘જેસલ કરી લે વિચાર’ જેવાં સુપ્રસિદ્ધ લોકગીતમાં આ કથા અને તોરલની જ્ઞાનવાણી અમરત્વ પામી છે, ને ભજનિકોને કંઠે ઘેરઘેર ગૂંજી રહી છે.

- **સામાજિક સંદર્ભ :**

ઈ.સ. ૧૯૭૧માં આ સંત બેલડીના જીવન ઉપર ‘જેસલ-તોરલ’ નામે ગુજરાતીમાં ફિલ્મ પણ બની, જેના દિગ્દર્શક હતા રવીન્દ્ર દવે અને કલાકાર હતા અરવિંદ ત્રિવેદી, ઉપેન્દ્ર ત્રિવેદી, અનુપમા, રમેશ મહેતા વગેરે.

અનુપમાએ સતી તોરલના પાત્રને ખૂબ સરસ રીતે જીવંત કર્યું હતું. તેનું રૂપ અને તેના ભાવ સતીના પાત્રને ખૂબ સરસ રીતે પ્રદર્શિત કરતા હતા. ફિલ્મ ખૂબ સફળ રહી. હંમેશ મુજબ ‘અભિનય સમ્રાટ’ ઉપેન્દ્ર ત્રિવેદીનો અભિનય પણ ખૂબ વખણાયો. ફિલ્મમાં આ ગીત, દિવાળીબહેન ભીલના કંઠે ગવાયેલું છે. (સંગીત નિર્દેશન અવિનાશ વ્યાસનું હતું.) આવાં તો અનેક લોકગીતો તેમના કંઠે ગવાયેલાં છે.

ગુજરાતની ખમીરવંતી આદિવાસી જાતિમાં જન્મેલ દિવાળીબહેનને વિસરાતાં જતાં આપણાં લોકગીતો, લોક સંગીતને પુનર્જીવિત કરવા બદલ ૧૯૯૧માં ભારત સરકારે પદ્મશ્રીથી સન્માનિત કર્યા હતા.

- **મૂલ્યાંકન :**

જેસલ-તોરલની કથા મનોવૈજ્ઞાનિક કથા છે. સંભવ છે જેસલ સુધરતો નહીં હોય અને કદાચ તોરલ તેને સુધારી શકે એ આશાએ તેની ભાભીએ પડકાર્યો હશે. આવેશયુક્ત જેસલ માની ગયો હશે.

પડકાર ઝીલવા ઘોડારમાં ખીલાને લીધે થયેલી પીડાની પણ પરવા ન કરી. આ તેના સ્વભાવનું આત્યંતિકપણું - છેડાનું માનસ બતાવે છે.

ઝનૂન પીડાને પણ ભૂલાવે છે. પણ એ જ ઝનૂનનો તોરલ લાભ લે છે. તે જુએ છે કે જેસલ તેના તેજથી અંજાયો છે

અને તેને મેળવવા ઘેલો બન્યો છે. તેનો આવેશ વિકૃત બને તે પહેલાં તેના મોહાંધપણાનો લાભ લઈ તેને ભૂતકાળનાં કૃત્યોનો પશ્ચાત્તાપ કરવા તૈયાર કરે છે. 'ધરમ તારો સંભાળ રે' વાક્યથી તોરલ આ સૂચવે છે.

જેસલના મનમાં તોરલનું રૂપ અને તપસ્વીપણું તોફાન જગાડે છે. તે અકળાય છે. તે પણ પોતાનાં ભૂતકાળનાં કૃત્યોથી ડરે છે અને તેનાથી મુક્ત થવા તરફડે છે. તોરલ તેને મનોવિજ્ઞાનની ભાષામાં 'કેથાર્સીસ' વ્યક્ત કરાવે છે.

અભિવ્યક્તિ જ મુક્તિ છે તેમ કહે છે.

અને જેસલ બધું વ્યક્ત કરી દે છે. તે માનસિક હળવો થઈ જાય છે. તેનામાં રહેલ માનસિક ગુનેગારપણાથી - ગીલ્ટથી મુક્ત થઈ જાય છે અને સ્વસ્થ થઈ જાય છે.

સ્વસ્થ થવું એ સંત હોવા બરાબર જ છે.

- **રહસ્ય :**

જબરી મીઠી કથા છે. પૂરી મનોવૈજ્ઞાનિક કથા છે. તોરલ આધ્યાત્મિક મનોચિકિત્સક છે. દરિયાનું તોફાન પ્રતીકાત્મક છે. હકીકતે જેસલના મનમાં થતું વલોણું છે. તેની મન રૂપી હોડી હાલકડોલક થાય છે. તોરલની સત્યનિષ્ઠા જોઈને!

સંભવ છે ભૂતકાળમાં તેને પણ આવું જ સત્યનિષ્ઠ જીવન પસંદ હશે. પણ કોઈ અન્યાય કે આઘાત થવાથી બહારવટિયો બન્યો હશે. તોરલની હાજરીએ તેને 'જાગૃત' બનાવ્યો હશે અને તે પળને તેણે પકડી લીધી હશે. તેથી તે મુક્ત થઈ ગયો.

- **ફલશ્રુતિ :**

સંતો ઊભા કરવામાં ભાભીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. નરસિંહ મહેતાનું સંત બનવું પણ તેની ભાભીને આભારી હતું. જેસલમાં પણ ભાભી જ મુખ્ય ભૂમિકા બની. જેસલ સંત બન્યો તે અંગત ઘટના, પણ કચ્છ એક બહારવટિયાથી મુક્ત થયું તે મહત્ત્વની ઘટના.

- **વર્તમાન સંદર્ભ :**

જ્યાં સતની સરવાણી સાગર બનીને ઘૂઘવે છે એવા અંજાર ગામમાં આવા સંતોને ચરણ ટેકવવા આજે પણ હજારો શ્રદ્ધાળુઓ જાય છે.

જોકે હવે એ અંજાર ગામ એટલે ૨૦૦૧ના છવ્વીસમી જાન્યુઆરીના થયેલા ભૂકંપના પ્રચંડ આઘાતમાં લગભગ આખુંય જમીનદોસ્ત થઈ ગયા પછી બેઠું થયેલું નવું અંજાર ગામ.

જોકે જેસલ-તોરલની સમાધિ અને ત્યાંના રામદેવ પીર તથા બાજુમાંનું શિવાલય ભૂકંપની તબાહીમાંથી બચી ગયા છે. ફરીથી ત્યાં કચ્છી ભરત તથા અન્ય લોકકલાની પેદાશોનાં બજારો શરૂ થયા છે. પણ તેની કાયા પર ભૂકંપના ઘા અવશ્ય દેખાય છે.

છતાં પણ કચ્છ એક નવો પરિવેશ ધારણ કરી રહ્યું છે ત્યારે એકવાર તો કચ્છની મુલાકાત લેવા જેવી જ છે.

*'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા!'*

- **કાવ્ય-બોધ :**

ધર્મ એ તો જીવનમાં પળેપળ જીવવાની વસ્તુ છે. જીવનમાં પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પળે આપણો કંઈક ધર્મ છે એમ સમજી પળેપળ જાગૃતિપૂર્વક જીવવું એનું જ નામ ધર્મ.

*(શ્રી હરેશભાઈ ધોળકિયાના લેખમાંથી સાભાર)*

*૮૦ લાખની વસ્તી ધરાવતા ઈઝરાયલમાં 1000 ડિફેન્સ કંપનીઓ છે, જે વર્ષે ૭.૫ અબજ ડોલરના શસ્ત્રોની નિકાસ કરે છે. ૧૩૫ કરોડની વસ્તી ધરાવતા ભારતમાં ૧,૦૦,૦૦૦ જ્ઞાતિ મંડળો છે, જેઓ એવી કોઈ મહાન પ્રવૃત્તિ કરતા નથી.*

Parbatbhai Patel
M. : 98240 62711

**Shivam Packaging**

**Shiv Packing Industries**

**સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ**
**પી.પી. સુતળી, વુડન રોલ • વાંસની પટ્ટી**
**H.M., L.D., P.P. Bags**
**ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ**

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
**Ph. : (O) 25394011, 25394311**

*જરૂરી નથી કે માત્ર કામના બોજથી વ્યક્તિ થાકી જાય, વિચારોના ભારણ પણ ક્યારેક વ્યક્તિને થકવી દે છે.*

ઐતિહાસિક વાર્તા શ્રેણી

## અદૃશ્ય પાત્રો – ૧
# આરંભ


હરેશ ધોળકિયા

*જ્યારે આપણે ઈતિહાસ વાંચીએ ત્યારે કેટલાક નાના નાના પાત્રોએ જ્વલંત કાર્યો કરેલ હોય તેવું જાણી શકીએ છીએ. નાના પાત્રોના આ કાર્ય વગર તે પ્રદેશનો ઈતિહાસ સંપૂર્ણ બદલાઈ જાત, તેવો તેનો અભ્યાસ કરતા આપણને ખ્યાલ આવે. આ ઐતિહાસિક પાત્રો નાના ગજાના મનુષ્યો હોવાથી ઈતિહાસમાં તેની બે-ચાર લાઈનમાં કે બે-ચાર ફકરામાં ઉલ્લેખ મળેલો હોય કે જે તેણે કરેલ કાર્યોને ન્યાય આપે છે તેવું ના કહી શકાય.*

*ભુજના ચિંતક અને લેખક શ્રી હરેશભાઈ ધોળકિયાને આ વસ્તુનો ખ્યાલ આવ્યો અને તેઓશ્રીએ આ નાના નાના પાત્રોને ન્યાય અપાવવા, તેઓએ કરેલ કાર્યોની વાર્તા બનાવી આપણી સમક્ષ રજૂ કરી.*

*શ્રી હરેશભાઈ ધોળકિયાએ ત્યારબાદ ઈતિહાસના આ અદૃશ્ય પાત્રોની વાર્તા શ્રેણી બનાવી આપણી સમક્ષ "અદૃશ્ય પાત્રો" સ્વરૂપે એક આખું પુસ્તક જ રજૂ કરી દીધું.*

*આ પુસ્તકની 'પ્રસ્તાવના' પણ એટલી જ દિલચસ્પ હોવાથી અદૃશ્ય પાત્રોની વાર્તા શ્રેણીની પ્રસ્તાવનાને જ "આરંભ" સ્વરૂપે ચેપ્ટર-૧ તરીકે અત્રે રજૂ કરેલ છે કે જે 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને ગમી જશે તેવો વિશ્વાસ છે.*

*– તંત્રી મંડળ*

ક્યારેક સુખદ અકસ્માત થતા હોય છે. આ પુસ્તક પણ એવા એક સુખદ અકસ્માતનું જ પરિણામ છે.

૨૦૦૯માં અચાનક 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના સભ્યોને વિચાર આવ્યો કે કચ્છનો એક બૃહદ્ ઈતિહાસ લખાવો જોઈએ. એટલે તેમણે ભુજમાં કચ્છ યુનિવર્સિટીમાં ત્યારના વાઈસ-ચાન્સેલરશ્રી ડૉ. કાંતિભાઈ ગોરના અધ્યક્ષપણા હેઠળ ઈતિહાસપ્રેમીઓની અને લેખકોની એક મીટિંગ બોલાવી. મને આમંત્રણ હતું, પણ હું ત્યારે બહાર ગયેલ હોવાથી હાજર ન રહી શક્યો. થોડા વખત પછી બીજી મીટિંગ બોલાવી. તેમાં હાજર રહેવાની તક મળી. સક્રિય ભાગ પણ લીધો. એટલે, સ્વાભાવિક રીતે, લખવાનું આમંત્રણ મળ્યું. હા પણ પાડી. પછી તો બધી જ મીટિંગોમાં હાજર રહેતો. લેખકોમાં વધ-ઘટ થતી હતી, એટલે જે પણ ખસે કે યોગ્ય લખાણ ન કરે, તો મારે ભાગે એ પ્રકરણ લખવાનું આવતું. પરિણામે તે સંદર્ભમાં વારંવાર વાંચવાનું થતું.

ત્યારે સંદર્ભ તરીકે મુખ્ય પુસ્તક વિલિયમ રશબ્રૂકનું 'કારા ડુંગર કચ્છજા' રાખેલ હતું. તે આ સંદર્ભમાં ચાર-પાંચ વાર વાંચવાનું થયું. ત્યારે ફરી, સ્વાભાવિક રીતે, વાંચતા-વાંચતા ઈતિહાસનાં અન્ય પાત્રો પર પણ ધ્યાન જતું હતું. બીજાં તો ઠીક, પણ તદ્દન ગૌણ પાત્રો પર વધારે ધ્યાન જતું હતું. તે એવા પાત્રો હતા જેમનો પુસ્તકમાં બે-એક લીટીમાં જ ઉલ્લેખ હોય. પણ પછી, તેમના પર વિચાર કરતાં લાગતું કે આ પાત્રો ભલે ગૌણ છે, પણ તેમનો ઈતિહાસમાં ફાળો બહુ જ મહત્ત્વનો છે. ભીંયાં કકલ અને તેની પત્ની ભલે ગૌણ પાત્રો છે, પણ જો તેઓ ન હોત, તો રાવ ખેંગારજી પહેલા બચ્યા હોત કે કેમ તે શંકા છે. અને તો જાડેજાવંશ શરૂ પણ થઈ શક્યા હોત? તે જ રીતે મોડ-મનાઈના પ્રસંગમાં ચોકીદારે નિર્ભય રીતે ગાડાંની તપાસ કરવા કહ્યું તે ત્યારના ભયભીત સમયમાં બહુ મોટી વાત હતી અને તેને તેનું પરિણામ ભોગવવું પડ્યું. રાવ લખપતજીની વાસના સંતોષવા જેમનો પણ ભોગ લેવાયો તે રખાતોના ભલે પાળિયા હોય, પણ તેમને શું ભોગવવું પડ્યું હશે તેની કલ્પના થથરાવે છે. તેઓ બળી ગઈ કે ફરજિયાત બળવું પડ્યું? ઈતિહાસ ચૂપ છે. તેને લખપતજીમાં રસ હોય તે સ્વાભાવિક છે. પણ આ રખાતોનું શું? તો, જીકડી ન હોત તો? જામ ફૂલ હોત? વિવેકાનંદે માંડવીમાં ગાયિકા સાથે ધ્રુપદ ગાયો. મોટી વાત નથી? કોણ હતી તે? કોઈ નથી શોધી શક્યું. કારણ? ત્યારે વિવેકાનંદજી હજી 'અજ્ઞાત' સાધુ હતા. હજી તાળીઓ પડી ન હતી. પણ તે વિવેકાનંદની સંગીતપ્રીતિને સંતોષી શકી તે મોટી ઘટના નથી? તો હોલીનો તો ઈતિહાસમાં ઉલ્લેખ પણ નથી કારણકે તે તો એક ગરીબ માણસની પત્ની હતી. પણ ત્યારે, જુનવાણી સમાજમાં, રાવનો રથ પકડી ન્યાય માંગે એક સ્ત્રી, તે ક્રાંતિકારી

*પોતાની આદત પ્રમાણે ચાલવાથી એટલી ભૂલ નથી થતી જેટલી ભૂલો દુનિયાનો ખ્યાલ અને લોકો શું કહેશે એ મનમાં રાખવાથી થાય છે.*

નથી? અને વરનું નામ પિતા તરીકે ન લખવા દે કે દીકરાને સત્તાવનના બળવામાં મોકલે તે મોટી વાત નથી? તો શ્યામજી કૃષ્ણવર્માને બધા ઓળખે કે વખાણે, પણ તેમને મોટા બનાવનાર તેમની નાની અને પત્ની ભાનુમતીના ફાળાનું શું? નાનીનો ઉછેર અને ભાનુમતીનો ત્યાગ અને સહકાર – બેનો કેટલો ફાળો? અને કચ્છમાં ગાંધીજીને લઇ આવવા અને રૂઢિચુસ્ત સમાજનો ગુસ્સો વહોરવો એ નાની વાત છે? કાંતિપ્રસાદની કેવી હિંમત હશે? માત્ર ૨૩મા વર્ષે?

ઇતિહાસ વાંચતા અને આ બધા પ્રસંગો સાંભળ્યા પછી આ બધાં પાત્રો મનમાં ઘૂમરાતા હતા. "મારી વાત કરો" – એમ સતત કાનમાં કહેતા હતા. પણ કેમ કહેવી? કોઈ દસ્તાવેજીકરણ ન હતું. પુસ્તકમાં એક-બે લીટીમાં ઉલ્લેખ હતો. લેખ પણ કેમ લખાય? બધાનો એક લેખમાં સમાવેશ કરી શકાય, પણ તો-તો તેમને અન્યાય થતો હતો. તેમનું ગૌરવ બરાબર વ્યક્ત નહોતું કરી શકાતું. આ દરેક વ્યક્તિ એક અલગ અને વિશિષ્ટ લખાણ માંગતી હતી.

શું કરવું?

છેવટે ફરી વિચાર આવ્યો કે ચાલને, વાર્તા સ્વરૂપે લખું. નવલકથા લખવાનો અનુભવ વધતો જતો હતો. ચાર પ્રકાશિત થઈ ગઈ હતી. પાંચમી આવી રહી હતી. બે-ચાર મગજમાં હતી. તો? વિચાર આવ્યો કે ચાલ, ટૂંકી વાર્તાનો પ્રયોગ કરું. સામે ડરામણા વિવેચકો દેખાતા હતા. નવલકથામાં પણ ઠપકા ખાતો હતો. ન લખવાની ધમકીઓ મળતી હતી અને હવે જો વાર્તા લખીશ તો – તો....? ખૂબ ડર લાગતો હતો.

પણ આ બધાં લક્કડખોદની જેમ સતત મનમાં 'ઠકઠક' કરતાં હતાં અને સામાન્ય કહેવાતા લોકોની અસામાન્યતા તો બહાર આવવી જ જોઈએ એવું તો માનતો જ હતો. એટલે વિવેચકોના ડરના સ્વીકારનું જોખમ લઇને પણ એક એક પાત્ર પર લખવાનું શરૂ કર્યું અને લ્યો! જેમજેમ લખતો ગયો, તેમતેમ એ દરેક પાત્ર જાણે સામેથી આવીને લખાવતું હતું એવો ભાસ થતો હતો. કેમ અને કેટલું લખાશે તે ચિંતા વચ્ચે દરેક પાત્ર વિશે પાંચ-સાત પાનાં તો આરામથી લખાઈ જતા હતા. વાર્તાઓ તૈયાર થતી જતી હતી. લખવાની અને સર્જાતી જોવાની ખૂબ મજા આવતી હતી. મને પળેપળ ભાન હતું કે હું કોઈ વાર્તાકાર નથી. ઉત્તમ વાર્તા લખવાનો તો સવાલ પણ ન હતો. સામાન્યતમ વાર્તાઓ જ લખાતી હતી. પણ મારે તો કંઈ કોઈ ઇનામ વગેરે મેળવવા ન હતા. મારે તો ઇતિહાસનાં પાનાઓમાં દટાયેલ કે તેના દ્વારા ઉવેખાયેલ પાત્રોની વાતોને વ્યક્ત કરવી હતી. ધૂળિયા રસ્તા પર જીવતાં પાત્રો પણ ક્યારેક ઇતિહાસને કેવો વળાંક આપવામાં નિમિત્ત થતા હોય છે તે કહેવું હતું. એટલે ટીકા-ટીપ્પણની ચિંતા ન હતી. લખ્યે ગયો. દસે પાત્રો વિશે લખાઈ ગયું.

પછી ડરતે-ડરતે મેગેઝિનોમાં મોકલવા લાગ્યો. તો સરસ પ્રતિભાવો આવવા લાગ્યા. "ગાયિકા" તો જાણીતા મેગેઝિનમાં આવી. તેના પ્રતિભાવોએ તો ગદ્‌ગદ્ કરી દીધો. છેક કોલકાતા, બેંગ્લોર ને વૃંદાવનથી પ્રતિભાવો આવ્યા. વાચકોએ પણ ગદ્‌ગદ્‌પણું અનુભવ્યું. આ અનુભવે વધારે પ્રોત્સાહન આપ્યું. 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના શ્રી અશોકભાઈ મહેતાએ તો કાયમી આવી વાર્તાઓ લખવાનું આમંત્રણ આપી દીધું. બધી વાર્તાઓ તો મેગેઝિનોમાં નથી આવી, પણ કેટલીક આવી. પણ મનમાં જે વિચાર રમતો હતો તે પ્રગટ તો કરી શકાયો. મને પણ વાંચતાં મજા આવતી હતી.

હવે? ફરી એ જ અસ્તિત્વગત સમસ્યા. કોણ છાપશે? એક વાર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની મીટિંગમાં શ્રી મનુભાઈ શાહ હાજર હતા. તેઓ ત્યારે ખીલ્યા હતા. વાતવાતમાં મેં ડરતાં-ડરતાં આ વાત મૂકી. તેમણે તૈયાર થાય તો મોકલાવવા સૂચન કર્યું. હાશ! હવે ઉત્સાહ વધી ગયો. ત્યારે બે વાર્તા બાકી હતી. સમય મળ્યે તરત પૂરી કરી.

એ ખ્યાલ હતો કે આ ગૌણ પાત્રોની કથાઓ હતી. ભાગ્યે જ કોઇને તેમના સંદર્ભનો ખ્યાલ હોય. એટલે એક અલગ પૂર્વભૂમિકા તૈયાર કરી છે અને આ પાત્રોનો પરિચય આપ્યો છે, જેથી વાંચતી વેળા સંદર્ભ પકડાય અને કથા સમજવામાં મદદ મળે.

પણ સાચું કહું છું, લખવાની ભારે મજા આવી. ખૂણામાં જીવેલા, સામાન્ય કહેવાતા છતાં જબરા લોકોને સત્સંગ થયો. હજી પણ આવા અનેક લોકો ઇતિહાસમાંથી ડોકિયું કરતા દેખાય છે અને તેઓ પણ તેમની કથા લખવા લલચાવે છે. જોઈએ, શું થાય છે. અત્યારે તો આટલા જ પ્રકાશિત કરી શકાયા છે.

આ કથાઓ લખી શકાઈ તેનો સઘળો યશ કેવળ 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના શ્રી અશોકભાઈ મહેતાને જાય છે. તેમને કચ્છનો ઇતિહાસ તૈયાર કરાવવાનું સૂઝ્યું, તેમાં મને સામેલ કર્યો, વિવિધ કામો સોંપ્યાં, તે નિમિત્તે જ વારંવાર વંચાયું. તેથી જ આ પાત્રો તરફ ધ્યાન ખેંચાતું ગયું અને લખાયું. સમગ્ર કાઉન્સિલનો આભારી છું.

જેમજેમ વાર્તાઓ લખાતી ગઇ, તેમતેમ વડીલો અને મિત્રો શ્રી પ્રબોધભાઈ માંકડ, શ્રી બાબુલાલ ગોર કે બહેન દર્શનાને વંચાવતો રહ્યો. તેમનાં સૂચનોનો થઈ શકે ત્યાં અમલ કર્યો. તે બધાંનો પણ આભારી છું.

તો 'કચ્છમિત્ર', 'અખંડઆનંદ', 'શબ્દસર' કે 'મંગલ મંદિર' વગેરેના તંત્રીઓનો પણ આભારી છું કે તેમણે આ વાર્તાઓ છાપી અને લોકો સુધી પહોંચાડી.

*અવગુણ એટલે વહાણના તળિયામાં પડેલું કાણું; નાનું હોય કે મોટું અંતે તો ડૂબાડે જ છે.*

'હોલી'ની કથા મારાં પૂ. માસી શ્રી કિશોરબાળા વૈષ્ણવે કહી હતી. 'ગાયિકા'ની વાત અમે વિવેકાનંદ કચ્છમાં આવ્યા ત્યારે ક્યાં રહ્યા અને ગયા હતા તેની ખાંખાંખોળ કરતા હતા ત્યારે સાંભળી હતી. તેમાં મિત્ર શ્રી બકુલેશ ધોળકિયાનો ફાળો મહત્ત્વનો હતો. તેમનો પણ આભારી છું. શ્યામજી કૃષ્ણવર્મા પર ડૉ. કાંતિ ગોરે સેમિનાર કરેલ અને મને એક મુદ્દો સોંપેલ. ત્યારે વાંચવાનું થયેલ અને ત્યાર પછી તેઓ ખૂબ આકર્ષતા રહ્યા. તેમના વિશે અનેક લેખો લખાયા. પણ તેનું નિમિત્ત આપનાર ગોરસાહેબ જ હતા. તેથી તેમનો પણ આભારી છું. વડીલ શ્રી ઉમિયાશંકરભાઈ અજાણીનું માર્ગદર્શન સતત મળતું રહ્યું. તેમનો તો હંમેશનો ઋણી છું. અને, મહત્ત્વની બાબત, ઘરનાં સભ્યોએ કામ કરવાની હંમેશ અનુકૂળતા કરી આપી છે. માટે જ શાંતિથી લખી શકાય છે. તેમનો આજીવન ઋણી છું. અને, મૂળ વાત કે, શ્રી મનુભાઈના પ્રોત્સાહન વિના આ પુસ્તક આજે આપના હાથમાં જ ન હોત. એટલે તેમનો અને ગૂર્જર પ્રકાશનનો પણ ખૂબ ખૂબ આભારી છું. આ બધાના જબરદસ્ત સહકાર વિના આ પુસ્તક ન થાત.

આ પુસ્તક વાંચતી વેળા એક જ વાત ખ્યાલમાં રાખવાની છે. તેને વાર્તા કે ઈતિહાસ કે કલાત્મકતા વગેરે મુદ્દાથી ન જોતાં સમાજમાં અદશ્ય રહી સમાજને વિકસિત કરવામાં જે કહેવાતા સામાન્ય અને મોટાભાગે અવગણાતા લોકોનો ખૂબ ફાળો હોય છે તે નોંધવાનું છે. તેઓ રાજા, પ્રધાન, સત્તાધારી, ધનવાન કે ગુંડા – કશું નથી હોતા કે તેમનો પ્રચાર થાય કે તેઓ જાતે કરે. તેઓ તો ક્યારેક તેમના માથે આવી જવાબદારી આવી પડતી હોય છે માટે, કદાચ, અવશ થઈને કામ કરતા હોય છે. ક્યારેક વફાદારીની ભાવનાથી કરતા હોય છે. પણ તેમને ખબર નથી હોતી કે તેઓ કેવું જબરું કામ કરે છે! તેમના કામનું કેવું પરિણામ આવતું હોય છે! જીકડી કે ભીંયાં કકલ અને તેની પત્ની કે ભાનુમતી કે નાની... ચૂપચાપ ઈતિહાસ સર્જવામાં નિમિત્ત બની ગયા. એટલે આ બધાં પાત્રો એક પ્રભાવક હકારાત્મક ચેતના ઊભી કરે છે. વાંચતી વેળા આ ખ્યાલમાં રાખીને વંચાશે તો યોગ્ય કદર થશે.

જે હોય તે, પણ આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે ત્યારે એક સંતોષનો અનુભવ થાય છે. થોડા વખત પહેલાં ઈતિહાસના સંદર્ભમાં "નિયતિનું સંતાન" નવલકથા પ્રકાશિત કરેલ. જેને ધાર્યા કરતાં ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ. આશા છે, આ પુસ્તકને પણ એવો જ પ્રતિભાવ મળશે તો સંતોષ થશે.

વાચકોના દરેક પુસ્તકોના ઉત્તમ પ્રતિભાવો મળતા રહ્યા છે. આનો પણ પ્રતિભાવ મળશે, તો વધારે આનંદ થશે.

*ન્યુ મિન્ટ રોડ, પેરીસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોનઃ (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I **KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

Splendid
**P & G Enterprise**
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**
**• PACKED & MARKETED BY •**
**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

*તમને ડૂબાડવા માટે એવા લોકો પણ હશે જેમને તરતા તમે પોતે જ શીખવ્યું હશે.*

જાણકારી

# માનવ શરીરની અજાયબી

વૈજ્ઞાનિકો પણ માનવ શરીરની અજાયબી જાણી આશ્ચર્ય અનુભવી રહ્યા છે. શરીર વિશેની વિવિધ માહિતી જાણો :

- **મજબૂત ફેફસા :**
  આપણા ફેફસા દરરોજ ૨૦ લાખ લીટર હવાને ફિલ્ટર કરે છે. આપણને એનો અંદેશો પણ નથી આવતો. જો ફેફસાને ખેંચવામાં આવે, તો તે ટેનિસ કોર્ટના એક હિસ્સાને આવરી લેશે.
- **આવી કોઈ ફેક્ટરી નથી :**
  આપણું શરીર દર સેકન્ડે ૨૫ કરોડ નવા સેલ બનાવે છે. વળી દરરોજ ૨૦૦ અબજથી વધુ રક્ત કોશિકાઓ ઉત્પન્ન થાય છે. દર વખતે શરીરમાં ૨૫૦૦ અબજ રક્ત કોષો હોય છે. લોહીના એક ટીપામાં ૨૫ કરોડ કોશિકાઓ છે.
- **લાખો કિલોમીટર મુસાફરી :**
  માનવ રક્ત દરરોજ શરીરમાં ૧,૯૨,૦૦૦ કિ.મી. મુસાફરી કરે છે. આપણા શરીરમાં સરેરાશ ૫.૬ લીટર લોહી છે. જે દર ૨૦ સેકંડે એકવાર સમગ્ર શરીરમાં ફરી લે છે.
- **ધબકારા :**
  તંદુરસ્ત વ્યક્તિનું શરીર દરરોજ ૧,૦૦,૦૦૦ વખત ધબકે છે. તે વર્ષમાં ૩૦ કરોડ કરતાં વધુ વખત ધડકી ચૂક્યું હોય છે. હૃદયના પમ્પિંગનું દબાણ એટલું વધારે હોય છે કે તે લોહીને ૩૦ ફૂટ જેટલું ઉપર ઉછાળી શકે છે.
- **બધા કેમેરા અને દૂરબીન નિષ્ફળ :**
  માનવ આંખ એક કરોડ રંગો વચ્ચેનો બારીકમાં બારીક તફાવત પારખી શકે છે. હાલમાં વિશ્વમાં એવું કોઈ મશીન નથી જે તેની સાથે સ્પર્ધા કરી શકે.
- **નાકમાં એર કંડિશનર :**
  આપણા નાકમાં કુદરતી એરકંડિશનર છે. તે ઠંડી હવાને ગરમ અને ગરમ હવાને ઠંડી કરી ફેફસામાં જવા દે છે.
- **કલાક દીઠ ૪૦૦ કિ.મી.ની ગતિ :**
  ચેતાતંત્ર શરીરના બાકી હિસ્સામાં કલાકના ૪૦૦ કિ.મી.ની ઝડપે જરૂરી સૂચનાઓનું પ્રસારણ કરે છે. માનવ મગજમાં ૧૦૦ અબજ કરતાં વધુ નર્વ સેલ્સ છે.
- **જબરદસ્ત મિશ્રણ :**
  શરીરમાં ૭૦ ટકા પાણી છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં કાર્બન, જસત, કોબાલ્ટ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફેટ, નિકલ અને સિલિકોન છે.
- **અજબ છીંક :**
  છીંકતી વખતે બહાર ફેંકાતી હવાની ઝડપ પ્રતિ કલાક ૧૬૬થી ૩૦૦ કિ.મી. સુધી હોઈ શકે છે. ખુલ્લી આંખે છીંકવું અશક્ય છે.
- **બેક્ટેરિયાનું ગોદામ :**
  માનવ શરીરનું ૧૦ ટકા વજન એમાં રહેલા બેક્ટેરિયાને કારણે છે. એક ચોરસ ઈંચ ત્વચામાં ૩.૨ કરોડ બેક્ટેરિયા હોય છે.
- **ઇ.એન.ટી.નું વિચિત્ર વિશ્વ :**
  આંખો બાળપણમાં જ પૂરેપૂરી વિકસી ચૂકે છે. બાદમાં તેમાં કોઈ વિકાસ થતો નથી. જ્યારે નાક અને કાનનો વિકાસ સમગ્ર જીવન પર્યંત ચાલુ રહે છે. કાન લાખો અવાજોમાં ભેદ પારખી શકે છે. કાન ૧૦૦૦થી ૫૦,૦૦૦ હર્ટ્ઝ વચ્ચેનાં અવાજનાં મોજા સાંભળી શકે છે.
- **દાંતની કાળજી લો :**
  માનવ દાંત શિલા જેવા મજબૂત છે. પરંતુ શરીરના અન્ય ભાગો પોતાની કાળજી પોતે જ લે છે. જ્યારે દાંત બીમાર થયા પછી પોતાને સુધારવા માટે સક્ષમ નથી.
- **મોંમાં ભીનાશ :**
  માનવ મોંમાં દરરોજ ૧.૭ લીટર લાળ બને છે. લાળ ખોરાકનું પાચન કરે છે. તે ઉપરાંત જીભમાં રહેલી ૧૦,૦૦૦ કરતાં વધુ સ્વાદ ગ્રંથિઓને ભેજવાળી રાખે છે.
- **પલક ઝપકતા :**
  વૈજ્ઞાનિકો માને છે કે પલક ઝપકવાથી આંખોનો પરસેવો બહાર નીકળે છે અને તેમાં ભીનાશ જળવાઈ રહે છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ બમણી વાર પલક ઝપકાવે છે.

*જીતવાની મજા તો ત્યારે જ આવે, જ્યારે આખી દુનિયા તમારી હારની રાહ જોઈને બેઠી હોય!*

- **નખની કમાલ :**
અંગૂઠાના નખ સૌથી ધીરે ધીરે વધે છે. જ્યારે મધ્યમ આંગળીના નખ સૌથી વધુ ઝડપે વધે છે.

- **દાઢીના વાળ :**
પુરુષોમાં દાઢીના વાળ સૌથી ઝડપી વધે છે. જો કોઈ વ્યક્તિ આખું જીવન દાઢી ના કરે તો એની દાઢી ૩૦ ફૂટ લાંબી હોઈ શકે છે.

- **ખોરાકનું ગણિત :**
વ્યક્તિ સામાન્ય રીતે ખાવા પાછળ પાંચ વર્ષની જિંદગી ખર્ચે છે. જીવનપર્યંત આપણે આપણા વજન કરતાં ૭,૦૦૦ ગણો વધારે ખોરાક ખાધો હોય છે.

- **વાળ ખરવાની પરેશાની :**
એક તંદુરસ્ત માણસના માથામાંથી દરરોજ ૮૦ વાળ ખરતા હોય છે.

- **ડ્રીમ વર્લ્ડ :**
બાળક દુનિયામાં આવે તે પહેલા પણ એટલે કે માતાના ગર્ભાશયમાં જ સ્વપ્ન જોવાનું શરૂ કરે છે. વસંતઋતુમાં બાળક ઝડપથી વિકાસ પામે છે.

- **ઊંઘનું મહત્ત્વ :**
ઊંઘ દરમિયાન માણસની ઉર્જા બળે છે. મગજ મહત્ત્વપૂર્ણ માહિતીનો સંગ્રહ કરે છે. શરીરને આરામ મળે છે અને સમારકામનું કામ પણ થાય છે. ઊંઘ દરમિયાન જ શારીરિક વિકાસ માટે જરૂરી હોર્મોન્સ મુક્ત થતા હોય છે.

***તેથી તમારા કિંમતી શરીરનું ઓછું મૂલ્યાંકન કરશો મા.***

***(વૉટ્સઍપ મેસેજમાં આવેલ સમાચાર)***

## રમૂજી ટુચકો : હરિત ક્રાંતિ

દેશના સૌથી મોટા બે કિસાન!

૧૦ એકર જમીનમાં રૂા. ૧૧૩ કરોડના રીંગણા પેદા કરવાવાળી સુપ્રિયા મૂલે

***અને***

બાલ્કનીના ગમેલાઓમાં રૂા. ૭ કરોડની કોબી પેદા કરવાવાળા ચિદમ્બરમ્.

ફોર્મ્યુલાની બધાને જાણ થઈ જાય તો દેશમાં હરિત ક્રાંતિ આવી જાય!

## ગુજરાતના દરેક જીલ્લામાં આવેલી મહત્ત્વની નદીઓ

- **કચ્છ** : ખારી, કનકાવતી, રૂકમાવતી, ભૂખી, સુપી, માલણ, ચાંગ, નારા, નાગમતી, કાળી.
- **બનાસકાંઠા** : સીપુ, બનાસ, સરસ્વતી, અર્જુન.
- **પાટણ** : બનાસ, સરસ્વતી, રૂપેણ.
- **મહેસાણા** : રૂપેણ, પુષ્પાવતી.
- **ગાંધીનગર** : સાબરમતી, ખારી, મેશ્વો.
- **સાબરકાંઠા** : હરણવાવ, હાથમતી, સાબરમતી.
- **અરવલ્લી** : માઝમ, વાત્રક, મેશ્વો.
- **છોટા ઉદેપુર** : સુખી, ઓરસંગ, હીરણ, મેણ.
- **મહીસાગર** : મહી, પાનમ, દેવ, મેસરી.
- **પંચમહાલ** : મેસરી, ગોમા, કારોડ, પાનમ.
- **દાહોદ** : પાનમ, અનાસ, માચણ, હડફ, પાનમ.
- **ખેડા** : વાત્રક, માહોર, મહી, શેઢી, લૂણી.
- **આણંદ** : મહી, સાબરમતી.
- **અમદાવાદ** : સાબરમતી, મેશ્વો, ખારી, સૂકભાદર.
- **વડોદરા** : વિશ્વામિત્રી, ઢાઢર.
- **ભરૂચ** : નર્મદા.
- **નર્મદા** : નર્મદા, કરજણ.
- **સુરત** : કીમ, તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા.
- **તાપી** : તાપી, પૂર્ણા
- **ડાંગ** : પૂર્ણા, અંબિકા
- **નવસારી** : પૂર્ણા, અંબિકા, મીંઢોળા, કાવેરી.
- **વલસાડ** : ઔરંગા, પાર, કોલક, દમણગંગા.
- **સુરેન્દ્રનગર** : વઢવાણ ભોગવો, લીંબડી ભોગવો
- **બોટાદ** : ઘેલો, કાળુભાર, નીલકા.
- **ભાવનગર** : ઘેલો, કાળુભાર, શેત્રુંજી, માલણ.
- **અમરેલી** : શેત્રુંજી, માલણ, કાળુભાર.
- **ગીર સોમનાથ** : હીરણ, શિંગવડુ, માચ્છુન્દ્રી, માલણ, રાવળ.
- **જૂનાગઢ** : ઓઝત, ઉબેણ.
- **પોરબંદર** : ભાદર, ઓઝત, ઉબેણ, મીણસાર, મધુવંતી.
- **દેવભૂમિ દ્વારકા** : સની.
- **જામનગર** : નાગમતી, ફુલજણ, કંકાવતી, ઊંડ.
- **રાજકોટ** : ભાદર, ઘેલો, ગોંડલી, માજ, આજી, ફોકળ.
- **મોરબી** : મચ્છુ, બ્રહ્માણી.

ઇતિહાસ

# બોમ્બે સ્ટોક એક્ષચેન્જનો ઇતિહાસ

૧૪૪ વર્ષ પહેલાં પાંચ ગુજરાતીઓએ વડના ઝાડ નીચે બોમ્બે સ્ટોક એક્ષચેન્જની શરૂઆત કરી હતી.

૫ ગુજરાતીઓએ ચર્ચગેટ નજીક વડના ઝાડ હેઠળ શરૂ કરેલ સંસ્થા આજે ભારતીય અર્થતંત્રનો ધબકાર મનાય છે. આજે રૂા. ૧૪૮ લાખ કરોડનું માર્કેટ કેપ ધરાવતા બોમ્બે સ્ટોક એક્ષચેન્જમાં આરંભે સભ્ય ફી ફક્ત ૧/- રૂા. હતી. BSEના સ્થાપક પ્રેમચંદ રાયચંદ બ્રિટનની કોટન મિલની કુલ જરૂરિયાતનું ૬૫% રૂ સપ્લાય કરતા હતા.

રીઝર્વ બેંકને જો ભારતીય અર્થતંત્રનું હૃદય ગણવામાં આવે તો એ હૃદય સુધી લોહી પહોંચાડનાર તંત્ર એટલે બોમ્બે સ્ટોક એક્ષચેન્જ. એવું કહેવાય છે કે બોમ્બે સ્ટોક એક્ષચેન્જને શરદી થાય તો સમગ્ર દેશને તાવ આવી જાય. દેશની આર્થિક ગતિવિધિના કેન્દ્રસ્થાને રહેલું આ શેરબજાર આજે ૧૪૪ વર્ષનું થઈ રહ્યું છે. આજે સ્ટોક એક્ષચેન્જની ઈમારત સમગ્ર મુંબઈનું પ્રતીક ગણાય છે. પરંતુ ૧૪૪ વર્ષ પહેલાં તેની શરૂઆત એ જ જગ્યાએ એક વડના ઝાડ હેઠળ થઈ હતી અને તેની સ્થાપનામાં મોખરાની ભૂમિકા ભજવનારા પાંચે પાંચ લોકો ગુજરાતી હતા. ભારત જેવા વિશાળ દેશની અર્થવ્યવસ્થાના આધારરૂપ ગણાતી આ સંસ્થા અને તેના સ્થાપકોની કહાની કોઈ ફિલ્મ કે નવલકથાને ય ટક્કર મારે એટલી રોચક છે.

## ૧ રૂા.ની સભ્ય ફી થી ૧૪૮ લાખ કરોડ રૂપિયાના માર્કેટ કેપ સુધીની રોચક કહાની

- મુંબઈનો ઈતિહાસ જેમના ઉલ્લેખ વગર અધૂરો કહેવાય એવા ગુજરાતી માલેતુજાર પ્રેમચંદ રાયચંદ ઓગણીસમી સદીના અગ્રણી બિઝનેસમેન હતા. મૂળ સુરતના જૈન પરિવારના પ્રેમચંદ એ જમાનામાં મુંબઈના એકમાત્ર એવા વેપારી હતા જે અંગ્રેજોની સાથે ધાણીફૂટ અંગ્રેજીમાં, ફ્રેંચ વેપારીઓ સાથે ફ્રેંચમાં અને પોર્ટુગીઝ સાથે સ્પેનિસ ભાષામાં વાત કરી શકતા હતા.
- એવું કહેવાય છે કે એ જમાનામાં સમગ્ર ગુજરાતમાં કપાસના વાવેતર થાય અને પાકેલો સઘળો માલ મુંબઈની દિશા પકડે ત્યારે તેનો એકમાત્ર ખરીદદાર હોય પ્રેમચંદ રાયચંદ! દેશભરમાં થતા કપાસના કુલ ઉત્પાદનનો અડધોઅડધ હિસ્સો ખરીદી લેતા પ્રેમચંદ રાયચંદ કોટન કિંગ કહેવાતા.
- ઈંગ્લેન્ડનું માન્ચેસ્ટર શહેર કોટન મિલનું મુખ્ય કેન્દ્ર ગણાતું હતું. ઓગણીસમી સદીમાં માન્ચેસ્ટરમાં ૧૮૦ જેટલી કોટન મિલો ધમધમતી હતી અને તેમાંની મોટાભાગની મિલને રૂનો સપ્લાય કરનારા પ્રેમચંદ રાયચંદ હતા.
- રૂના આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે પ્રેમચંદ રાયચંદે જ મુંબઈમાં રૂના સટ્ટાની શરૂઆત કરી હતી. જેમાં દ્વારકાદાસ ગોકળદાસ, મથુરદાસ હરજીવન નામના કપોળ વણિક જ્ઞાતિના બે શેઠિયા પણ પ્રેમચંદના ભાગીદાર હતા. આ ભાગીદારોએ રૂ ઉપરાંત કોમોડિટી ઉત્પાદનોના સટ્ટાની શરૂઆત કરી. શરૂઆતમાં પ્રેમચંદના ભાયખલ્લા સ્થિત બંગલાના કમ્પાઉન્ડમાં સટ્ટો રમાતો. પરંતુ સંખ્યા ધીમે ધીમે વધવા લાગી. આથી તેમણે સ્થળ બદલ્યું.
- ચર્ચગેટ નજીક હોર્નિમાન સર્કલ પાસે એ જમાનામાં ટાઉનહોલ હતો. આજે એ સ્થળે મોટું ઉદ્યાન બની ગયું છે. ત્યાં એક વડના ઝાડ હેઠળ પ્રેમચંદ, દ્વારકાદાસ, મથુરદાસ, ઘનશ્યામદાસ ખટાઉ અને દિનશા પીટીટ નામના પારસી મિલ માલિક – એમ પાંચ અગ્રણી વેપારીઓના માર્ગદર્શન હેઠળ સટ્ટાની પદ્ધતિસરની શરૂઆત થઈ. બ્રિટીશ પદ્ધતિ મુજબની શિસ્ત લાવવાના હેતુથી તેના નિયમો ઘડાયા. સટ્ટામાં ભાગ લેવા માટે સભ્ય ફી તરીકે ૧ રૂા. નક્કી થયો અને સંગઠનને નામ અપાયું 'નેટીવ શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ એસોસિએશન.' આ જ સંસ્થા એટલે આજનું બોમ્બે સ્ટોક એક્ષચેન્જ.
- શરૂઆતમાં આ એક્ષચેન્જમાં કુલ ૨૫ વેપારીઓ જોડાયા હતા. જેમાં ૧૮ ગુજરાતી, ૪ મારવાડી, ૨ દક્ષિણ ભારતીય અને ૧ પંજાબી હતા. પ્રથમ મહિને જ સંખ્યા વધીને ૩૧૮ સુધી પહોંચી ગઈ. વડના ઝાડ હેઠળ ખુલ્લામાં ચટાઈ પાથરીને સટ્ટાના ભાવતાલ થતા હોવાથી સાધારણ લોકો તેમને ચટાઈયા તરીકે ઓળખતા.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)

*ક્યારેક ક્યારેય ફરીયાદ કરવા કરતા ખામોશ રહેવું વધારે ઉત્તમ છે કેમકે તેનાથી ફરક ના પડવાનો હોય તો ફરીયાદ શા માટે?*

જબાન

# શબ્દબોધ

# અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૪)




તુલસી કંસારા

***Amorphous* = *અમૉર્ફસ*** = *ચોક્કસ આકાર વિનાનું, પાસા પાડ્યા વિનાનું, અવ્યવસ્થિત, વિલક્ષણ*



ગ્રીક ભાષામાં જ્યારે કોઈપણ પદાર્થ ચોક્કસ આકાર કે દેખાવ વિનાનો હોય ત્યારે તેને વિધાઉટ મોર્ફ, કોઈ પણ આકાર આપ્યા વિનાનો પદાર્થ કહેવાતો. જેના પરથી આ શબ્દ અમૉર્ફસ બનેલ છે. આપણે ત્યાં સુરત તેમજ સૌરાષ્ટ્ર અને અમદાવાદમાં વિકસેલ હીરા ઘસવાના ઉદ્યોગમાં જ્યારે હીરાના પથ્થર ઉપર પાસા પાડવામાં આવેલ ન હોય ત્યારે તે બાજુમાં દર્શાવેલ આડા-અવળા આકાર વિનાના, અવ્યવસ્થિત દેખાતા હોય છે. જેને અંગ્રેજીમાં અમૉર્ફસ કહેવાય છે. આ શબ્દનો ઉપયોગ ફિઝીક્સ અને મટીરીયલ સાયન્સમાં વધારે થાય છે. આવા અમૉર્ફસ પદાર્થમાં મજબૂતાઈ ઓછી હોય છે, પરંતુ તેનામાં સામર્થ્ય, પ્રાબલ્ય, જોર, બળ, શક્તિની માત્રા વધારે હોય છે. (Amorphous metals have low toughness, but high strength) કાચ આનો તાદૃશ્ય નમૂનો છે. તેને ટફન કરવાની પ્રોસેસમાંથી પસાર કરવાથી તેની મજબૂતાઈ વધે છે. આજકાલ આ ટફન શબ્દ તમને મોબાઈલના સ્કીનને કવર કરવા માટે વપરાતા ટફન ગ્લાસની રસ્તા ઉપર બોર્ડ મૂકીને જાહેરાત કરતા, નાના ફેરીયાઓને ત્યાં વધારે દેખાશે.

***Abrogation* = *ઍબ્રોગેશન*** = *રદબાત્તલ, વિલોપન, ઉચ્છેદ કે નિરસન.*




રોમન કાયદા હેઠળ કાયદેસર રીતે કોઈ કાયદાના નાબૂદ કરવાના કામને લેટીન ભાષાનો શબ્દ ઍબ્રોગાટીઓ વપરાય છે. ઓલ્ડ ટેસ્ટામેન્ટની જગ્યાએ નવો ટેસ્ટામેન્ટ લાવવામાં આવેલ તેને એબ્રોગેશન ઑફ ઓલ્ડ કોવેન્નટ લૉઝ કહેવાય છે. આ અંગ્રેજી શબ્દનો મતલબ થાય છે કોઈ પણ કાયદાને રદબાત્તલ કરવો અથવા તો એવો કાયદો પસાર કરવો, જે અગાઉના કાયદાની વિરૂધ્ધમાં જતો હોય. આ શબ્દ કોઈપણ કરારની કોઈ શરતને પાછી ખેંચવા માટે પણ વપરાતો હોય છે. તાજેતરનો દાખલો જોઈએ તો આઝાદી પછી ૧૯૪૭-૪૮થી આપણા દેશનો માથાનો દુઃખાવો બની ગયેલ જમ્મુ-કાશ્મીર, જ્યાં આતંકવાદ ફૂલ્યોફાલ્યો હતો, તેની દવા કરતો સિત્તેર વરસ જૂનો રાષ્ટ્રપ્રમુખનો વટહુકમ, જે ભારતના બંધારણના આર્ટીકલ ૩૭૦ના નામે એક ભાગ બની ગયેલ, તેને પાર્લામેન્ટમાં ભાજપની બહુમતી થતાં નાબૂદ કરવામાં આવેલ છે.

***Deja vu* = *ડેઝાવૂ*** = *આવો જ પ્રસંગ અગાઉ અનુભવમાં આવી ગયેલો છે એવી લાગણી કે આભાસ.*



ઘણીવાર એવું બને કે કોઈ અજાણી જગ્યા પર આપણે ગયા હોઈએ કે ક્યારેક વાતો કરતા હોઈએ અને એવું લાગે કે આવી ઘટના કે આવી વાતો પહેલા પણ ક્યારેક બની છે. ક્યારે, ક્યાં એ કાંઈ સમજાતું નથી. આવી લાગણીને 'Deja Vu' ડેઝાવૂ કહેવામાં આવે છે. આ એક ફ્રેન્ચ શબ્દ છે, જેનો અર્થ થાય છે 'પહેલા પણ અનુભવાયેલું.' 'ડેઝાવૂ'ની અંદર જ બે રીતની લાગણી હોય છે. આ બે શબ્દનો અર્થ થાય છે પહેલા પણ જોયેલી જગ્યા અને પહેલા પણ અનુભવાયેલું. આ બંને ભાવનાઓથી બને છે 'ડેઝાવુ'ની ફિલીંગ. પરંતુ આ લાગણી આવે છે ક્યાંથી? પહેલા એવું માનવામાં આવતું હતું કે આવી લાગણીઓ પૂર્વજન્મ સાથે જોડાયેલી છે. પરંતુ વૈજ્ઞાનિકો આને ખોટું કહે છે. આ આખી ઘટનાનો સંબંધ આપણા મગજના વિચારવા અને યાદ રાખનાર ભાગ સાથે રહેલો છે. જ્યારે આપણે ઘણા

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૧ ઉપર)**

હાસ્ય લેખ

# શું આજે ન્યુઝપેપર નહીં આવે?



ચિત્રસેન શાહ

ઓગસ્ટ - સપ્ટેમ્બર મહિનામાં ઘણી રજાઓ ગઈ. તેથી 'શું આજે ન્યુઝપેપર નહીં આવે?' તેવા વિચારમાત્રથી મોટાભાગના લોકો બેચેની અનુભવે છે! કેટલાકને તો જિંદગી જીવવા જેવી જ નથી લાગતી! અને કેટલાક તો વળી ન્યુઝ પેપરના સ્ટાફની રજાને સામાન્ય નાગરિકની સજા તરીકે જુએ છે. વળી જે દિવસે ન્યુઝ પેપર આવવાનું ન હોય તેની આગલી રાત્રે ઘણાને ઊંઘ નથી આવતી. આ કારણોને લીધે અમને લાગે છે કે મનુષ્યની ત્રણ પ્રાથમિક જરૂરિયાત 'રોટી, કપડા ઔર મકાન'માં ચોથી જરૂરિયાત પણ ઉમેરવી જોઈએ અને તે ન્યુઝપેપર! હવે જો કોઈ મનોજકુમારનું નવું પિક્ચર બનાવે તો તેને નામ આપે : 'રોટી, કપડા, મકાન ઔર ન્યુઝપેપર!'

ક્યારેક ન્યુઝ પેપર આવવામાં મોડું થાય ત્યારે લોકો હાંફળા ફાંફળા થઈ જાય છે! કેટલાક તો વળી પાગલ જેવા પણ થઈ જાય છે અને પાગલપણામાં તેવા લોકો ન્યુઝ પેપરના એજન્ટથી માંડી તંત્રી, મેનેજર કે ક્યારેક તો તેના માલીક સુદ્ધાંને ઊંઘમાંથી જગાડે છે!

અમારે ત્યાં પણ ઘણીવાર એવું થાય છે ત્યારે અમે પણ પાગલ જેવા થઈ જઈએ છીએ! તે સમયે જો અમારા પડોશી જોઈ જાય તો અમારા વિશે તેમના મનમાં ગેરસમજ ઊભી થાય છે!

અમારે ત્યાં પેપર મોડું આવે અને અમારા એજન્ટને પૂછીએ તો જવાબ મળે, 'સાહેબ, ફેરિયો લગ્ન કરવા ગયો છે!' અમને મૂંઝવણ થાય છે કે ફેરિયો તો કોણ જાણે લગ્ન કરીને ક્યારે પાછો આવશે? તેના જવાબમાં એજન્ટ કહે છે કે 'એ તો અમે બીજા ફેરિયાની વ્યવસ્થા કરી છે, પરંતુ તેમાં જરા મોડું થશે તો નિભાવી લેશો!'

આવી રીતે પેપર આવવામાં બે-ત્રણવાર મોડું થયું અને દરેક વખતે જવાબ મળતો : 'સાહેબ, ફેરિયો લગ્ન કરવા ગયો છે!'

અમે તેમને પૂછ્યું : 'તમારો ફેરિયો કેટલા લગ્ન કરશે?'

તેના જવાબમાં તેણે કહ્યું : 'એ તો સાહેબ, અલગ અલગ ફેરિયા હોય એટલે અલગ અલગ જ લગ્ન કરવા પડે ને!'

અમારા પાંચ ફેરિયા કાંઈ પાંડવ નથી!

ન્યુઝ પેપર એજન્ટની સેન્સ ઑફ હ્યુમર અંગે અમને માન થયું! આ રીતે ન્યુઝ પેપર એ લોકો માટે વ્યસન જેવું બની જાય છે! (વ્યસનમુક્તિ કરાવવાવાળા જો આ જાણી જશે તો કદાચ આ વ્યસન પણ છોડાવી દેશે!)

મોટાભાગના લોકોને તો સવારના પહોરમાં ઊઠતાની સાથે જ ચા સાથે ન્યુઝ પેપર પણ જોઈએ જ! અને ન્યુઝ પેપર વાંચતા વાંચતા ચા પીવાય તેમાં ચા ઘણીવાર ઠંડી થઈ જાય છે! મારે પણ ઘણીવાર એવું થાય ત્યારે પત્નીને ચા ફરીથી ગરમ કરી આપવાની વિનંતી કરવી પડે છે. પરંતુ વિનંતીના જવાબમાં ચાને બદલે પત્ની ગરમ થઈ જાય છે!

એક પરીક્ષામાં નિબંધ પૂછાયો, જેનો વિષય હતો "ન્યુઝ પેપર વગરની જિંદગી!"

એક પરીક્ષાર્થીએ ઉત્તરમાં જવાબ લખવાના બદલે આખા પેજની ચારેબાજુ બ્લેક બોર્ડર બનાવી આખું પેજ બ્લેન્ક રાખ્યું અને નીચે લખ્યું હતું : 'ન્યુઝ પેપર વગરની જિંદગી આવી કોરીધાકોર હોય!'

વળી સમાજના વિવિધ સ્તરના લોકો માટે ન્યુઝ પેપરનું મહત્ત્વ અલગ અલગ હોય છે!

*દાખલા તરીકે –*

- મટકાના શોખીનો માટે આગલા દિવસનો ખૂલતો અને બંધ આંક!
- આળસુ તસ્કર(!) માટે – કેટલાક તસ્કર એવા આળસુ હોય છે કે તે લોકો ચોરી કર્યા પછી ચોરેલી રકમ ગણતા પણ નથી! તે લોકો વિચારે છે કે આવી લપછપમાં કોણ પડે? તેના કરતાં બીજે દિવસે ન્યુઝ પેપરમાં વાંચી લેશું!
- ભાગેડુ પ્રેમી પંખીડા માટે તેમના મા-બાપ તેમની શોધ ક્યાં ક્યાં ચલાવી રહ્યા છે તેની ખબર તેમને ન્યુઝ પેપરમાંથી જ મળે છે! તે લોકો તે અંગેની જાહેરાત પણ ઘણીવાર હોંશેહોંશે વાંચતા હોય છે : 'ચિ બંટી! ચિ. બબલી! તમે જ્યાં હો ત્યાંથી પાછા આવી જાઓ! તમને કોઈ વઢશે નહીં અને તમારી ઈચ્છા પ્રમાણે ગોઠવી દઈશું! બસ, હવે તો

*દુઃખ ઘણું છે એમ ના કહો, સહનશક્તિ ઓછી છે એમ કહો.*

પાછા આવશો ને?! લગ્ન કરવા જેવડાં યુવક-યુવતીઓ પણ ઘણીવાર આ રીતે બંટી-બબલી તરીકે ઓળખાતા હોય છે!

- કેટલાક લોકો ન્યુઝ પેપરનો ઉપયોગ કેલેન્ડર તરીકે એટલે કે ફક્ત તારીખ અને વાર જોવા જ કરતા હોય છે. તારીખ અને વાર જોઈ લીધા પછી પેપરનું ભૂંગળું વાળીને બાજુમાં મૂકી દે છે!
- શેરબજાર વાળા સેન્સેક્સ કેટલો ગબડ્યો(!) તે જાણવા!
- ન્યુઝ પેપર અંગેની આટલી રામાયણ વાંચ્યા પછી હવે વાંચો તે અંગેની અમારે ત્યાં થયેલ મહાભારતની કથા!

૧૪મી જાન્યુઆરી ઉત્તરાયણના દિવસે અમે રાબેતા મુજબ ન્યુઝ પેપર  લેવા વરંડામાં ગયા! ફેરિયો નિયત જગ્યાએ જ્યાં પેપર નાખી જતો હોય છે ત્યાં પેપર નો'તું એટલે અમે પેપરની શોધખોળ આરંભી. હીંચકા પર, તેના છાપરા પર, કમ્પાઉન્ડ વૉલ પર, કમ્પાઉન્ડ વૉલની બહાર, આસોપાલવના ઝાડ પર એમ બધે જ અમે ફરી વળ્યા પણ પેપર ક્યાંય દેખાયું નહીં. પરંતુ ત્યારબાદ અમારા ફળદ્રુપ ભેજામાં વિચાર આવ્યો કે 'હું પણ કેવો ભૂલકણો છું! આજે તો રજા છે! ન્યુઝ પેપર કેવી રીતે આવે?! પેપર શોધવાના નિષ્ફળ પ્રયત્ન મેં પડતા મૂક્યા! આ અંગે ઘરના કોઈ મેમ્બર જોડે પણ મારે કોઈ વાત થઈ નહીં કારણકે એ લોકો બધા પતંગના પેચ લડાવવામાં બિઝી હતા. આખા દિવસના અંતે પતંગ ચગાવીને કે ન ચગાવીને, પણ ઉંધિયું - જલેબી આરોગીને આખા દિવસના થાકેલા ઘરના બધા સભ્યો ઘસઘસાટ ઊંઘી ગયા!

બીજે દિવસે, એટલે કે ૧૫મી જાન્યુઆરીના વાસી ઉત્તરાયણના દિવસે અમે બધા હતા નવરાધૂપ! કારણકે વાસી ઉત્તરાયણમાં અમારે ત્યાં કોઈને રસ નો'તો! હવે બધાને ન્યુઝ પેપર યાદ આવ્યું! એટલે એક સાથે ઘરના બધા લોકો ઘરની બહાર ધસી ગયા - પેપર લેવા! પરંતુ બીજે દિવસે પણ પેપર તેની નિયત જગ્યાએ નો'તું! આગલા દિવસની જેમ જ અમે શોધખોળ આરંભી અને આગલા દિવસે ન જોયેલી જગ્યાએ પણ અમે શોધવા લાગ્યા! અને અંતે અમે સફળતા હાંસલ કરી!

સ્વામી વિવેકાનંદનું એક વાક્ય યાદ આવી ગયું : "ધ્યેયપ્રાપ્તિ સુધી પ્રયત્ન ચાલુ રાખો."

અમને પેપર લેટર બોક્સમાંથી હાથ લાગ્યું! આગલા દિવસે અમે તે જોવાનું ચૂકી ગયેલા! ફેરિયો પણ ખરો છે ને! તેણે પેપર શા માટે લેટર બોક્સમાં નાખ્યું હશે તેવા વિચારમાં અમે ખોવાયેલા હતા ત્યાં અમારા નોકરે ફોડ પાડ્યો. તેણે કહ્યું : 'સાહેબ, એ નવોનવો પરણેલો છે એટલે ઘણીવાર આવી ભૂલ કરી બેસે છે.' અમારો નોકર પી.એચ.ડી. કરી રહ્યો હોય એવું લાગ્યું.

ન્યુઝ પેપર જોયું તો તેના પર તારીખ હતી ૧૪મી જાન્યુઆરી – ઉત્તરાયણના દિવસની! તેના પ્રથમ પાને જ બોક્સમાં લખ્યું હતું : 'અંક બંધ – તારીખ ૧૪મી જાન્યુઆરી ઉત્તરાયણ નિમિત્તે પ્રેસમાં રજા હોવાથી તારીખ ૧૫મી જાન્યુઆરીનો અંક પ્રસિદ્ધ થશે નહીં તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે.'

આ રીતે ઉત્તરાયણને દિવસે ૧૪મી જાન્યુઆરીના રોજ પેપર 'લેટર બોક્સ'માં હતું અને અમને જાણ નો'તી. તેથી વાંચી શકાયું નો'તું અને ૧૫મી તારીખે અંક બંધ હોવાને કારણે ખરેખર પેપર આવ્યું નો'તું અને અમે શોધ્યા કરતા હતા! છતાં અમને લેટર બોક્સમાંથી ૧૪મી તારીખનું પેપર ૧૫મી તારીખે મળ્યું, જે અમે હોંશે હોંશે વાંચ્યું!

આ રીતે વાસી ઉત્તરાયણને દિવસે અમે વાસી ન્યુઝ પેપર વાંચ્યું! ■

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી

**(અનુસંધાન : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)**

થાકેલા હોઈએ છીએ કે ઘણા વધારે રીલેક્સ હોઈએ છીએ, ત્યારે મગજ થાકેલું હોય છે કે પછી સૂતેલું હોય છે. આવી સ્થિતિમાં આપણે સંબંધિત શબ્દો કે તેવી જ ભાવનાઓને એક જૂની યાદ સમજી લઈએ છીએ.

આપણા મગજરૂપી બોક્સમાં અલગ અલગ વિભાગ આવેલા છે. એક ભાગ છે જે આપણી યાદોને સંભાળીને રાખે છે. એક ભાગ આપણને નિર્ણય લેવામાં મદદ કરે છે. કોઈ ભાગ આપણી લાગણીઓને સંભાળે છે. 'ડેઝાવૂ' યાદશક્તિવાળા અને વર્તમાનનું કામકાજ સંભાળતા વિભાગની નીપજ છે. મગજનો એ ભાગ જે વર્તમાનમાં જીવે છે તે અને યાદોવાળો ભાગ એકબીજાની આગળપાછળ છે. માની લો કે આ બંને ભાગની વચ્ચે એક દરવાજો છે. જ્યારે વર્તમાનવાળો ભાગ કામ કરી રહ્યો છે ત્યારે યાદોવાળો ભાગ બંધ છે અને જો યાદોવાળો ભાગ ખૂલી ગયો છે તો વર્તમાનવાળો ભાગ બંધ થઈ ગયો છે. પરંતુ ક્યારેક ક્યારેક એવું પણ બને કે વર્તમાનવાળો ભાગ તેમજ યાદોવાળો ભાગ પણ ખુલ્લો હોય ત્યારે આપણું મગજ જાણે ભૂલભૂલામણીમાં પડી જાય છે, ગોથું ખાઈ જાય છે. જેના કારણે પહેલીવાર જોયેલા કે અનુભવેલા પ્રસંગને પણ આપણે જૂની યાદ સમજી બેસીએ છીએ. ■

## લઘુકથા : સ્વીકાર

નિરંજના અને વાસુદેવ આ સાંભળી સ્તબ્ધ રહી ગયા. પરિવર્તનનો અણસાર એમને આવી તો ગયો જ હતો. સાગર અને વિનીતાનું વર્તન પણ હમણા હમણા કંઈક બદલાયેલું અને ઉપરછલ્લું દેખાતું. પરાણે વાત કરતા, અથવા પપ્પા વાત કરે ત્યારે મોટેભાગે બેધ્યાન રહેવું. હેં...હેં... કરવું વિ. વર્તણૂંકથી બંનેને થોડો ઘણો ખ્યાલ આવી ગયો. પણ એકનો એક દીકરો છે, એ કંઈ સાવ છેલ્લા પાટલે થોડો બેસે?

પણ પૌત્રી વિદ્યા અને વંદિતાને દાદી-દાદા સાથે ખૂબ સારૂં બનતું. દાદા પાર્કમાં હીંચકા ખવડાવવા, લપસણી પર રમવા લઈ જાય. દાદી પણ વહાલ કરે. કૌરવો પાંડવોની, કૃષ્ણ ભગવાનના બચપણની વાર્તા કરે અને બંને પૌત્રી રાજી રાજી... ખિલખિલાટ હસતી, રમતી અને દાદી જોડે ઉમંગભેર નાચતી.. પણ ત્યારે જ વિનીતા આવીને બંનેને ખેંચીને લઈ જતી અને મોટેથી બોલતી, 'હોમવર્ક નથી કરવાનું? દાદી જોડે ઠઠ્ઠા મશ્કરી કર્યા કરો છો બંને બહેનો... અને તમે પણ બા... આ બંને તો નાની છે, પણ તમે નથી સમજતા?' નિરંજનાબેન સમજી જતા. ચૂપચાપ પોતાના રૂમમાં જઈ માળા ફેરવવા બેસી જતા.

પણ એક દિવસ તો હદ થઈ ગઈ. એક જ દીકરો. બે બહેનો તો ભર્યાભાદર્યા પરિવારમાં સુખી હતી. એમને આ બધી વાતો કહી નાહક ચિંતામાં નાખવી, એ વિચારી કશું ન બોલ્યા. આવું તો છેલ્લા ચાર-પાંચ વર્ષથી ચાલતું હતું. વાસુદેવભાઈ અને નિરંજનાબેન સુખી સંપન્ન ઘરના વડીલ હતા. વાસુદેવભાઈના ભાઈઓ-બહેનો પણ ધંધામાં અલગ હતા. એટલે બીજી કોઈ ખટપટ નહોતી. દુકાન અને ઘરની જવાબદારી પુત્ર-પુત્રવધૂને સોંપી બંને નચિંત હતા. છતાય શાણાં - સમજુ વેપારીએ બદલતા પવનને પારખી, દુકાનની આવકમાંથી અમુક હિસ્સો પોતાના અને પત્નીના નામે કરી પાકું લખાણ પણ કર્યું હતું. છતાંય બદલાતી રૂખને અનુભવી રહ્યા હતા. ગણ્યું ન ગણ્યું કરી બંને થોડો સમય વિતાવી ગયા. એક દિવસ સાગરે કહ્યું, 'પપ્પા, અમને આ ઘરમાં નથી ફાવતું. આ ઘર વેચી બહાર સોસાયટીમાં બંગલો લઈ રહેવા વિચાર્યું છે.' 'પણ ઘર શા માટે વેચવું છે?' વાસુદેવભાઈએ સવાલ કર્યો. 'ઘર તો સારા મહોલ્લામાં અને સારી વસ્તી વચ્ચે છે. પછી ક્યાં પ્રશ્ન છે?' 'છે, પ્રશ્ન છે પપ્પાજી...' વિનીતા વચ્ચે બોલી. વિદ્યા અને વંદિતાની ફ્રેન્ડ્સ, મારી પણ ફ્રેન્ડસ બહાર સોસાયટીમાં બંગલામાં રહે છે. એટલે અમારી કંપનીના બધા મિત્રો ત્યાં છે. અમે બંગલો જોઈ લીધો છે, માત્ર રહેવા જવાનું છે.' વિનીતા ગર્વભેર બોલી. 'પપ્પા, આ કાગળ પર સહી કરો એટલે બધું પૂરું થાય.' સાગરે વાતની પુષ્ટિ કરી. 'પણ અમે વર્ષોથી અહીં રહેવા ટેવાયેલા છીએ. સગા-સંબંધી, મિત્રો બધા જ અહીં જ છે. અમને નવેસરથી ગોઠવાતા મુશ્કેલી થશે. અમારો વિચાર તો કરવો હતો?' 'તમે અહીં જ નાનું ઘર લઈને રહી શકો છો. મમ્મી, તમે તો બરાબર છો. પપ્પાનું ધ્યાન રાખી શકો તેમ છો.' વિનીતાએ જવાબ દઈ દીધો. બંનેએ આવા જવાબની અપેક્ષા નહોતી રાખી. ઘરની વાત ઘરમાં રહે એ રીતે બંને ચૂપ રહ્યા. આબરૂદાર દંપતિએ એ વખતે કોઈ જવાબ ન આપ્યો. એ રાત બંનેએ જાગીને ગુજારી.

વાસુદેવભાઈએ વિચારી લીધું. આ રીતે ન ગમતી વ્યક્તિ તરીકે આ ઘરમાં રહેવું, વારંવાર અપમાનિત થવું, શબ્દ બાણથી ઘાયલ થયા કરવું, તે કરતા બાકીની જિંદગી સ્વમાનભેર કેમ ના ગુજારવી?

સવારે પોતાના જરૂરી કાગળો, દવા અને થોડા કપડાં લઈ, પૌત્રી, પુત્ર અને પુત્રવધૂને આનંદપૂર્વક મળી હસતા હસતા 'આનંદધામ'માં ચાલ્યા ગયા. જતા જતા પુત્ર-પુત્રવધૂને પ્રેમથી આશિષ આપી, પૌત્રીને વહાલ કરીને જતાં જતાં બંનેએ આંખમાં ધસી આવેલા આંસુને માંડ માંડ રોક્યા....

*રમીલા મહેતા*
*૧૬, ધવલ ધારા, ભાનુશાલી નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

## લઘુકથા : હસુબહેન

સદાય હસતો ચહેરો એટલે નામ પ્રમાણે જ ગુણ. નામ હતું હસુમતીબહેન. તેને ટૂંકા નામ હસુબહેને કહીને જ બધા બોલાવતા.

તેના લગ્ન ખૂબ જ નાની ઉંમરે થઈ ગયા હતા. અગાઉ કહેવાતું કે છોકરો સારો છે, તે ખોવા જેવો નથી. તે પરણીને ગયા ત્યારે તેમના સસરાનું અવસાન થઈ ગયું હોવાથી તેમના પતિ પર ત્રણ બહેનનાં લગ્નની જવાબદારી હતી અને વિધવા સાસુની તો ખરી જ.

તેમને ઈશ્વરે સંતાનસુખ આપ્યું નહીં પરંતુ માયાળુ

*આવક પૂરતી ન હોય ત્યારે ખર્ચમાં અને જાણકારી પૂરી ન હોય ત્યારે ચર્ચામાં મર્યાદા રાખવી.*

સ્વભાવને કારણે બધાને પ્રેમથી બોલાવી, નાના હોય કે મોટા, તેના માટે તે રસ્તામાં ઊભી રહી જઇને આખા કુટુંબના ખબર અંતર પૂછી લે.

તેના નણંદો લગ્ન પછી અવારનવાર મહેમાન બનીને આવે. તેઓ ત્રણેનો સ્વભાવ ખૂબ જ વિચિત્ર. બધું જ હાથમાં જોઈએ અને તેમનું ધાર્યું ન થાય તો તે ભાઈ-ભાભીને ખખડાવી નાખે. તેમના સાસુનું તો કહેવું જ શું? તેમને તો સમયસર બધી જ વસ્તુઓ હાથમાં જ જોઈએ. તે પૂજા કરવા બેસે તો પૂજાની તૈયારી પણ હસુબેને જ કરવાની. સાંજે કથા સાંભળવા જાય ત્યારે સાંજની રસોઈ શું કરવાની તે પણ સૂચના અવશ્ય આપતા જાય.

આવો વિચિત્ર અને કડક સ્વભાવ સાસુનો હોવા છતાં અને ગામમાં જ પિયર હોવા છતાં તે ભાઈને ઘરે આવે ત્યારે તેના મોઢા પર ક્યારેય દુઃખ લાગ્યાનું વર્તાવા દે નહીં અને હંમેશાં હસતા રહે. તે હસે ત્યારે તેમના હાસ્ય સાથે આગળના બે મોટા દાંત દેખાયા વિના ન રહે. ક્યારેય પિયર પક્ષના પ્રસંગે જમવા આવે ત્યારે તેમની નાની બહેનો કહે કે ચા પીને જજે. પરંતુ તે કહેશે કે મારી સાસુને સમયસર ચા જોઈએ. તેથી મારે જવું પડશે. બહેનોની ટીકા ટીપ્પણી છતાં તે આરામ કર્યા વિના ઘરે પહોંચી જાય.

તેમણે ખરા અંતઃકરણપૂર્વક આખા કુટુંબની સેવા કરી અને સતત સાસુની નાદુરસ્ત તબિયતની ખાસ કાળજી રાખી. આજે હસુમતીબહેનનું હાર્ટ ઍટેકથી અવસાન થયું. તેમની ઉંમર ૬૫ વર્ષની થઈ હતી ત્યારે સૌને તેમના અવસાનના સમાચાર માનવામાં આવતા ન હતા. બધા કહેતા હતા કે તેની સાસુને ૧૦૨ વર્ષ થઈ ગયા. ખરેખર તો તેને જવું જોઈતું હતું. પરંતુ ભગવાને આ બંનેની સેવા કરનારને જ ઉપાડી લીધા. કેવો ન્યાય?

હસુમતીબહેન બધાના માનસપટ પરથી ક્યારેય વિસરાતા નથી. સદાય હાસ્ય સાથેનો ચહેરો અને માયાળુ સ્વભાવ. તેમના નણંદોએ જ્યારે આ સમાચાર જાણ્યા હતા ત્યારે તેમને તેમની મા અને ભાઇના જીવનના અસ્તિત્વ વિશે પૂર્ણવિરામ મૂકાઈ ગયું હોય તેવું લાગ્યું. હવે તેમનું કોણ? ભાભી વિના તેઓ કેવી રીતે જીવિત રહેશે?

ખરેખર આ દુનિયા સ્વાર્થી છે. તે જ્યારે જીવિત હતા ત્યારે તેમની કદર થઈ નહીં પણ મરણ પછી લાગ્યું કે તેમણે કેટલું સહન કર્યા કર્યું છે. હસુબહેન આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમની સુવાસ સદાય આપણી વચ્ચે છે અને રહેશે.

*ધીમંત પ્રા. ભટ્ટ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

# જરૂરી ડોક્યુમેન્ટ્સ

***ભારતના નાગરિક પાસે નીચે મુજબના ડોક્યુમેન્ટ્સ તેની ફાઈલમાં હોવા જરૂરી છે.***

- આધાર કાર્ડ
- પાન કાર્ડ
- ચૂંટણી કાર્ડ
- રેશન કાર્ડ
- એ.ટી.એમ. કાર્ડ
- લાઇસન્સ
- પી.યુ.સી.
- આઈ.એસ.આઈ. હેલ્મેટ
- ગાડીની વીમા પહોંચ
- જીવન વીમા પહોંચ
- ઘર વીમાની પહોંચ
- મેડિકલ વીમા પહોંચ
- વાડી, ખેતરનો વીમો
- પાક વીમો
- માં કાર્ડ
- આયુષ્માન કાર્ડ
- પાસપોર્ટ
- ગ્રીન કાર્ડ
- મનરેગા કાર્ડ
- જન્મ તારીખનો દાખલો
- લિવિંગ સર્ટીફિકેટ
- હયાતીનો દાખલો
- અભ્યાસનું પ્રમાણપત્ર
- છેલ્લું ધોરણ જે ભણ્યા એની માર્કશીટ
- ડોમીસાઈલ
- બેંક ખાતાની વિગતો
- જાતિનો દાખલો
- આવકનો દાખલો
- શારીરિક સક્ષમ હોવાનો દાખલો
- માનસિક ફીટ હોવાનું પ્રમાણપત્ર
- ૨ નંબરનું પત્રક
- ૬ નંબરનું પત્રક
- ૭/૧૨
- નમૂના નં.-૨
- આઈ.ટી. ફાઈલ રીટર્ન
- પ્રોવિડંટ નંબર
- GST સર્ટીફિકેટ
- પાર્ટનરશીપ ડીડ
- ગુમાસ્તા ધારા સર્ટીફિકેટ
- ટી.ડી.એસ. સર્ટીફિકેટ
- જામીનદારનું પ્રમાણપત્ર
- જમીન ના હોય તો તેનું પ્રમાણપત્ર
- પ્રોપર્ટીનું ટાઈટલ ક્લિયર
- રહેણાંક મંજૂર કરાવેલો નકશો
- રજાચિઠ્ઠી
- ફાયર એન.ઓ.સી.
- વેરા પહોંચ
- પંચાયતનું નો ડ્યુ.
- નગરપાલિકાનું નો ડ્યુ.
- સહકારી મંડળીનું નો ડ્યુ.
- સ્થાનિક બેંકનું નો ડ્યુ.
- પોલીસનો બિન ગુનાહિતનો દાખલો
- સરકારી કર્મચારી હોવાનું આઈ.ડી. પ્રુફ
- પ્રાઈવેટ કંપનીના કર્મચારીનું આઈ.ડી. પ્રુફ
- રાષ્ટ્રીય પાર્ટીનું સદસ્યતાનું પ્રુફ.
- મેરેજ સર્ટીફિકેટ
- છેલ્લું ભરેલું લાઇટબીલ
- મકાન ના હોય તો ભાડા કરાર.
- પરમેનન્ટ મોબાઈલ નંબર

***મહત્ત્વના આટલા ડોક્યુમેન્ટ્સ તમારી પાસે કઢાવેલા હોવા જોઈએ.***

*કિનારે પહોંચવું એટલું સહેલું નથી, અહીં સાગરના મોઢે પણ ફીણ આવી જાય છે.*

# પ્રકૃતિના પલાખાં

પાયલ દૂર અંતરે ખુલ્લી જમીન ઉપર લહેરાતા લીલેરા ઘટાદાર લીમડાનું નિકંદન કાઢવા માટે બિલ્ડર તૈયારી કરવા લાગ્યો. પાયલના કોમળ મન, દિલ, હૃદયમાં સંવેદનાના ઝરણા ફૂટવા લાગ્યા. તે પોતાના મનને કાબૂમાં ન રાખી શકે. તેણે તરત જ વાટીકામાં ઉગેલા કોમળ ગુલાબ, મોગરો, જાસવંતીના પુષ્પો ચૂંટ્યા અને છાબમાં ગોઠવીને કઠોર કોન્ટ્રાક્ટર પાસે આવી અને સસ્મિત તેના હાથમાં આપે છે. તપતા તાપ વચ્ચે મીઠા ફળ આપ્યા અને શીતળ પાણી આપ્યું. પાયલની આંખમાં રમતી સંવેદનાને તે કોન્ટ્રાક્ટર તુરત સમજી ગયો. તમે અમારા બેસ્ટ ફ્રેન્ડ બનીને આસપાસ જે જગ્યા બચેલી છે તેમાં પીપળા, વડ ઉગાડવામાં મદદ કરી શકો છો. અહીં વૃક્ષો લહેરાશે તો આ જગ્યા પણ રળીયામણિ બની જશે અને તેને ડ્રીમ-સીટીની અપેક્ષા રાખનારા પણ પસંદ કરશે જ. ખરેખર, તમે મારી આંખ ઉઘાડી નાખી. સાંજ નિરાળી બની જશે તો ઘુમવાને પરિવારો પણ સાથ આપશે. મારૂં વિશાળ ઘર અત્યારે ખાલીખમ છે. હસનાર, કૂદનાર કોઈ નથી. કિલ્લોલના અવાજ વગર મને વિશાળ બંગલો સૂમસામ વેરાન લાગે છે.

તમારી સાથેની દોસ્તી પરબ જેવી બની ગઈ. મૃગજળમાં સ્વપ્નો, આકાંક્ષાઓને દોરવાની પીંછી જેવો તમારો સાથ મળ્યો.

એ તો કુદરતની પીંછી હાથમાં પકડીને લસરકા તમે લગાવ્યા અને અમે નિમિત્ત બન્યા. આંગળી ચિંધ્યાનું પુણ્ય તમો કમાશો જ. તમે પંખીડાની પીડા સમજી ગયા એજ તો ઈશ્વરનો સ્પર્શ પણ બન્યો.

પાયલ ચોપાસ રમતા કૂદતા નાનકડા બાળકોને લઈ બિલ્ડર પાસે આવે છે અને પોતાના મનમાં રમતી વાત પ્રગટ પણ કરે છે કે, આપણે બધા ભેગા મળીને ‘વગડાના ટહુંકા’ ઉપર નાનકડી નિબંધ સ્પર્ધા રાખીએ અને તેના નિર્ણાયક તરીકે તમારો પરિવાર જોડાય તો? ઝાડ, જમીન, ખેડૂ વિશે પલાંખાની હરીફાઈ રાખીશું.

ખરેખર વિચારોના વેદ તમે સમજી શકો છો. એટલે હું તેમાં ચોક્કસ સાથ આપીશ. પરિવારના સંબંધો અનેરા બનશે.

પાયલના મનમાં ખીલેલી નવતર આશાઓથી તેના મમ્મી અને પપ્પા અનહદ ખુશીથી દીકરીના ગળે વળગી પડ્યા. તેમાં અનેરી હૂંફનો સ્પર્શ પાયલે અનુભવ્યો. વિશ્વાસ, શ્રદ્ધા બેવડાયા. જીંદગીના અટપટા કોયડા - પલાખાં જલ્દીથી ઉકેલવા માટેનું બળ મળ્યું. તેને વિશાળ આકાશમાં ઉડતા પંખીડા તરફ નજર કરી. તે મૂક, અબોલ પંખીડાના માળા પિંખાઈ જતા બચી જશે. તેનો હરખ હૈયે ઘૂટર ઘૂ કરવા લાગ્યો. પાયલના પપ્પાને અહેસાસ થવા લાગ્યો કે આ નિષ્ઠુર દુનિયાને સ્પર્શવાથી ચમત્કાર થાય છે ખરા! ધાર્યું કામ પાર પડે, સારી રીતે કુદરત પણ સાથ આપે ત્યારે તો તે સોનામાં સુગંધ ભળે તેવા શુભ કર્મોથી જરૂર વધારે સારૂં ફળ અને પરિણામ આવતા જાય છે.

નવી પહેલના મંડાણ થયા પછી અનાયાસે નવો રસ્તો અને દિશા પણ કંડારાતા જાય છે. સરખી વિચારધારામાં સાથે વહેવાથી જ સફળતાના દ્વાર જલ્દીથી ખૂલે છે. વાયરાની વાયોલીન વગાડતા સપ્તસૂરીલા સૂરો ચોમેર રણઝણવા લાગે છે. વાયરો પણ લીન બને છે ત્યારે ચોપાસની પ્રકૃતિ ઘેનુના ઘણમાં સાથે જ લહેરાય છે. પલાખાંનો જવાબ પણ મળવા લાગે છે. સહિયારો સાથ મળે તો જ ઉત્તર મળવાની શક્યતા વધે છે.

*તરલાબા આર. ચૌહાણ - ભુજ, કચ્છ*
*મો. ૯૪૦૮૬ ૧૯૪૭૪*

## બોમ્બે સ્ટોક એક્ષચેન્જનો ઇતિહાસ

**(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

- વડના ઝાડ હેઠળ પાંગરેલી સંસ્થા આજે અર્થતંત્રનું વટવૃક્ષ બની.
- બોમ્બે સ્ટોક એક્ષચેન્જની દરેક વાતોમાં ભવ્યતા રહેલી છે. અહીં થતા સોદાની રકમ, દેશની ટોચની કંપનીઓની હાજરી, આર્થિક ઉથલપાથલ સાથે સંકળાયેલા લાખો પરિવારો – એ દરેક દૃષ્ટિએ બોમ્બે સ્ટોક એક્ષચેન્જ ભારત કે એશિયાના જ નહીં, સમગ્ર દુનિયાની નમૂનેદાર આર્થિક સંસ્થા તરીકેનો દરજ્જો ભોગવે છે.
- ૧૪૮ લાખ કરોડ રૂપિયાના માર્કેટ કેપ સાથે બોમ્બે સ્ટોક એક્ષચેન્જ દુનિયાનું ૧૧મા ક્રમનું સ્ટોક એક્ષચેન્જ ગણાય છે. દરરોજ થતી સોદાની સંખ્યાના હિસાબે તેનો નંબર દુનિયામાં પાંચમો છે.
- બોમ્બે સ્ટોક એક્ષચેન્જમાં ૫૦૦૦થી વધુ કંપનીઓ રજિસ્ટર્ડ થયેલી છે. આ સંખ્યાના મામલે તે દુનિયામાં નંબર ૧ છે.
- દુનિયાભરના સ્ટોક એક્ષચેન્જના નિયંત્રણ માટે વર્લ્ડ ફેડરેશન ઑફ એક્ષચેન્જની રચના થયેલી છે, જેનું હેડ ક્વાર્ટર પેરીસમાં છે. આ સંસ્થાના સંચાલન માટે જે મુખ્ય સ્ટોક એક્ષચેન્જ કાર્યરત છે, તેમાં બોમ્બે સ્ટોક એક્ષચેન્જ પણ મોભાદાર સ્થાન ધરાવે છે.

***(વૉટ્સએપ મેસેજમાંથી)***

# શબ્દ શોધ : ૮૯

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ■ | ૪ | ૫ | ■ |
| ૬ | | | ૭ | | ૮ | | | ૯ |
| | ■ | ■ | | ■ | | ■ | ■ | |
| ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | ■ | ૧૩ | | |
| ■ | ■ | ૧૪ | ૧૫ | | ૧૬ | | ■ | ■ |
| ૧૭ | | ■ | | ■ | | ■ | ૧૮ | ૧૯ |
| | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | ■ | |
| ૨૨ | | ૨૩ | ■ | | ■ | ૨૪ | | |
| | ■ | ૨૫ | | | | | ■ | |

## આડી ચાવીઓ

૧. સુંદર સ્ત્રી (૨)
૪. ભીમનું હથિયાર (૨)
૬. "નવા વર્ષના સૌને _____ " (૯)
૧૦. કઠેડો, છજું (૩)
૧૩. કંકણ, હાથનું ઘરેણું (૩)
૧૪. આદરની લાગણી કે ભાવ બતાવનારું (૫)
૧૭. ભગવાન શ્રીકૃષ્ણની એક પટરાણી (૨)
૧૮. પ્રામાણિક (૨)
૨૦. એક પ્રાણી (૩)
૨૨. મર્યાદા, અદબ (૩)
૨૪. હરખના આંસુ (૩)
૨૫. ગુજરાતનું એક શહેર (૫)

## ઊભી ચાવીઓ

૧. શી....શ, અહીં _____ કરવાની મનાઇ છે (૨)
૨. આદર (૨)
૩. વરસાદ (૨)
૪. અહીં ઊંધેથી ડઝનનો બારમો ભાગ મળશે (૨)
૫. ઈન્સાફ, રાહત, ન્યાય (૨)
૬. પગનું એક ઘરેણું (૩)
૭. સીંદરી બળે પણ શું ન મૂકે? (૨)
૮. જુદું, અલગ (૨)
૯. ચક્ષુ (૩)
૧૧. દીવી, મિણબત્તી (૨)
૧૨. જ્વાળામુખી પર્વતના મોઢામાંથી નીકળતો ગરમ ઘટ્ટ રસ (૨)
૧૩. ગુપ્તવાસ દરમિયાન યુધિષ્ઠિરનું નામ (૨)
૧૫. નાના રાજ્યનો મુસ્લિમ રાજવી (૩)
૧૬. ફેર, તમ્મર (૩)
૧૭. પૂરના સમયે નીચાણવાળા વિસ્તારના લોકોને '_____' સ્થળે ખસેડવામાં આવે છે (૪)
૧૯. આપના હાથમાં કયું સામાયિક છે? (૪)
૨૧. "_____ છટકવી" એટલે બાજી બગડવી (૩)
૨૩. અહીં ઊંધેથી એક નશાયુક્ત પદાર્થ મળશે (૨)
૨૪. _____ હર મહાદેવ (૨)

## શબ્દશોધ : ૮૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મ | ડા | ગાં | ઠ | ■ | રા | તો | રા | ત |
| હે | ■ | ધી | રે | શ | ■ | ર | જ | ત |
| શ | ■ | જ | લ | બ | હુ | લ | ■ | ત |
| ■ | ■ | યં | ■ | ન | ક | ■ | ભા | ત |
| ધ | ર | તી | ■ | મ | મ | તા | ■ | ત |
| જા | ન | ■ | રા | ■ | ■ | પી | ત | ■ |
| ગ | ■ | ર | મ | જા | ન | ■ | લ | ત |
| રો | યા | ણ | ■ | ત | રે | હ | વા | ર |
| ■ | ક | ■ | ■ | રા | શ | ■ | ર | લ |

## શબ્દ શોધ : ૮૮નો ઉકેલ મોકલાવનારના નામ

- મહાભાઈ આર. વોરા - ભુજ
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- અશોક મહેતા - ભુજ

## ગીતા સાર

*ભૂતકાળમાં જે થયું છે તે સારા માટે થયું છે*
*અત્યારે જે કાંઈ થઈ રહેલ છે તે સારા માટે થાય છે*
*ભવિષ્યમાં જે થશે તે સારા માટે જ થશે*
*ભૂતકાળ માટે રડો નહીં, વર્તમાન જીવન પર ધ્યાન કેન્દ્રિત કરો અને ભવિષ્યની ચિંતા ના કરો.*

*ઉપરવાળો તમારા કરેલા સારા કામોની જ નોંધ લે છે, તમારા દીવા-બત્તી અને કપાળે કરેલા લાંબા ચાંદલાની નોંધ લેવાતી નથી.*

વિવિધતા

## સિનિયર સિટીઝન સ્પેશિયલ
# મનમોજી ખુરશી રમત



ભાવના એ. ઝવેરી

***નોંધ :*** આ રમતો વ્યક્તિની ઉંમર અને હેલ્થને ધ્યાનમાં રાખીને આપી છે.

બધી જ રમત ખુરશી પર બેસીને આરામથી રમી શકાશે.

આ રમતમાં ટાઈમ લીમીટ આવતી જ નથી. તેથી એન્જોય કરવા... શાંતિથી રમાશે.

તો ચાલો, બાળક બનીને રમીએ અને રમાડીએ.

આ સિનિયર સિટીઝનની બધી જ રમતમાં રમતી વખતે બેકગ્રાઉન્ડમાં જૂના ગીતોનું ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝીક ખાસ વગાડવાનું રાખવું.

**ગેમ નં.-૧ : વન મિસિંગ ચેર**

ગોળાકારમાં ખુરશી રાખી બધા સભ્યો બેસે. આ ગેમમાં રમનારે એક ચેર પછીની બીજી ચેરમાં બેસવું... ત્યાંથી ઊઠી પાછું આગળ... આમ આખો રાઉન્ડ પૂરો કરી પોતાની ચેર પર આવવું.

**ગેમ નં.-૨ : ટુ મિસિંગ ચેર**

જૂના ગીતોનું મ્યુઝીક વાગતું હોય... સ્ટાર્ટ આપો ત્યારે રમનાર વ્યક્તિએ પોતે જે ચેર પર બેઠા હોય તેના પછીની બે ચેર છોડીને ત્રીજી ચેર પર બેસતા જવું. આગળ વધવું અને રાઉન્ડ પૂરો કરી પોતાની ચેરની જગ્યાએ આવવું.

**ગેમ નં.-૩ : થ્રી મિસિંગ ચેર**

આ ગેમમાં ત્રણ ચેર પછીની ચોથી ચેર પર બેસતા જવું અને રાઉન્ડ પૂરો કરવો.

***લાભ*** : વડીલો સતત ચાલે તો થાક લાગે. તેથી આ રમતમાં ચાલવું અને આરામ બંનેનો સમન્વય રહેલો છે. તેથી તમારા પગની, શ્વાસની રીધમને પ્રોપર કસરત મળી જાય છે અને રમતનો આનંદ અનેરો.

**ગેમ નં.-૪ : અફલાતુન ગેમ**

રમનાર બધા રાઉન્ડમાં રાખેલી ચેર પર બેસે. એક વ્યક્તિ કેપ્ટન બને. તે જે એક્શન કરે તે બધાએ તે જોઈને કરતા જવાની...

જ્યારે એક્શન ચેઈન્જ કરે ત્યારે બંને હાથ પગના ઘૂંટણ પર ૩-૪ સેકન્ડ રાખે. બાદમાં બીજી એક્શન સ્ટાર્ટ કરો.

***કયા કયા એક્શન કેવી રીતે કરવા?***

★ બંને હાથ માથા પર ઉપર-નીચે કરવા.
★ પાછળ માથા પર ધીમે ધીમે ટપલી મારવી.
★ બંને હાથ ગાલ પર થપથપાવવા.
★ બંને હાથ કાન પર રાખી કાન ત્રણ વાર ખેંચવા.
★ બંને હાથ ખભા પર, પછી સીધા કરવા.
★ બંને હાથ ખભા પર, પછી સાઈડમાં કરવા.
★ હાથથી તાળી પાડવી. તેમાં પણ સ્ટેપ કરવા : (૧) એક-એક તાળી, (૨) બે-બે તાળી સાથે (૩) ત્રણ-ત્રણ તાળી સાથે.
★ બંને હાથથી પગ પર તાળી પાડવી.
★ ડાબો પગ જમણા પગ પર ચડાવીને રાખવો અને ડાબી બાજુ જોવું.
★ જમણો પગ ડાબા પગ પર રાખવો અને જમણી બાજુ જુઓ.
★ લાસ્ટમાં ત્રણ વખત આંખો બંધ કરી ઓમકાર બોલો.

૩ મિનિટ આંખો બંધ કરી રીલેક્સ થાઓ. છેલ્લે બંને હાથને ઘર્ષણ આપો - ઊર્જા પેદા થાય એટલે બંધ આંખો પર, ચહેરા પર હાથ ફેરવો અને આંખો ખોલો.

આ ગેમમાં તમારા માટે યોગ, એક્સરસાઈઝ, રીલેક્સેશનને આવરી લેવામાં આવ્યું છે.

તમારી રમતની મજા... આનંદની અભિવ્યક્તિ પણ બરકરાર રહે છે.

**ગેમ નં.-૫ : મારી પસંદનો તડકો**

રમનાર બધા સભ્ય રાઉન્ડમાં ચેર પર બેઠા હોય...

આ ગેમ પાસિંગ બોલની જેમ રમવાની છે. મ્યુઝીકમાં જૂના ગીત અથવા ઈન્સ્ટ્રુમેન્ટલ મ્યુઝીક વગાડવાનું રહેશે.

પાસિંગ બોલ માટે રૂમાલનો દડો અથવા હાથમાં પકડી શકાય એવી કોઈ વસ્તુ પસંદ કરો.

રમનાર સભ્ય કરતાં થોડી વધારે ચિઠ્ઠી બનાવવાની. તેને બાઉલમાં વચ્ચે રાખવાની.

મ્યુઝીક વગાડવાનું. શાંતિથી બોલ પાસ કરતા જવું. મ્યુઝીક બંધ થાય ત્યારે જેના હાથમાં બોલ રહે તેને બાઉલમાંથી ચિઠ્ઠી લઈ, વાંચી, તેમાં જે લખ્યું હોય તે

*વિશ્વાસ કોઈ પણ સમયે ચમત્કારોની ઈચ્છા નથી રાખતો પરંતુ કોઈ વખત વિશ્વાસને કારણે ચમત્કાર થઈ શકે છે.*

પ્રમાણે કરીને તે નીકળી જાય.

ચિઠ્ઠીઓ સભ્યના શોખ અને રૂચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવી.

*ઉદાહરણ તરીકે :*

★ તમારી રચેલી કવિતા.
★ પ્રિય હીરોઇનનું ગીત.
★ પ્રિય ગઝલ
★ જૂના હીરોનો ડાયલોગ.
★ પોતાના પાર્ટનરની બે સારી વાત.
★ કોઈપણ એક્શન કરો.
★ શમ્મી કપૂરની ૩ ફિલ્મોના નામ.
★ મનગમતા શાયરની શાયરી
★ રાજ કપૂરનું ગીત
★ તમને ગમતું ભજન
★ તમારા શોખ વિશે.
★ બાળગીત ગાવાનું
★ જોક્સ કરો
★ પોઝીટીવ થિન્કીંગની વાત
★ નરસીગના બે ગીત.

**ગેમ નં.-૬ : જરા હટકે**

આ ગેમમાં પણ સભ્યોને ધ્યાનમાં રાખીને ચિઠ્ઠી બનાવવી. આ ચિઠ્ઠીઓમાં પણ અલગ અલગ ટોપીક લઈ શકાય.

જેટલા સભ્યો હેય તેટલી ખુરશી રાઉન્ડમાં રાખવાની.

આ રમતમાં પ્લેઇન સ્ટીકર ખુરશીમાં ઉપરની બાજુ ચીપકાવવાનું.

જે ટોપીકની ચિઠ્ઠી બનાવી હોય તે જ ટોપીક સ્ટીકરમાં લખીને ખુરશીઓમાં કોઈને ખ્યાલ ન આવે તેમ પહેલેથી જ ચીપકાવી દો.

મ્યુઝીક વગાડો. પાસિંગ બોલની જેમ રમો. હાથમાં રહે તેને ચિઠ્ઠી ઉપાડવી. ચિઠ્ઠીમાં જે લખેલું હોય તે જેની ખુરશીમાં તે જ સ્ટીકરમાં લખેલું હોય તેને તે નામથી તાળી પાડી બોલાવો અને તે આ ગેમમાંથી આઉટ થાય.

*કયા ટોપીકની ચિઠ્ઠી બનાવવી?*

**ટોપીક-૧** : લેડીઝ-જેન્ટ્સ સાથે હોય તો... કવિ, લેખક, શાયર, જાજરમાન, બટુકલાલ, કરોડીમલ, ગીતકાર, હસમુખા, રોતલિયા, ગુસ્સાવાળો, હીરોઇન, હીરો, સરળ, નિખાલસ.

**ટોપીક-૨** : જેન્ટ્સ હોય તો

જૂના હીરોના નામ, વિલનના નામ, જેન્ટ્સના અલગ અલગ કેરેક્ટરના નામ પરથી ચિઠ્ઠી બનાવી શકાય.

**ટોપીક-૩** : લેડીઝ હોય તો

જૂની હીરોઇનના નામ, લેડીઝ વિલનના નામ, લેડીઝના અલગ અલગ કેરેક્ટરના નામ લઈ શકાય.

આંખ છે કે બટેટા / સોડા બાટલી કાચ / કાયા કંચનવર્ણી / શેરડીનો સાંઠો / બોલે છે કે ભાંભરે છે / સાસુ - લલીતા પવાર / અદેખી બિંદુ / પાતળી ટુનટુન.

આ રમતમાં વ્યક્તિ હોય કંઈક અને ચિઠ્ઠીમાં નીકળે વિરોધાભાસી... તેથી હાસ્ય, મજાક, મસ્તી, ફન બધું જ આવી જાય છે.

આ ગેમમાં હસીને હળવા થઈ હળવાફૂલ થઈ જશો એની ગેરંટી આપું છું. પોતાનો હોદ્દો બાજુ પર મૂકીને રમો અને આનંદ લો... કરો અહેસાસ ખાલી થઈ જવાનો...

...આ...હા...હા...હા...

## વિવિધ વૈજ્ઞાનિક સાધનો : તેના નામો અને વપરાશની માહિતી

- **સ્ટેથોસ્કોપ** : હૃદયના ધબકારા માપવા માટેનું સાધન.
- **ટેલિસ્કોપ** : દૂરનો ગ્રહ જોવા માટેનું સાધન.
- **ગાયરોસ્કોપ** : પૃથ્વીના ભ્રમણની અસર બતાવતું સાધન.
- **ગેલ્વેનોસ્કોપ** : વિદ્યુત પ્રવાહની સ્થિતિ દર્શાવતું સાધન.
- **પેરિસ્કોપ** : અંતરાય છતાં વસ્તુઓ જોવા વપરાતું સાધન.
- **બેરોસ્કોપ** : હવાના દબાણનો ફેરફાર બતાવતું સાધન.
- **ઇલેક્ટ્રોસ્કોપ** : પદાર્થનો વિદ્યુતભાર દર્શાવતું સાધન.
- **હાઇડ્રોસ્કોપ** : સમુદ્રનું તળિયું જોવા માટે વપરાતું સાધન.
- **હોરોસ્કોપ** : હસ્ત સામુદ્રિક શાસ્ત્ર અને તેનું દર્શન કરાવતું શાસ્ત્ર.
- **માઇક્રોસ્કોપ** : લેન્સ પદ્ધતિથી પદાર્થને મોટો બતાવતું સાધન.
- **સિનેમાસ્કોપ** : ત્રણ પરિમાણ દશ્યમાન થાય તેવી યાંત્રિક યોજના.
- **સ્ટીરિયોસ્કોપ** : ઝીણી વસ્તુને મોટી બતાવતું સાધન.
- **એન્ડોસ્કોપ** : ગૃહદર્શક સાધન.
- **એસિલોગ્રાફ** : વિદ્યુત પ્રવાહની ધ્રુજારી માપતું સાધન.

## સરનામું

*સુખનું સરનામું*
*તો*
*બધાય*
*આપે છે*
*પણ*
*કોઈ*
*દુઃખનું સરનામું*
*બતાવે*
*તો પછી*
*એ રસ્તે*
*કોઈ*
*જાય જ નહીં!!*

**રજનીકાંત ઓઝા - ભુજ**

*ઈચ્છાઓને અનુરૂપ જીવવા માટે ઝનૂન જોઈએ, વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે પણ આગળ વધતા રહેવું જોઈએ.*

## ઇટા-કીટાની અખાણી (બાલ રમત)

'નૂતન વર્ષાભિનંદન'ના શુભેચ્છા કાર્ડ ટપાલી આપી ગયો હોય તે વાંચી, બાળકોને તે રમવા અપાય. જેના ઉપર દેવ-દેવીઓના ફોટા હોય એવું બે દાયકા પૂર્વના સમયનું ચિત્રાંકન.

ઈટા કીટા ઈટા કીટા
હું તારાથી કીટા
"હું મોટો" તું કર કબૂલ
નહીં તો કીટા કીટા

શ્રી હરિ ક્ષીરસાગર પોઢે
એટલે જ હું મોટો
શ્રી રામ અવધપતિ
એટલે જ હું મોટો

"હું...હું...હું..." "હું...હું...હું..."
હુંકારની હુંસાતુંસી
શુકવાણી ને તોતા પુરાણી
સંઘ પહોંચે શું કાશી

માતા લક્ષ્મી હસીહસીને
હરિ લીલાને વખાણે
હું-પદથી બંધાયેલા
શું બીજાને છોડાવે?!

ઈટા કીટાની રમતમાં
મનખો થાય ધૂળધાણી
કરી કરીને કહે 'હરિ'
શું એજ કરી કમાણી?!?

*હરિદાસ કે. ઠક્કર 'હરિ' - મસ્કા, તા. માંડવી, કચ્છ*
*મો. ૯૯૨૪૯૯૭૨૨૬*

## હી મિડે તું ન્યારી ગિન

મિલે સમો રસ્તો, મારગ ગોતાંતો
હાણેં નેંઢી ગાલ મેં આરીસો ગોતાંતો

ધિલ મેં કાંચ નાંય તોય તોટે તો,
જીવનમેં ધિવાલ નાય તિરાડ પે'તી

બસ હીં જ હલેતો જીંધગી ચક્કર
હાણે 'કચ્છી' બેફામ નેર્યા કરે તો સફર

*વિપુલ બી. જોશી "કચ્છી બેફામ" - ભુજ, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*

## વૃક્ષારોપણનો સંકલ્પ

ચારેબાજુ હરિયાળીથી સૃષ્ટિના સૌંદર્યને નિહાળવા વૃક્ષારોપણ કરીએ
પ્રાણવાયુ માટે એનું મહત્ત્વ સમજી વૃક્ષારોપણનો સંકલ્પ કરીએ.

વૃક્ષોને કાપતા ઈંટ પથ્થરના ભવ્ય મકાનો માનવ રહેણાંક માટે થયા
પરંતુ ગ્લોબલ વોર્મિંગ પ્રદૂષણ અને બીજી આપત્તિઓથી હેરાન થયા
વૃક્ષોને કાપવાનું છોડી વૃક્ષારોપણ કરવાનો દિલથી સંકલ્પ કરીએ... ૧

વૃક્ષારોપણથી પૃથ્વી પરના જીવોને ઉપયોગી થાય ને વાતાવરણનું બેલેન્સ જળવાય
ગ્લોબલ વોર્મિંગ પ્રદૂષણને બીજી આપત્તિઓમાંથી સર્વેનો બચાવ થાય
સામાજીક વનીકરણ યોજના હેઠળ વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કરીએ... ૨

શાંતિમય જીવન જીવવા માટે પર્યાવરણ જાળવવા વૃક્ષો એ જ છે દૃશ્ય ભગવાન
વૃક્ષોની સંખ્યા વધારવા સંકલ્પબધ્ધ થઈ શ્રેષ્ઠત્તમ આપીએ યોગદાન
પર્યાવરણની સમતુલા જાળવવા માટે વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કરીએ... ૩

જુઓ વૃક્ષોનો ઉપકાર લાકડું ઘાસચારો બળતણ અન્ય ગૌણ પેદાશો આપે
જન્મ અને મૃત્યુ પર્યંત સાથ આપે વાતાવરણ શુધ્ધ રાખી શીતળ છાંયો આપે
વૃક્ષો પૃથ્વી પરના જીવોની જીવાદોરી છે માટે વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કરીએ... ૪

દુષ્કાળ અતિવૃષ્ટિ સુનામી વાવાઝોડું આ સમસ્યાઓના મૂળમાં ગ્લોબલ વોર્મિંગ છે
ગ્લોબલ વોર્મિંગથી બચવાનો એકમાત્ર ઉપાય વૃક્ષારોપણ કરવું એ જ છે
દેશની સંસ્કૃતિને અનુરૂપ વધુ વૃક્ષારોપણ કરવાનો સંકલ્પ કરીએ... ૫

જમીન ધોવાણ અટકાવી પૂરનું નિયંત્રણ કરી જમીનમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવા
વૃક્ષોનો વિસ્તાર વધારવા વૃક્ષોનું આગવું મહત્ત્વ છે વૃક્ષ મંદિરમાં દેવનું દર્શન કરવા
ભારતના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વૃક્ષારોપણ કરીએ... ૬

પર્યાવરણની જાળવણી પવિત્ર વિસ્તાર વૃક્ષાચ્છાદિત હોય તો ન કદી થાય નુકસાન
વૃક્ષોમાં જ મહાદેવોનાં દર્શન સેવા પૂજા ઉપાસના કરવાથી ભગવાન આપે વરદાન
કુદરત રૂઠે નહીં માટે વૃક્ષોની સંખ્યા વધારવા વૃક્ષારોપણનો સંકલ્પ કરીએ... ૭

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## કચ્છી મુક્તક

થોડી સોગંધ હોલજી ભની વિન
જિંધગી સમંધર હાણે તરી વિન.
મેણીંકે સાટો ડી કેંઇ વિનો હાણેં
મુગ્ધ જિંધગીમેં ધૂપસરી તું ભની વિન.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

*અશક્ય છે પતન એનું, જેને ચાલતા જ ઠોકરોએ શીખવાડ્યું છે.*

# પ્રતિભાવ

ઓક્ટોબર-૨૦૧૯નો 'કચ્છશ્રુતિ'નો દીપોત્સવી અંક મળી ગયેલ છે. આ અંકમાં ૨૦૦ વર્ષ પહેલા કચ્છમાં થયેલા ધરતીકંપ વિશેનો ડૉ. મિહિર વોરાનો લેખ ખૂબ જ રસપ્રદ રહ્યો. આ વિષયે આપણે થોડું જાણતા હોઈએ, જ્યારે ઘણું બધું ના જાણતા હોઈએ કે જેની માહિતી આ લેખમાંથી મળી. તેના અનુસંધાને જણાવવાનું કે અલ્લાહ બંધની ભૌગોલિક તથા ઐતિહાસિક માહિતી જો આ વિગતના જાણકાર કોઈ લેખક પોતાનો લેખ લખીને કચ્છશ્રુતિના વાચક વર્ગને આ માહિતી પહોંચાડશે તો તે ખૂબ જ રસમય અને અભ્યાસપ્રદ રહેશે અને આપણે આપણી હવે પછીની જનરેશનને આ વિગતની પૂરેપૂરી માહિતી આપી શકશું. 'અલ્લાહ બંધ' વિશેની વિગતવાર અને અભ્યાસપ્રદ માહિતીનો લેખ મોકલવા તે વિષયના જાણકાર તજજ્ઞને વિનંતી કરૂં છું.

***ડૉ. નિવેદીતા વોરા***

★

ઓક્ટોબર-૨૦૧૯નો કચ્છશ્રુતિનો વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક-૨ અત્યંત રસપ્રદ અનેક માહિતીઓ ઉજાગર કરતો બની રહ્યો, એ બદલ તંત્રી મંડળને ખાસ અભિનંદન. આ અંકમાં વૈજ્ઞાનિક શોધો અને કારણો, બ્રહ્માંડ, પૃથ્વી, વાયુ, વનસ્પતિઓ વિશે, ટચ સ્ક્રીન ટેકનોલોજી, સ્મોક ડિટેક્ટર, બ્રેઈલ લિપિ, સોલેરાઈઝ્ડ ગ્લાસ, રબ્બર ઈલાસ્ટીસિટી, સ્ટેપલર વગેરે અંગેની તમામ માહિતીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા I.A.S., I.F.S., I.R.S.ના વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગમાં આવે તેવી, સફળતા પ્રાપ્ત કરવા લાભપ્રદ છે. પુનઃ અભિનંદન પાઠવી વિરમું છું.

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

★

'કચ્છશ્રુતિ' માસિક ઓક્ટોબર-૨૦૧૯ વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક-૨ દિપાવલીની શુભ કામનાનું ચિત્ર દર્શાવતો નયનરમ્ય અંક આકર્ષણ જમાવે છે. વિદ્વાન લેખક તંત્રીશ્રી કચ્છશ્રુતિ માસિકના અશોકભાઈ મહેતાના અમદાવાદનું કાર્યક્ષેત્ર વિશાળ અને અફાટ છે. લેખ વાંચનમાં શ્રેષ્ઠ છે. ગુજરાતના આર્થિક અને રાજકીય કેન્દ્રનું પાટનગર અમદાવાદ છે. અમદાવાદે પ્રવૃત્તિઓ જારી રાખવા મહેનત કરી સતર્ક રહેવું જોઈએ. કાર્યકરોમાં પણ સતર્કતા હોવી જોઈએ એ જરૂરી છે.

ઉક્ત લેખમાં અશોકભાઈએ કચ્છની વાત વિગત નર્મદા નદીના વધારાના પાણી કચ્છ સુધી પહોંચે એ માટે ગુજરાત સરકારશ્રી પાસે તરત પગલા લેવામાં આવે એવા પ્રયાસ કચ્છના રાજકીય સભ્યોએ તથા કચ્છની જનતાએ કરવા જોઈએ. જેથી 'કચ્છડો બારેમાસ' ફાલતો ફૂલતો રહે એ જરૂરી છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તથા કચ્છી જનતાએ ઉક્ત વિભાગમાં પોતાનો સહયોગ પૂરો પાડી શકે એ માટે કાર્યકરોનું વિશાળ જુથ ઊભું કરવા પ્રયાસ કરવો જરૂરી છે. જેથી એમના થકી અનેક પરિવારોનું જીવનધોરણ ઊંચું આવી શકે. કચ્છમાં ૨૦૦૧ના ધરતીકંપ પછી ઉદ્યોગોની સ્થાપના થઇ છે. કચ્છમાં અનેક પ્રકારના મિનરલ્સ ટ્રકમાં ભરીને બહાર લઈ જવાય છે. કચ્છમાં કેસર કેરી, દાડમ, ચીકુ વગેરેનું પુષ્કળ પ્રમાણમાં પાક થાય છે. વહાણવટા ઉદ્યોગ વિકસાવવો જોઈએ. આ માટે કચ્છી સમાજ - અમદાવાદને તથા કચ્છને આગળના ક્રમે લઇ જવાનો પ્રયાસ કરવો જોઈએ.

કચ્છશ્રુતિના ઉક્ત લેખોમાં દીપોત્સવી મહોત્સવ, બસ્સો વર્ષ પહેલાં કચ્છ અને ગુજરાતની તાસીર બદલી નાખતો ધરતીકંપ, ઢબુડી માતાઓ ગામેગામ બેઠી છે – પ્રજા ચેતે, અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી વગેરે લેખમાં ઘણું જ વાંચન જાણવા મળે છે. ઉપરાંતમાં વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક-૨માં વૈજ્ઞાનિક માહિતી વિભાગ ઘણો જ જાણવાલાયક છે અને જીવનભર ઉપયોગી થઈ શકે તેમ છે. જનરલ નોલેજ માટે આ વિભાગ શ્રેષ્ઠ છે.

કચ્છશ્રુતિ માસિક ઉત્તરોત્તર પ્રગતિ કરતું જાય છે અને લેખ, કાવ્ય પણ સુંદર રીતે પ્રકાશિત કરે છે એ જાણી આનંદ થાય છે. તંત્રીશ્રી તથા આપના સહયોગી કાર્યકરોને ધન્યવાદ. દિવાળીની શુભ કામનાઓ સાથે આપ સર્વેને નૂતન વર્ષાભિનંદન.

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***

★

'કચ્છશ્રુતિ'નો વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક-૨ મળેલ છે. આભાર. વિશેષાંકના પ્રથમ ભાગ ખૂબ જ માહિતીસભર રહ્યો છે. જે મારી ભાણેજ બીએસ.સી.માં અભ્યાસ કરે છે, તેણે વિશેષાંક રજૂ કરવા બદલ આપનો આભાર માની અભિનંદન આપ્યા છે. વિશેષાંકો સતત અનેક પ્રસિધ્ધ થતા હોય, પણ આપે ભાગ ૧-૨ રજૂ કરી તમામને વિજ્ઞાનની અદ્‌ભુત દુનિયા બતાવી, ક્યારેય વાંચવામાં આવી ન હોય તેવી અચંબો પમાડે તેવી વિગતો રજૂ કરી આપે વિદ્યાર્થીઓની સેવા કરી છે.

*જિંદગી તો સસ્તી જ છે પરંતુ મોંઘી તો જીવવાની રીત છે.*

ધન્યવાદ. આવા કિંમતી મેગેઝીનો તો દરેક શાળાએ વસાવવા જોઈએ. કોઈ દાતાશ્રી પણ વૈજ્ઞાનિક માહિતી વિશેષાંકનો ભાગ ૧-૨ છપાવીને કચ્છની તમામ હાઈસ્કૂલોને ભેટ આપે તો કચ્છની વિદ્યાર્થી આલમની મોટી સેવા કરી ગણાશે. ભાઈશ્રી ભરત ઠક્કરે 'ગાંધી નામ સ્મરણ'માં આખી દુનિયાના ગાંધીને માન આપ્યું તે અભિનંદનને પાત્ર છે.

તા. ૧૫-૧૦-૧૯ના કચ્છશ્રુતિના તંત્રી લેખમાં અશોકભાઈએ કચ્છના સર્વાંગી વિકાસના પાયાના ઉપયોગી કાર્યો - પ્રોજેક્ટો, ફળોના વિકાસની પ્રક્રિયામાં સામેલ થવાની વાત, વહાણવટાની વાત જેવા વિચારોથી વધુ વિકાસની જે વાત કરી છે તેમાં ગાંધીનગર - અમદાવાદ રહેતા કચ્છીઓ એક સંપથી ને તેમાં મદદ કરવા દિવાળી બાદ - દિવાળી સુધી વિકાસના વિચારો એકઠા કરી સામૂહિક ચિંતન રજૂ થાય એ ઇચ્છનીય છે અને વિકાસ પ્રક્રિયામાં વેગ આપનારી બનશે.

ઉપરાંત માંડવીના દરિયા કિનારાની રેતી, રાપરના પીલુ, માંડવીનું સંતલસ કાપડકામ, કચ્છની ઓળખ સૂડી - ચપ્પુ - મંજીરાને આધુનિક સ્વરૂપ આપવા, લોક ભાગીદારીથી ડી-સેલિનેશન પ્લાન્ટ — સમગ્ર કચ્છના દરિયા કિનારાના ગામોના શ્રીમંતો હાથ પર લે એ ભવિષ્ય ઉજળું બનાવશે. બેહદ ધંધાદારી લોકોને આવા પ્રોજેક્ટો ન અપાય પણ કચ્છી શ્રેષ્ઠીઓ પોતાના હસ્તક રાખે એવી વિનંતી.

*– ચંદ્રવદન મહેતા*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## નૂતન વર્ષ મિલન સમારંભ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો નૂતન વર્ષ મિલન સમારંભ વર્ષ ૨૦૭૬ના પ્રથમ દિવસે એટલે કે સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૧૯ના સાંજના ૫ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં અને ખૂબ જ ઉત્સાહજનક વાતાવરણમાં રંગેચંગે ઉજવાઈ ગયેલ હતો.

આ પ્રસંગે વિવિધ પરિવારોના લગભગ ૩૫૦ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. જેમાં પુરુષો, મહિલાઓ અને બાળકો પણ ઉપસ્થિત રહેલ હતા.

સૌપ્રથમ બધા એકબીજાને મળીને નૂતન વર્ષાભિનંદન કરેલ હતા અને સૌ વિવિધ ગ્રુપમાં મળીને ગત વર્ષના સંભારણા અને આવતા વર્ષના આયોજનોની ચર્ચા કરતા હતા.

રાતના ૮ વાગ્યા સુધી સમૂહ ભોજનની મિજબાની માણી સૌ આનંદના વાતાવરણમાં છૂટા પડ્યા હતા.

## શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ
## નૂતન વર્ષ સ્નેહ મિલનનો અહેવાલ

શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળનું ૨૯મું નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ તા. ૨૯-૧૦-૨૦૧૯ને મંગળવાર (ભાઈબીજ)ના રોજ શ્રી ઇંદુલાલ યાજ્ઞીક હોલ, ભીડભંજન હનુમાન પાસે, બાપુનગર, અમદાવાદ ખાતે ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં આશરે ૬૫૦ જ્ઞાતિજનો હાજર રહેલ

સવારે ૧૦ વાગે ટીનાબેન ગ્રુપ દ્વારા સ્વાગત ગીત અને પ્રાર્થના થયા બાદ આદરણીય મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ અને કાર્યક્રમની શરૂઆતમાં આ મહેમાનોનું ફૂલહાર દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રમુખ શ્રી વાડીલાલ આર. પંચાલ દ્વારા સંસ્થાની કામગીરી તેમજ સંસ્થાના વિકાસ માટે રજૂઆત કરેલ. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ શિક્ષણને અનુલક્ષીને દર વર્ષની જેમજ નોટબુકોનું વિતરણ તેમજ શિષ્યવૃત્તિનું વિતરણ સમાજ તરફથી કરવામાં આવે છે, જેની સર્વે જ્ઞાતિ બંધુઓને જાણ કરેલ.

ત્યારબાદ સમાજ દ્વારા તૈયાર કરવામાં આવેલ "પરિવાર પરિચય ગ્રંથ - ૨૦૧૯"નું વિમોચન સમાજના મહેમાનો તેમજ ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ આર. પટારીયા તથા શ્રી રામલાલ જે. પરમાર દ્વારા કરવામાં આવેલ અને પ્રથમ ગ્રંથ સમાજના પ્રમુખ શ્રી વાડીલાલ આર. પંચાલને અર્પણ કરવામાં આવેલ કે જે ક્ષણને સર્વે જ્ઞાતિ બંદુઓએ તાળીઓથી વધાવી લીધેલ. ત્યારબાદ આ ગ્રંથનું સર્વે જ્ઞાતિ બંધુઓને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

વિશેષમાં સમાજને પોતાની સમાજવાડી બનાવવા માટે જમીન સંપાદન કરવા સર્વે જ્ઞાતિ બંધુઓને જમીનનો ફાળો આપવા અપીલ કરવામાં આવેલ.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં શિક્ષણના પ્રોત્સાહન માટે સમાજના પાંત્રીસ વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માનપત્ર એનાયત કરાયેલ.

બપોરે ૧૨.૩૦થી ૨ કલાક સુધી સર્વે જ્ઞાતિ બંધુઓએ સમૂહ ભોજન લીધેલ. બપોરે ૨ વાગ્યાથી સમાજના બાળકો દ્વારા

*વ્યક્તિનો પરિચય ભલે તેના ચહેરાથી થાય પરંતુ તેની સંપૂર્ણ ઓળખ તેના વાણી, વિચાર અને કાર્યો થકી જ થઈ શકે છે.*

સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં ગીત-રાસ, મિમિક્રી તેમજ બહેનો દ્વારા ગરબા યોજવામાં આવેલ. જેમાં પ્રોત્સાહનરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેકને સમાજ તરફથી સુંદર ગીફ્ટ આપવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શ્રી પરેશભાઈ પીત્રોડાએ કરેલ. કાર્યક્રમના અંતે મંત્રી શ્રી હસમુખભાઈ એચ. ઉમરાણિયા દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

*રતિલાલ એમ. વાઘેલા - ઉપપ્રમુખ*

## બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત ગુજરાતી ગૌરવ અને ગીરનાર ઍવોર્ડ ૨૦૧૯ જાહેર

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજના ૩૫મા વર્ષ પ્રવેશ પ્રસંગે વર્ષ ૨૦૧૯ના ગુજરાતી ગૌરવ અને ગીરનાર ઍવોર્ડ સમાજના પ્રમુખ હેમરાજ શાહે જાહેર કર્યા છે. ગુજરાતી ગૌરવ ઍવોર્ડ **પૂજ્ય સ્વામી માધવ પ્રિયદાસજી**, લાઈફટાઈમ એચિવમેન્ડ ઍવોર્ડ **પદ્મશ્રી નગીનદાસ સંઘવી**, મેન ઑફ ધ યર ઍવોર્ડ બોમ્બે સ્ટોક એક્સચેન્જના **આશિષકુમાર ચૌહાણ**, ગીરનાર ઍવોર્ડ નોન ગુજરાતી શ્રેણીમાં એબીપી માઝા ચેનલના **રાજીવ ખાંડેકર**, સિને અભિનેતા **સુબોધ ભાવે** અને **સઈ તામ્હણકર**, સવાઈ ગુજરાતી ઍવોર્ડ **મહાવીર પ્રસાદ સરાફ**, એન.આર.આઈ. ગીરનાર ઍવોર્ડ યુ.એસ.એ.ના **નટવર ગાંધી** અને મોઝામ્બિકના **રીઝવાન આડતીયા**, ફિલ્મ અભિનેતા **ટીકુ તલસાણીયા** અને **અરૂણા ઇરાની**, નાટ્ય ઍવોર્ડ અભિનેતા Ë™, ÔÞtË, નૃત્ય ઍવોર્ડ **દક્ષા મશરૂવાલા**, સાહિત્ય ઍવોર્ડ **સી.એ. જવાહર બક્ષી**, સંગીત ઍવોર્ડ **સુરેશ જોશી**, કલા ઍવોર્ડ **દેવાંગ દવે**, રમતગમત ઍવોર્ડ **કુ. શ્વેની નિમેષ ગાલા**, સમાજસેવા ઍવોર્ડ ઘાટકોપરના ગાંધી **ડો. રસિકલાલ પી. ગાંધી**, ફેશન ડિઝાઈનર **કુ. બબુશા શાહ**, ઉદ્યોગ ઍવોર્ડ પ્રદીપકુમાર ફર્માના **પ્રદીપકુમાર રમણલાલ શાહ** અને પદ્માવતી બેન્કવેટના **મિતેશ મોરારજી પલણ**નો સમાવેશ થાય છે. ત્રણ નામ વેપાર-ઉદ્યોગ ઍવોર્ડના પાછળથી જણાવવામાં આવશે.

આ કાર્યક્રમ આમંત્રિતો માટે શનિવાર, તા. ૨૩-૧૧-૨૦૧૯ના રોજ સાંજે ૬થી ૧૦ દરમિયાન યોગી સભાગૃહ, દાદર ખાતે યોજાશે. કાર્યક્રમનું સંચાલન કવિ મુકેશ જોશી કરશે. પસંદગી સમિતિમાં હેમરાજ શાહ (કન્વીનર), ભરત ઘેલાણી (ચિત્રલેખા), પ્રા. દીપક મહેતા (સાહિત્ય), પ્રવીણ સોલંકી (નાટ્ય), લલીત શાહ (ભવન્સ), તરૂબેન કજરીયા (પત્રકાર), વેલજી બોરીચા અને બીપીન નાગડા (વ્યાપાર - ઉદ્યોગ) એ કામગીરી બજાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં રંગકસુંબલ ડાયરામાં ચેતન ગઢવી અને સાથી કલાકારો ભાગ લેશે. કાર્યક્રમમાં સમાજ આયોજિત 'મહાત્મા ગાંધી ૧૫૦ : ગાંધીજીના વિચારો અને આદર્શો આજે કેટલા ઉપયોગી?' નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઇનામો અપાશે એમ પણ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ઉમા યોગ કેન્દ્ર - ભુજ
## એક સુબહ સિરેબલ પાલ્સી બચ્ચોં કે નામ

"લાયન્સ ક્લબ સાઈટ ફર્સ્ટ" સંચાલિત સિરેબલ પાલ્સી સેન્ટર ચલાવવામાં આવે છે. ફિઝિયોથેરાપીસ્ટ ધર્મેન્દ્રભાઈ જાડેજા અને તેમના ધર્મપત્ની રમીલાબેનના નેજા હેઠળ તમામ બાળકોને સ્પેશિયલ ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા કસરત, માર્ગદર્શન, ટ્રીટમેન્ટ તેમજ વાલીઓ સાથે સમજણપૂર્વકની બેઠક કરવામાં આવે છે.

પ્રોજેક્ટ ચેરપર્સન ભાવના અશોક ઝવેરીના નેજા હેઠળ — ઉમા યોગ કેન્દ્ર દ્વારા સિરેબલ પાલ્સીના બાળકો - પેરેન્ટ્સ સાથે પિકનિકનું આયોજન ઇંદીરાબાઈ પાર્ક ખાતે સવારના ભાગમાં કરવામાં આવેલ. આ પિકનિકમાં ૩૦થી ૩૫ બાળકો પોતાના વાલીઓ સાથે આવેલ હતા. આ બાળકોનું મંદ સ્મિત, આંખનું તેજ અને ઉત્સાહ જોઈને થયું કે આ જ સાચી પ્રભુની સેવા છે. ઉમા યોગ કેન્દ્રના મધુબેન શાહ તરફથી રૂા. ૨૫૦૦/-નું અનુદાન તથા તેમના દોહિત્ર વંશ - પાયલ સંજય ઝોટાનો જન્મ દિવસ હોતા સીપી બાળકોના હસ્તે કેક કટીંગ કરાવી... દાદા ચંદુભાઈ ઝોટાએ પૌત્રના જન્મદિનની ખુશીમાં બધા બાળકોને આશિર્વાદ - શુભેચ્છા સાથે ૧૦૦ રૂા. પ્રત્યેકને ભેટ આપ્યા. કુંજબેન શાહના શુભ અવસરે તેમને રૂા. ૨૧૦૦/-નું અનુદાન આવેલ. ઉમાયોગ કેન્દ્રના બધા જ ભાઈઓ-બહેનોના સહયોગથી આ પિકનિકમાં દરેક બાળકને લંચ બોક્સ - મિલ્ક મગ ગીફ્ટ આપવામાં આવ્યા. બધા માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.

આ સમયે ખાસ ઉપસ્થિતિ માધવીબેન દવેની હતી. જેઓએ સ્પે સીપી બી.એડ. કરેલ છે. મેન્ટલી રીટાર્ડેડ બાળકોના સ્પે. ટીચર છે. ગવર્નમેન્ટ જોબ કરે છે. આજના દિવસે ખાસ પેરેન્ટીંગ કાઉન્સેલિંગ માટે તેમને આમંત્રણ આપેલ. આવેલ બધા વાલીને બાળક સાથે કેવી રીતે વ્યવહાર કરવો, વાતચીત, ઇશારાની વાત, તેમની સાચવણી — બધા ટોપીક વિશે વિસ્તૃત છણાવટ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ.

પિકનિકના પ્રોજેક્ટનું સંચાલન ધર્મેન્દ્રભાઈ જાડેજા અને ભાવનાબેન ઝવેરીએ સંભાળેલ. રમીલાબેન જાડેજાએ અનુદાન સ્વીકારતાં યોગગુરૂ કમલકાંતભાઈનો આભાર માનેલ. આ પ્રોજેક્ટને સફળ બનાવવા જીજ્ઞા, જેલમ, મનીષા, ભાવનાબેન માંકડ, નીતિબેન, માયા, પ્રકાશભાઈ, બકુલભાઈ, દીપ્તિબેન, કપીલાબેન તેમજ અન્ય સદસ્યોનો સાથ સહકાર સાંપડેલ હતો. આ કાર્યક્રમના સમાપનમાં આભારવિધિ ભાવનાબેન ઝવેરીએ કરેલ.

*સારી દુનિયા સંસ્કારથી જીતી શકાય છે પરંતુ અહંકારથી તો જીતેલું પણ હારી જવાય છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ● વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ ●

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૯ના રોજ સંસ્થાના કાર્યાલય ખાતે મળેલ હતી કે જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. માનદ્ મંત્રીશ્રીએ ગત વર્ષની કાર્યવાહીનો અહેવાલ રજૂ કરેલ હતો અને અપીલ કરેલ હતી કે અત્યારે જે પ્રમાણે સભ્યો સમાજની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેનાથી પણ વધુ હિસ્સે ભાગ લે તેવું કરવું હોય તો કાર્યકરોએ સતત નવા નવા કાર્યક્રમો આપી સમાજને જીવંત અને ધમધમતું રાખવા અથાગ પ્રયાસો કરવા પડશે.

૨. વર્ષ ૨૦૧૮-૧૯ના ઑડિટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતા.

૩. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે સી.એ. એન.કે. કાપડિયા એન્ડ કંું.ની ઑડિટર તરીકે વરણી કરવામાં આવેલ હતી.

૪. ઈન્કમટેક્ષ વિભાગ તરફથી આવેલ સ્ક્રુટીનીનો જવાબ આપવા માટે જરૂરિયાતની વિગતો ખજાનચીશ્રી પાસેથી મેળવી નવા ઓડિટરશ્રી એ કાર્યવાહી આગળ ચલાવે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

૫. દાતા સભ્ય ગ્રુપમાંથી આવતા ૩ વર્ષ માટે શ્રી કુણાલ નરેન્દ્ર શાહની; માનદ્ સભ્યના ગ્રુપમાંથી શ્રી હરીશભાઈ રંગવાલા તથા શ્રી જગદીશભાઈ ઠક્કરની તથા આજીવન સભ્યના ગ્રુપમાંથી શ્રી હિમાંશુભાઈ ઠક્કરની તથા શ્રી મનુભાઈ કોટડિયાની ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

૬. કાર્યવાહક સમિતિના નિવૃત્ત થતા સભ્યોની જગ્યાએ આવતા ૩ વર્ષ માટે (૧) શ્રીમતી રેખાબેન વિનોદભાઈ પટેલ, (૨) શ્રીમતી શીલ્પિબેન પ્રકાશભાઈ શાહ, (૩) શ્રી દીપકભાઈ નાનાલાલ ચૌહાણ, (૪) શ્રી ચીમનભાઈ વલમજી પલણ તથા (૫) શ્રી હરસુખભાઈ વિશ્રામભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

૭. અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોની ક્રિકેટ ટીમો વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું અને ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિના કન્વીનર તરીકે શ્રી હિમાંશુભાઈ ઠક્કરની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

૮. અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પરિવારો તથા કચ્છ સાથે જોડાયેલા હોય તેવા પરિવારો એકબીજાની નજદીક આવે તે માટે વારંવાર મનોરંજન કાર્યક્રમો યોજવાનું અને તેના માટે ''કચ્છી મિલન'' નામની એક સંસ્થા અલગથી સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ સંસ્થા સભ્યો પાસેથી વાર્ષિક ફી ની રકમ ઉઘરાવી શરૂઆતમાં ૭૦૦થી ૧૦૦૦ જેટલા સભ્યો બનાવે અને સમય જતા એ સંખ્યામાં પણ સારો એવો વધારો કરવામાં આવે. તદુપરાંત વર્ષમાં મનોરંજન, સંગીત, નાટ્ય, પ્રવાસ કે એવા પ્રકારના ૪થી ૬ કાર્યક્રમો આપે અને કચ્છ સાથે જોડાયેલ હોય તેવા દરેક પરિવારો વચ્ચે વધુને વધુ ભાતૃભાવના કેળવાય તે ઉદ્દેશ સાથે આ સંસ્થા કાર્યરત રહે તે પ્રકારની વિચારણા કરી આ સંસ્થાની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવેલ હતું અને તે સંસ્થાના બંધારણ, પાન કાર્ડ, બેંકમાં ખાતું ખોલાવવું તેમજ તે અંગેની કોર ટીમ બનાવવાની જવાબદારી શ્રી હિમાંશુભાઈ ઠક્કરને સુપ્રત કરવામાં આવેલ હતી.

કાર્યવાહી પૂર્ણ થયા બાદ આ સભામાં ઉપસ્થિત સૌ સભ્યો વિખરાયા હતા.

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**

*લોકપ્રિયતા આમંત્રણ વિના આવે છે અને પરવાનગી વિના જાય છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### ● વિદ્યાર્થી દત્તક યોજના ●

વર્ષ ૨૦૧૯-૨૦માં વિદ્યાર્થી દત્તક યોજના સામે ૫ વિદ્યાર્થીઓની અરજી પ્રાપ્ત થયેલ છે.

વિદ્યાર્થી દત્તકની આ યોજના સામે નીચે પ્રમાણેના મહાનુભાવોના રૂા. ૨૧,૦૦૦/- વિદ્યાર્થી દીઠના હિસાબે ૫ વિદ્યાર્થી માટે રૂા. ૧,૦૫,૦૦૦/- ડોનેશન્સ પ્રાપ્ત થયેલ છે.

| | | | |
|---|---|---|---|
| ★ | ૩ વિદ્યાર્થી માટે દીપ ફાઉન્ડેશન - અમદાવાદ દ્વારા | રૂા. | ૬૩,૦૦૦/- |
| ★ | ૧ વિદ્યાર્થી માટે શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી — પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ દ્વારા | રૂા. | ૨૧,૦૦૦/- |
| ★ | ૧ વિદ્યાર્થી માટે માતુશ્રી મુક્તાબેન બાબુભાઈ સાવલા - મુંબઈ દ્વારા | રૂા. | ૨૧,૦૦૦/- |
| | **કુલ...** | **રૂા.** | **૧,૦૫,૦૦૦/-** |

ઉપરોક્ત વિદ્યાર્થી દત્તક યોજના દ્વારા અત્યાર સુધી બધા જ પાંચ વિદ્યાર્થીઓને ચેકો અપાઈ ગયેલ છે.

**કન્વીનર**
**વિદ્યાર્થી દત્તક યોજના સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

### ઓક્ટોબર - ૨૦૧૯

**★ શુક્રવાર, તા. ૪-૧૦-૨૦૧૯**

- કચ્છશ્રુતિ, ઓક્ટોબર-૨૦૧૯ના દીપોત્સવી અંક માટે ૧૫ જેટલા શુભેચ્છકોની વિગત નક્કી કરી, તે પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવી.

**★ શનિવાર, તા. ૫-૧૦-૨૦૧૯**

- કચ્છશ્રુતિ, ઓક્ટોબર-૨૦૧૯ માટે તંત્રી લેખ, દૈનિક સમાચાર, અવસાન નોંધ, અન્ય સંસ્થાઓના સમાચાર વગેરે તૈયાર કરી પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવ્યા.

**★ રવિવાર, તા. ૬-૧૦-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી લગભગ ૮૦ સંસ્થાનો પાસેથી મેળવવાની બાકી રહે છે. તેમાંથી લગભગ ૩૦ સંસ્થાનોના ઉઘરાણીના પત્રો તૈયાર કર્યા. આ કામ આગળ ચાલુ છે.

**★ મંગળવાર, તા. ૮-૧૦-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઉઘરાણીના પત્રો તૈયાર કરવાનું કામ પૂરૂં થયું. ટાઈપ કરાવીને તેને ડિસ્પેચ કરાવવાનું કામ ચાલુ છે.

**★ શનિવાર, તા. ૧૨-૧૦-૨૦૧૯**

- શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદના ગરબા કાર્યક્રમમાં તેમના આમંત્રણના અનુસંધાને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અનેક સભ્યો બાગબાન પાર્ટી પ્લોટ ખાતે ઉપસ્થિત રહેલ હતા.

**★ રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૯**

- આજરોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર ખાતે મળેલ હતી. નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.
  - ■ મંત્રીશ્રીએ ગત વર્ષના કાર્યક્રમનો વિગતવાર અહેવાલ આપેલ હતો.
  - ■ ગત વર્ષના ઓડિટેડ હિસાબો મંજૂર કરવામાં આવેલ હતા.

*સંતુષ્ટ મન દુનિયાની સૌથી મોટી દોલત છે.*

- વર્ષ ૨૦૧૯-૨૦ માટે મેસર્સ એન.કે. કાપડિયા એન્ડ કું.ની ઑડિટર તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી.
- ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ટ્રસ્ટીશ્રીઓના સ્થાને ફરીથી તેઓશ્રીની જ વરણી કરવામાં આવેલ હતી.
- કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૫ કારોબારી સમિતિના સભ્યો સામે ૫ સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.
- ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિના કન્વીનરશ્રીની વરણી કરવામાં આવેલ હતી.
- કચ્છી મિલનની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ હતું અને તેની સંપૂર્ણ જવાબદારી શ્રી હિમાંશુભાઈ ઠક્કરને સુપ્રત કરવામાં આવેલ હતી.

★ **સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૧૯**

- રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૯ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સ એ સભામાં ઉપસ્થિત રહેલ સભ્યને, ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના બધા સભ્યો તથા અન્યોને PDF ફાઈલ બનાવી વૉટ્સઍપ દ્વારા મોકલી આપવામાં આવેલ હતી.
- દીપ ફાઉન્ડેશનનો વિદ્યાર્થી દત્તક યોજનાના ૩ વિદ્યાર્થી માટે રૂા. ૬૩,૦૦૦/-નો ચેક આજે પ્રાપ્ત થયેલ હતો.
- શ્રી પ્રતીક હસમુખ મહેતા, શ્રી કૌશિકભાઈ ઠક્કર વગેરેના કચ્છશ્રુતિ જાહેરાતના પેમેન્ટ આવેલ હતા.

★ **મંગળવાર, તા. ૧૫-૧૦-૨૦૧૯**

- શ્રી મેઘજીભાઈ પટેલ — પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના વિદ્યાર્થી દત્તક યોજનાના એક વિદ્યાર્થીના રૂા. ૨૧,૦૦૦/-નો ચેક તથા કચ્છશ્રુતિ જાહેરાતના ચેક આજરોજ પ્રાપ્ત થયેલ હતા.

★ **શુક્રવાર, તા. ૧૮-૧૦-૨૦૧૯**

- શ્રી દિગંત ગોપાલજી શાહ તથા શ્રી દામજીભાઈ નીસરના કચ્છશ્રુતિ જાહેરાતના પેમેન્ટ આવી ગયા.

★ **બુધવાર, તા. ૨૩-૧૦-૨૦૧૯**

- વિદ્યાર્થી દત્તક યોજનાના ૩ વિદ્યાર્થીઓને આજે દરેકને રૂા. ૨૧,૦૦૦/-ના હિસાબે ત્રણ ચેક રૂબરૂમાં જે-તે વિદ્યાર્થી તથા તેના પેરેન્ટ્સને બોલાવીને આપવામાં આવ્યા.

★ **શુક્રવાર, તા. ૨૫-૧૦-૨૦૧૯**

- માતુશ્રી મુક્તાબેન બાબુભાઈ સાવલા - મુંબઈનો એક વિદ્યાર્થીની દત્તક યોજનાના રૂા. ૨૧,૦૦૦/- ચેક આજરોજ પ્રાપ્ત થયેલ છે.
- કચ્છશ્રુતિ જાહેરાતના શ્રી દક્ષેશભાઈ સંઘવી, શ્રી વિનીતભાઈ મજીઠિયા વગેરેના ચેકો પ્રાપ્ત થયેલ છે.

★ **રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૯**

- આજરોજ રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૯થી રવિવાર, તા. ૩-૧૧-૨૦૧૯ સુધી દીપોત્સવી તહેવાર નિમિત્તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ બંધ રાખવામાં આવેલ છે.

## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૮-૧૦-૨૦૧૯**
  માતુશ્રી રાજેશબેન મનુભાઈ (મનસુખલાલ) વોરા (અંજાર - અમદાવાદ)નું દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૧૬-૧૦-૨૦૧૯**
  રતનબેન લખમશી મોતા (ઉં.વ.-૭૪)નું દુઃખદ અવસાન થયેલ છે.

*સદગતશ્રીઓના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના.*


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** | **જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm • **કલર** : મલ્ટી કલર

- કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
- કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
- અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)

# છેલ્લા એક મહિનામાં પ્રકાશિત વિવિધ વિષયનાં તદ્દન નવાં પુસ્તકો

**પ્રણામ, પપ્પા !**
સંપા. બિંદુ ત્રિવેદી, હરિયી ઠાકર ❑ ₹ 550
વિવિધ ક્ષેત્રની વિભૂતિઓના જીવનઘડતરમાં તેમના પપ્પાની ભૂમિકા વ્યક્ત કરતા લેખો.

**મહાત્મા ગાંધીનો પુનર્જન્મ**
સંપા. રોહિત શાહ ❑ ₹ 180
મહાત્મા ગાંધી આજની કેટલીક સમસ્યાઓ બાબતે શું કરત – એ સમજવાનો પુરુષાર્થ.

**ત્રણ અઠવાડિયાં અમેરિકામાં....**
લે. રતિલાલ બોરીસાગર ❑ ₹ 250
હળવી શૈલીમાં અમેરિકાના પ્રવાસનાં સંસ્મરણો.

**કાશ્મીરનો ટૂંકો ઇતિહાસ**
લે. સ્વામી સચ્ચિદાનંદ ❑ ₹ 130
મૂળમાં આ હિન્દુ રજવાડું કઈ રીતે મુસ્લિમ શાસકોના હાથમાં ગયું તેની ઐતિહાસિક વિગતો.


**'જોગાનુજોગ' ❑ 'જીવાદોરી'**
લે. સમિત (પૂર્વેશ) શ્રોફ ❑ ₹ 225 (દરેકના)
એક સામાજિક લઘુ નવલકથાઓનું પુસ્તક છે, બીજું રહસ્ય લઘુનવલકથાઓનું પુસ્તક છે.


**માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે...**
લે. અનિલ ચૌહાણ ❑ ₹ 225
સામાજિક અને સંવેદનશીલ વાર્તાઓનો સંગ્રહ.


**કેસર અને કસ્તૂરી ❑**
**કેસર અને કુમકુમ ❑ કેસરક્યારી**
લે. કુમારપાળ દેસાઈ ❑ ₹ 120 (દરેકના)
વિશ્વવિભૂતિઓના જીવનપ્રસંગો.

**સોનપરી આવી ખરી !**
લે. નટવર હેડાઉ ❑ ₹ 180
પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોનો પરિચય કરાવતી 39 મોજભરી બાળ કિશોરકથાઓ.










**ઝમણ**
લે. અનિલ વાઘેલા ❑ ₹ 150
સંસ્મરણો

**વિકીબાબા એન્ડ કંપની**
લે. મનહર ઓઝા ❑ ₹ 200
રસ-રહસ્ય છલોછલ નવલકથા.

**હું, શાણી ને શકરાભાઈ**
લે. મધુસૂદન પારેખ ❑ ₹ 200
નર્યું નિર્મળ અને નીતર્યું હાસ્યસાહિત્ય.

**અવનવી પ્રાણીકથાઓ**
લે. અરુણિકા મનોજ દરૂ ❑ ₹ 120
બાળકો માટે 14 પ્રાણીકથાઓ સંગ્રહ.

**બાલસુલભ વાર્તાઓ**
લે. કાલિન્દી પરીખ ❑ ₹ 70
પંદર બાળકથાઓ.

**૧૫૦ વાતો ગાંધીજીની**
લે. યશવંત મહેતા ❑ ₹ 125
ગાંધીજીના 150મા જન્મોત્સવ પ્રસંગે 150 પ્રસંગો.

**પરોઢના પ્રકાશરૂપ મહિલાઓ**
લે. યશવંત મહેતા ❑ ₹ 110
પંદર વિશિષ્ટ મહિલાઓનાં જીવનચરિત્રો.

**તમે કવિતા છો**
કવિ : ભરત વિંઝુડા ❑ ₹ 160
એકસોથી વધુ ગઝલો.

**ચતુરનો ચોતરો**
લે. ઉષા શિલીન શુક્લ ❑ ₹ 140
જ્ઞાન-ગમ્મતની બાળકો માટે ક્વીઝ રમતો.

**ચળવળ નામે નાટક**
લે. ભરત દવે ❑ ₹ 450
રંગભૂમિ જગતનું માહિતીસભર પુસ્તક.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફૂલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઇનોલોજી
- ઇકોમેટ્રી
- ફેમિલી મેડિસીન
- ફીઝીકલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઇ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઇવીએફ ક્લિનીક
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- ર્હ્યુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓર્ટિક વાલ્વ ઇમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઇમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | ACC | Green OT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org


એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઇમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS**
CAGES

**STEEL**
CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE**
CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED**
COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

ધી ભુજ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL


બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

RADHA VALLABH GROUP

Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

Chamanbhai : M. 99250 70719
Nileshbhai : M. 98250 70719
Amitkumar : M. 98790 24849
Hirenkumar : M. 98799 97777



DEEP Industries Limited
Oil & Gas Exploration Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821

RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO





SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Patel Tours & Travels®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY
E-mail : patelinn@yahoo.com
Online Booking: www.ptttbus.in

BUILDERS WE PRESENT
SUN
SAVVY
SHILP
shivalik
& Many More...

BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axion, Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058.
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

PRIME PROPERTY
- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)